بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)


**તા. ૦૧-ઓક્ટોબર-૨૦૧૫**

ઝીલ હજ્જ-મુહર્રમુલ હરામ
હિજરી સન : ૧૪૩૬/૧૪૩૭

વર્ષ : ૧૨, અંક : ૧૦, સળંગ અંક : ૧૪૨

સ્થાપક અને પ્રકાશક
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું
બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**


| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | નેક લોકોની સોહબતનું ઈનામ | 02 |
| 02 | **ફૂલછાબ દૈનિક પત્રના ચિત્તભ્રમ લેખકની બકવાસનો રદિયો** | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 08 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 11 |
| 05 | હદાઈકે બખ્શિશ | 13 |
| 06 | અસ્માઉલ હુસ્ના | 16 |
| 07 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 18 |
| 08 | કાનૂને શરીઅત | 21 |
| 09 | ગલતફહમી તથા તેની સુધારણા | 26 |
| 10 | ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ | 28 |
| 11 | સુખ શાંતિમય સમાજ રચનામાં ચિશ્તી બુઝુર્ગોનો.. | 33 |
| 12 | એહલે હદીષને ૧૦ લાજવાબ કરી આપતા સવાલો | 38 |
| 13 | હઝરત અલીની મહોબ્બતની આડમાં શીઆઓની છુપાયેલી બદ્અકીદગીની ઝલક ! | 40 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 46 |


## નગમતે રસૂલે મક્બૂલ



અઝ : ગુલઝાર અહમદ નૂરી રઝવી (જૂનાગઢ)

લબ પે ઝિક્રે શહે અંબિયા ચાહીએ
હાથમેં દામને મુસ્તફા ચાહીએ
કન્ઝુલ ઈમાં સમઝના હો અય નજદીઓ
દિલ મેં ઈશ્કે હબીબે ખુદા ચાહીએ
બદ્અકીદોં કી તહરીર સે કયા ગરઝ
અહલે સુન્નત કો અહમદ રઝા ચાહીએ
ઝિક્રે સરકાર સે જો ભી નફરત કરે
નારે દોઝખ કી ઈસકો સઝા ચાહીએ
જિસકે હાથોમેં દામન ન હો આપકા
ઈસકો દેવબંદ હી કી ફઝા ચાહીએ
ઈશ્ક સરકાર કા દિલમેં બસા કર કે તુમ
ખાર સે ફૂલ હો ઔર કયા ચાહીએ
દિલ કી ધળકન બળ્હી ઈશ્કે સરકારમેં
મુઝકો તયબહ કી ઠંડી હવા ચાહીએ
નઅત **'ગુલઝાર'** સરકાર કી હમેશા લિખે
રોઝે મહશરમેં ઈસકી જઝા ચાહીએ

# નેક લોકોની સોહબતનું ❁ ઈનામ ❁

માનનીય વાંચકો ! પાછલા અંકમાં આપ પયગામ વાંચી ચૂક્યા કે માનવ શરીરના બગાડનું મૂળ કારણ દિલનો બગાડ છે. જો દિલ સંવરી ગયું તો પૂરુ વજૂદ સમરી જશે. જો તમો અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ના પવિત્ર જીવનનું નિરીક્ષણ કરશો તો જાણવા મળશે કે તેમના આગમનનો હેતુ પોતાની ઉમ્મતોની તા'લીમની સાથોસાથ તેમના દિલની સફાઈ પણ કરવાનો હતો. ખુદ રસૂલે ગિરામી વક઼ાર ﷺના હવાલાથી કુર્આન મજીદમાં અલ્લાહ ﷻએ ઈર્શાદ ફર્માવ્યો : "આપ લોકોનો તઝકિયો (દિલની સફાઈ) કરો છો." રસૂલે ગિરામી વક઼ાર ﷺએ દિલોનો ઈલાજ કર્યો, દિલોને સાફ સુથરાં કર્યાં, અને તબેઅ તાબઈન رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن એ એ કામો અંજામ આપ્યાં અને આજ સુધી સૂફિયાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعین એ એ જ કામ અંજામ આપતા આવી રહ્યા છે.

વર્તમાનકાળમાં કદાચ જ કોઈ તબક઼ો એવો હોય જેનું દિલ બગડેલુ ન હોય, પરંતુ જો એના ઈલાજના માટે તબીબ તલાશ કરવામાં આવે તો બહુ થોડા જોવા મળશે. ઈસ્લામી સમાજમાં દિલનો તબીબ કોને માનવામાં આવે ? ઉલમા તથા મશાઈખને ? ઈલ્લા માશાઅલ્લાહ ! કદાચ જ ક્યાંક કોઈ નિષ્ણાત તબીબ મળી શકે ! એટલા માટે કે દિલની બીમારી દુનિયાની મહોબ્બત છે. તાજદારે કાઈનાત ﷺએ સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن ના દિલોએથી એને કાઢી અને તેમને દુનિયા કરતાં આખેરતને અગ્રતા આપવાની તા'લીમ આપી, અને પોતાના કિરદાર તથા અમલ વડે પણ દુનિયાથી નિઃઆકર્ષણ પેશ કર્યું. એ જ કારણે સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن પણ ક઼ાનૂને ઈલાહી તથા ક઼ાનૂને રસૂલ ﷺના પાબંદ હતા. એમના પર આખેરતની ફિક઼રનું એટલુ દબાણ હતું કે તેઓ હર પલ એમાં જકડાયેલા રહેતા હતા, બલ્કે એમની નજીક થનારો પણ આખેરતની ફિકરમાં ડૂબેલો રહેતો. એટલા માટે નબીએ કરીમ ﷺએ પોતાના સહાબાઓની પયરવીને હિદાયતનો ઝરીયો ઠરાવ્યો. ફર્માવ્યું :– "મારા સહાબા તારાઓની જેમ છે તમો એમનામાંથી જેમની પયરવી (અનુસરણ) કરી લેશો હિદાયતવાળા થઈ જશો."

અફસોસ કે આજે સ્થિતિ તદ્દન ઉલ્ટી છે. આપણા તબીબ સમજવામાં આવતા ઈલાજ કરનારાની પાસે ગયા પછી આખેરતની ફિકરનો જઝબો આપણને નથી મળવા પામતો. ઈલ્લા માશાઅલ્લાહ ! એવું નથી કે આજે નિષ્ણાત તબીબો નથી, છે અને જરૂર છે ! પણ જરૂરત છે એમને તલાશ કરવાની અને એમની સોહબતથી ફાયદો ઉઠાવવાની. એ જ લોકો પાસે બીમાર દિલનો ઈલાજ છે કે એમની સોહબતમાં બેસીને દુનિયા તથા આખેરતની કામયાબીના સંબંધી જઝબો પેદા થાય છે અને તેમની સોહબતથી હક઼ તથા બાતિલ અને સહીહ તથા ગલતના વચ્ચે ફરક પેદા થાય છે, ગુનાહોથી નફરત પેદા થાય છે અને આપણા ક઼દમો નેક અમલોની તરફ વધવા લાગે છે. બીમાર દિલના માટે એક ખાસ ઈલાજ નબીએ રહમત ﷺએ ખાસ દર્શાવ્યો છે. સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن એ પૂછયું કે યા રસૂલલ્લાહ ! ﷺ દિલ કાટવાળુ થઈ જાય તો એનો ઈલાજ શું છે ? આક઼ાએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, અધિક પ્રમાણમાં કુર્આનની તિલાવત અને મૌતનું ઝિક્ર. બીમાર દિલના માટે આ બે ચીજો દવાની હૈસિયત ધરાવે છે. શું આજના બીમાર બલ્કે ઈલાજ કરનારા પણ આ દવાનો ઉપયોગ કરે છે અને એનાથી ફાયદો ઉઠાવે છે ? આપ આપના માથાની આંખો વડે વાસ્તવિક સ્થિતિને જોઈ શકો છો અને પરિણામ તારવી શકો છો.

આવો ! આપણે સૌ પોત પોતાના બીમાર દિલનો ઈલાજ કરીએ અને આપણા વજૂદને જહન્નમની આગથી બચાવીએ. કુર્આને કરીમની અધિક રીતે તિલાવત કરીએ અને મૌતને અધિકત્તર યાદ કરીએ. અને આ જઝબાને જીવંત રાખવાના માટે નેક લોકોની સોહબત અપનાવીએ. યક઼ીનન ! આપણુ દિલ સેહતમંદ (તંદુરસ્ત) રહેશે અને જ્યારે આપણુ દિલ સેહતમંદ હશે તો આપણુ પૂરું વજૂદ નેકીઓથી સુગંધીદાર રહેશે, ઈન્શાઅલ્લાહ ! અલ્લાહ તઆલા આપણને સૌને સાલેહીનની સોહબતથી ફાયદો ઉઠાવવાના મોક઼ાઓ અતા ફર્માવે અને તેમના પવિત્ર જીવનને દીવાદાંડી બનાવવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

# ફૂલછાબ દૈનિક પત્રના ચિત્તભ્રમ લેખકની બકવાસનો રદિયો

**તંત્રી લેખ**

કેટલાક અક્કલ સાથે અદાવત રાખનારાઓએ એને જ પોતાના ધર્મનો પાયો સમજી લીધો છે કે મુસલમાન તથા ઈસ્લામના વિશે પાયા વિનાની તથા ઉશ્કેરણીજનક મનઘડત વાતો આંખો મીચીને જાહેર કરીને દેશની હરીમળીને શાંતિથી જીવતી પ્રજાને નકામા વિવાદો તથા લડાઈ ઝઘડાઓમાં પરોવી એકતાના માહોલને ડહોળીને અશાંતિ ખડી કરવી. લોક ભલાઈ માટે અનેક વાતો તથા આદેશો દરેક ધર્મમાં હોય છે જે માનવોને બુરાઈઓના માર્ગો દારૂ, જૂગાર, વ્યભિચાર, વ્યાજખોરી, સ્ત્રીઓ તથા કમજોરોનું શોષણ, જુલ્મ, ખૂનરેજી, માબાપની સતામણી, ઊંચનીચનો ભેદભાવ વગેરેને ત્યજીને ભલાઈનાં કામો કરવાના આદેશો આપે છે અને માનવ જાતના ભલાની તાકીદ કરે છે, પણ એ સૌને અવગણીને કેટલાક વિઘ્ન સંતોષી તત્વો અન્ય ધર્મવાળાઓ પર ગલત આક્ષેપો તથા ધર્મ વિશે તથા જાતિ વિશે બનાવટી વાતો તથા અભદ્ર શબ્દો વાપરીને સમાજના જનજીવનને અશાંત બનાવવામાં વિકૃત આનંદ અનુભવતા હોય છે. એમાંની જ એક વ્યક્તિ એ ફૂલછાબના લેખક હેમેન ભટ્ટ છે જેમણે તા. ૨૮–૮–૨૦૧૫ના એ દૈનિક પત્રમાં પોતાના તરંગી તુક્કાઓ વડે મક્કા શરીફમાં આવેલ પવિત્ર કા'બા શરીફને ''મક્કેશ્વર મહાદેવ'' કહીને ગલત સલત વાતો લખીને તેમજ ઈસ્લામના મહાન પયગંબર તથા તેમના મહાન સહાબીઓ (સાથીઓ) વિશે અપમાનજનક ભાષામાં ગલત આક્ષેપબાજી કરીને પોતાના દિલની કાળાશને પ્રદર્શિત કરી છે. અમો એ વાતોને સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ અને આવા અધકચરા, સમાજની શાંતિને ડહોળનારા લેખકો પર ગવર્નમેન્ટ કાયદેસર કાર્યવાહી કરે એવી માગ કરીએ છીએ.

**મક્કામાં મક્કેશ્વર મહાદેવ કોઈ ચીજ નથી ! આ રહ્યો પવિત્ર કા'બા શરીફનો ઈતિહાસ !**

હઝરત આદમ علیہ السلام તથા હઝરત હવ્વા દુનિયામાં તશરીફ લાવ્યાં તો રબ તઆલાના હુકમથી હઝરત આદમ علیہ السلامએ પ્રથમવાર કા'બા શરીફનું બાંધકામ કર્યું, ન ત્યાં કોઈ મૂર્તિપૂજક હતો અને ન મૂર્તિઓનું કોઈ અસ્તિત્વ હતું. અલ્લામા બદરુદીન અયની લખે છે :–

ઈમામ બયહકીએ દલાઈલુન્નબુવ્વતમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે અલ્લાહ عزوجلએ ફરિશ્તાઓના સરદાર જિબ્રઈલ علیہ السلامને હઝરત આદમ علیہ السلام તથા હઝરત હવ્વા رضی اللہ عنہاની પાસે મોકલ્યા અને તેમને ફર્માવ્યું કે મારા માટે એક ઘર બનાવો. જિબ્રઈલ علیہ السلامએ એમના માટે નિશાન નાખ્યાં. હઝરત આદમ જમીન ખોદતા હતા અને હવ્વા માટી કાઢતાં હતાં. તેમણે એટલો ઊંડો પાયો ખોદયો કે જમીનની નીચેથી પાણી નીકળી આવ્યું. પછી એ નિદા (પોકાર) કરવામાં આવી કે, હે આદમ ! આ પૂરતુ છે. જ્યારે હઝરત આદમે એ બયત (કા'બા) બનાવી લીધું તો અલ્લાહ તઆલાએ તેમની તરફ વહી કરી, એની આસપાસ

તવાફ કરે. અને એમને કહેવામાં આવ્યું કે આપ પ્રથમ માનવી છો અને આ પહેલું ઘર છે. પછી સદીઓ ગુજરતી ગઈ ત્યાં સુધી કે હઝરત નૂહ عليه السلام એ એનો હજ્જ કર્યો.

કિતાબુત્તીહાનમાં લખ્યું છે કે જ્યારે હઝરત નૂહ عليه السلام ની કૌમ ગુમરાહ થઈ ગઈ અને તેમણે કા'બાને તોડી પાડયો તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, હવે તમે એમની તબાહીની રાહ જુઓ ત્યાં સુધી કે ભઠ્ઠી જોશ મારવા લાગે. અઝરકીએ પોતાની કિતાબમાં લખ્યું છે કે જ્યારે હઝરત ઈબ્રાહીમ عليه السلام એ કા'બાને બનાવ્યો તો ઊંચાઈમાં એની લંબાઈ નવ હાથ હતી. જમીનમાં એની લંબાઈ ત્રીસ હાથ અને પહોળાઈ બાવીસ હાથ હતી અને એની ઉપર છત ન હતી. અને જ્યારે કુરૈશે એને બનાવ્યું તો ઊંચાઈમાં એની લંબાઈ ૧૮ હાથ રાખી અને જમીનમાં એની લંબાઈને છ હાથ અને એક વેંત ઓછી કરી આપી અને હતીમની જગા છોડી આપી. અને જ્યારે હઝરત ઝુબૈરે એને બનાવ્યું તો ઊંચાઈમાં એની લંબાઈ ૨૦ હાથ રાખી અને જ્યારે હજ્જાજે એને તોડીને બનાવ્યો તો એમાં ફેરફાર ન કર્યો અને આજ સુધી એ પ્રમાણે બનેલ છે.

જુરહમના દિવસોમાં કા'બાને એક કે બે વાર બનાવવામાં આવ્યો કેમ કે રેલના કારણે કા'બાની એક દીવાલ પડી ગઈ હતી. અને એક કૌલ એ છે કે એને બનાવવામાં ન આવ્યો હતો કેવળ એની મરમ્મત જ કરવામાં આવી હતી. હઝરત અલી رضي الله عنه થી રિવાયત થયેલ છે કે જ્યારે હઝરત ઈબ્રાહીમ عليه السلام એ કા'બા બનાવ્યો અને ઘણો જમાનો પસાર થઈ ગયો તો જર્જરીત થઈને પડી ગયો પછી તેને જુરહમે બનાવ્યો. અને ઘણા સમય પછી ફરી પડી ગયો તો તેને કુરૈશે બાંધ્યો એ વખતે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم યુવાન હતા. હઝરત ઈબ્રાહીમ عليه السلام ના બાંધકામ અને કુરૈશની વચ્ચે ૨૭૭૫ વરસોનો ગાળો છે.

જે વખતે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ની ઉમર પાંત્રીસ વરસની હતી (એટલે કે નબુવ્વતની જાહેરાત કરવાના પાંચ વરસો પહેલાં) તો કુરૈશના સર્વ કબીલાના લોકો ભેગા થયા અને પાયામાં પથ્થર રાખ્યા. જ્યારે હજરે અસ્વદ (સંગે અસ્વદ, કાળા પથ્થર)ને ફીટ કરવાનો સમય આવ્યો તો દરેક કબીલાવાળો તેને ફીટ કરવાનો આગ્રહી બન્યો અને વિવાદ શરૂ થયો તો કુરૈશના સૌથી વૃદ્ધ શખ્સ અબૂ ઉમૈયા બિન મુગીરા બિન અબ્દુલ્લાહ બિન ઈમરાન બિન મખ્ઝૂમે એવો ફેંસલો કર્યો કે કાલે જે શખ્સ આ મસ્જિદના દરવાજામાં સૌ પ્રથમ પ્રવેશશે તે જ તમારા વચ્ચે ફેંસલો કરશે. અને તે દિવસે સૌ પ્રથમ મુહમ્મદ صلى الله عليه وسلم દાખલ થયા. તો લોકોએ કહ્યું કે એ અમીન છે, અમે એમનાથી રાજી છીએ, એ મુહમ્મદ છે. જ્યારે આપના સુધી એ ખબર પહોંચી તો આપે ફર્માવ્યું કે એક ચાદર લાવો! પછી આપે આપના મુબારક હાથો વડે હજરે અસ્વદને એ ચાદરમાં રાખી દીધો. પછી આપે ફર્માવ્યું કે દરેક કબીલાવાળો આ ચાદરને પકડીને ઉપર ઉઠાવે. તેઓએ એ ચાદરને હજરે અસ્વદ ફીટ કરવાની જગ્યા સુધી ઉપર ઉઠાવી લીધી તો આપે આપના મુબારક હાથો વડે હજરે અસ્વદને એના સ્થાને ફીટ કરી આપ્યો. *(ઉમ્દતુલ કારી, ૯/૨૧૬, ૨૧૭, મિસ્ર, હિ.સ. ૧૩૪૮, બહવાલા તિબ્યાનુલ કુર્આન, ભાગ : ૨)*

**સંગે અસ્વદ શિવલિંગ નહીં, જન્નતી પથ્થર છે !**

આ હજરે (સંગે) અસ્વદ જેના વિશે ''ફૂલછાબ''ના લેખકે લખ્યું કે એ શિવલિંગ હતું અને મુસલમાનો પૂજે છે.....વગેરે હબંગ વાતો લખી છે. હદીષોની કિતાબોમાં છે કે **આ તે પથ્થર છે જેના પર બેસીને હઝરત આદમ عليه السلام જન્નતમાંથી દુનિયામાં તશરીફ લાવ્યા હતા.** *(નુઝહતુલ કારી શરહે બુખારી, ભાગ : ૬, પેજ : ૫૧૯)*

અને એને સૌ કૌમ "જન્નતી પવિત્ર પથ્થર" માનતી હોવાથી જ કા'બાના બાંધકામ વખતે આ સંગે અસ્વદ તેના સ્થાને લગાડવાનું સદ્‌ભાગ્ય મેળવવા સૌ કબીલાવાળા વિવાદમાં પડયા હતા જેનું નિવારણ મુહમ્મદ મુસ્તફા ﷺએ ઉપર દર્શાવ્યું તેમ હિકમત કરીને શાંતિ સ્થાપી હતી. આ પવિત્ર પથ્થર સંગે અસ્વદ જન્નતમાંથી આવ્યો અને તેના પર હઝરત આદમ علیہ السلام બેસીને જમીન પર તશરીફ લાવ્યા હતા જેથી એને બરકતી સમજીને મુસલમાનો તેની તા'ઝીમ (સન્માન, અદબ)માં તેને ચૂમે છે, ન કે તેની પૂજા કે ઈબાદત કરે છે. અને (અલ્લાહ સિવાય કોઈની ઈબાદત–પૂજા નથી એ સંદેશ પહોંચાડનાર) ઈસ્લામના પયગંબર મુહમ્મદ મુસ્તફા ﷺએ પણ એની તા'ઝીમ કરીને એને ચૂમ્યો હતો જેથી આપની પ્યારી સુન્નત (તરીકા)નું અનુસરણ કરવામાં મુસલમાનો એને ચૂમે છે...તથા અલ્લાહના હુકમાનુસાર કા'બા શરીફના તવાફની શરૂઆત એને ચૂમીને કરવામાં આવે છે. **એ કોઈનું "લિંગ" નથી બલ્કે પવિત્ર જન્નતી પથ્થર છે જેથી તેની અદબ કરવામાં આવે છે.**

વળી મુસલમાનો ન કા'બાને સિજદો કરે છે કે ન તો સંગે અસ્વદને સિજદો કરે છે બલ્કે અલ્લાહ તઆલાનો અર્શે આ'ઝમ બરાબર કા'બાની સીધમાં ઉપરની બાજુ છે, તેની નીચે ફરિશ્તાઓનો કિબ્લો બયતુલ મા'મૂર છે, તેની સીધમાં નીચે જમીન પર (પૃથ્વીના કેન્દ્ર બિંદુએ) કા'બા શરીફ આવેલું છે. તો અલ્લાહનો હુકમ છે કે મુસલમાનો આ **કા'બા શરીફની દિશામાં (એને કિબ્લો બનાવી) અલ્લાહને સિજદો કરે, જેથી સિજદો તથા ઈબાદત અલ્લાહના માટે જ છે, ફક્ત ખુદાના આદેશ પ્રમાણે એ દિશામાં દુનિયાનો દરેક મુસલમાન રબને સિજદો કરે છે.** તેમજ હજ્જ તથા ઉમરામાં કા'બાનો તવાફ (એની આસપાસ ચક્કર) પણ એ રબના આદેશને કારણે જ કરે છે. ન તો કોઈ સંગે અસ્વદની પૂજા કરે છે ન કા'બાને સિજદો કરે છે એ વાતને ધ્યાનમાં રાખવી જોઈએ.

**પયગંબરના સાથીઓ ધન અને વાસનાના પૂજારી નહીં, એક અલ્લાહની માન્યતાના ખાતર સ્વર્સ્વ કુર્બાન કરનારા હતા !**

ઈસ્લામના ઈતિહાસથી તદ્દન અભણ ફૂલછાબના આ લેખક જરા ઈસ્લામના પયગંબરે "અલ્લાહ એક છે" એ એલાન કર્યું તે સમયનો ઈતિહાસ વાંચે અને જુએ કે મક્કાના કાફિરોએ એમના પર શા શા જુલ્મ કર્યા હતા ? અને એ જુલ્મોના કારણે જ ખુદ પયગંબર તથા તેમના સાથીઓએ મક્કાથી માલ મિલ્કત સર્વસ્વ છોડીને હિજરત કરીને મદીના વસવાટ કર્યો. તો ત્યાં પણ મક્કાના કાફિરોએ પીછો કર્યો અને કેટલીક જંગો કરી. જેમ કે જંગે ઓહદ, જંગે બદર, જંગે ખૈબર, જંગે ખંદક...... વગેરે. છેવટે **અલ્લાહની ગયબી મદદ અને ઈસ્લામની સચ્ચાઈના કારણે ક્રમે ક્રમે ન્યાયથી વિચારનારા લોકો આકર્ષાતા ગયા અને ઈસ્લામ ફેલાતો ગયો** અને સામે ચાલીને મુસલમાનો સાથે લડવા આવતા મક્કાના કાફિરોના સરદારો ક્રમે ક્રમે વિવિધ જંગોમાં ખતમ થતા ગયા અને તેમનું જોર આપોઆપ તૂટી ગયું અને બહુમતિ લોકો ઈસ્લામ સ્વીકારવા લાગ્યા અને હિ.સ. ૮માં મક્કામાં વિજેતાની હૈસિયતથી ફરીવાર **ઈસ્લામના પયગંબર તેમના સાથીઓ સાથે દાખલ થયા તો** લૂંટમાર કે ખૂનરેજી નથી કરી બલ્કે **આમ અમ્નનું તથા સલામતીનું એલાન કર્યું હતું,** અને સૌ જુલ્મો સિતમ કરનારાઓને માફ કરી આપ્યા હતા. આજે તો કોઈ શહેર ફતહ થાય તો ત્યાંના રહેવાસીઓની જાન, માલ મિલ્કત સર્વનો

નાશ કરી લોહીની નદીઓ વહેવાય છે, સ્ત્રીઓની ઈજ્જતો લૂટાય છે. પણ મક્કા ફતહ કર્યું ત્યારનો કોઈ દુશ્મનનો ઈતિહાસ પણ એ સમયે જુલ્મ કર્યાની જૂઠી સાક્ષી પેશ કરતો નથી. પછી કઈ રીતે આ અબુધ અજ્ઞાન લેખક મહાશય "હેમેન ભટ્ટ" ચોંટાડે છે કે, "મક્કાના શાંતિપ્રિય મૂર્તિપૂજકો પર હુમ્લો કર્યો અને જબરદસ્ત નરસંહાર કર્યો." **આટલુ મહાન જૂઠ બોલતાં થોડી તો શરમ કરવી જોઈએ** એમણે કે મુસલમાનો થકી મક્કાના ઈતિહાસમાં ક્યાંય જુલ્મનું નામોનિશાન નથી જોવા મળ તું ! બલ્કે પયગંબર તથા તેમના સાથીઓએ તો અમ્નો શાંતિ તથા સૌની સલામતીનું સામ્રાજ્ય સ્થાપી દીધું હતું. આશા છે કે ફૂલછાબના લેખક "ફતહે મક્કા" (મક્કા પર વિજય)નો ઈતિહાસ વાંચીને પોતાની ભૂલ સ્વીકારી માફી માગશે, જો એમનામાં ઈન્સાફનો છાંટો હશે તો.

આવો ! સાથોસાથ ઈસ્લામના સ્ટાન્ડર્ડ ઈતિહાસ પ્રમાણે મૂર્તિપૂજાની શરૂઆત આદમ તથા હવ્વાથી જન્મેલી એક અલ્લાહમાં માનનારી ઔલાદમાં શાથી શરૂ થઈ તેને જાણી લઈએ.

## મૂર્તિપૂજાની શરૂઆત કેવી રીતે અને ક્યારથી થઈ ?!

માનવજાતની સુધારણા માટે અને તેમને સારા માર્ગે ચાલવાની હિદાયત માટે અલ્લાહ તઆલાએ વારાફરતી દુનિયામાં નબીઓ તથા રસૂલો મોકલ્યા. હઝરત આદમ عليه السلام પછી હઝરત શીશ عليه السلام, હઝરત નૂહ عليه السلام એ જ પ્રમાણે હઝરત લૂત, હઝરત દાઊદ, હઝરત યાકૂબ, હઝરત યૂનુસ, હઝરત યૂસુફ, હઝરત ઈબ્રાહીમ, હઝરત ઈસ્માઈલ, હઝરત મૂસા, હઝરત ઈસા અને છેવટે અંતિમ નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને લગભગ સાડા ચૌદસો વરસ પહેલાં દુનિયાના લોકોને સત્ય માર્ગ બતાવવા દુનિયામાં નબી બનાવીને મોકલ્યા. કુલ એક લાખ ચોવીસ હજાર કે બે લાખ ચોવીસ હજાર લગભગ જેટલા નબીઓ, રસૂલો દુનિયામાં માર્ગદર્શક (હાદી) બનીને આવ્યા.

કુર્આન હદીષની રૂએ મૂર્તિપૂજાની શરૂઆત ક્યાંથી થઈ તેના સંબંધે વિવિધ રિવાયતો છે જેમાંથી એક આ પ્રમાણે છે કે હઝરત આદમ عليه السلامનો લાઈલાહ ઈલ્લલ્લાહ (અલ્લાહ સિવાય કોઈ ઈબાદત (પૂજા)ને લાયક નથી)નો પયગામ ભૂલીને હઝરત નૂહ عليه السلامની કૌમ મૂર્તિપૂજામાં પડી ગઈ હતી. તેમની પાંચ મૂર્તિઓ મશહૂર હતી જેમનાં નામો આ પ્રમાણે હતાં, જેમ કે કુર્આનમાં છે : "અને (કાફિરો) બોલ્યા, કદાપિ ન છોડશો તમારા મઅ્બૂદોને અને કદાપિ ન છોડશો, વદ્દ, સુવાઅ, યગૂષ, યઊક઼ તથા નસ્રને. અને બેશક ! તેમણે ઘણા બધાને ગુમરાહ કરી આપ્યા. *(સૂ. નૂહ, આયત : ૨૩)*

આ પાંચ મૂર્તિઓ કોણ હતી ? એના બારામાં હઝરત ઉરવહ બિન ઝુબૈર رضي الله عنهماનું વર્ણન છે કે આ પાંચેવ હઝરત આદમ عليه السلامના પુત્રો હતા જેઓ અતિશય દીનદાર તથા ઈબાદતગુઝાર હતા. અને લોકોમાં ખૂબ જ પ્રિય હતા. લોકો એમનાથી ખૂબ જ શ્રદ્ધા ધરાવતા હતા. જ્યારે એ પાંચેવ મૃત્યુ પામ્યા તો લોકોને ઘણો જ રંજ તથા આઘાત લાગ્યો. તો શયતાને તેમને આશ્વાસન આપતાં તસલ્લી આપી કે તમો એ પાંચેવ નેક બંદાઓનાં પૂતળાં બનાવી લો અને તેમને જોઈને તમારાં દિલોને તસલ્લી આપજો. જેથી પિત્તળ તથા સીસાનાં પૂતળાં બનાવીને લોકોએ રાખી લીધાં. થોડા દિવસો તો લોકો તેમને જોતા રહ્યા પણ પાછળથી લોકો તેમની પૂજા કરવા લાગ્યા અને ખુદાની ઈબાદતને છોડીને મૂર્તિપૂજામાં લાગી ગયા. *(તફસીરે સાવી, ૪/૨૧૩)*

આ રીતે શિર્ક તથા મૂર્તિપૂજામાં દુનિયા સપડાઈ ગઈ અને ખુદાની ઈબાદત તથા તૌહીદ (એક


અલ્લાહની માન્યતા)નો ચિરાગ બુઝાવા લાગ્યો જેને રોશન કરવા માટે નબીઓ એક પછી એક સતત દુનિયામાં આવતા રહ્યા, ત્યાં સુધી કે આખરી નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ તશરીફ લાવ્યા જેમણે એનો ખાત્મો એ રીતે કર્યો કે ૧૪૦૦ વરસો પહેલાં આપે તસ્વીરો (ફોટાઓ) તથા પૂતળાંઓને બનાવવું જ હરામ ઠરાવી આપ્યું, અને મક્કા ફતહ થતાં તેમાં રહેલ ૩૬૦ મૂર્તિઓને દૂર કરાવી, જે ન આદમ عليه السلامએ કાબા બનાવ્યો ત્યારે હતી, ન હઝરત ઈબ્રાહીમ عليه السلامએ બનાવ્યો ત્યારે હતી બલ્કે ઉપર દર્શાવ્યું તેમ પાછળથી એક અલ્લાહની ઈબાદતથી દૂર થઈ ત્યાંના મૂર્તિપૂજામાં પડનારાઓએ રાખી દીધી હતી.

## ક્યાં આબે ઝમઝમ અને ક્યાં ગંગાજળ ?!

વળી આબે ઝમઝમ વિશે ભેજાગેપ વાતો લખીને ગંગાજળ સાથે તેનું કનેકશન જોડવાનો મૂર્ખામીભર્યો નિષ્ફળ પ્રયાસ પ્રસ્તૂત બોગસ લેખક હેમેન ભટ્ટે કર્યો છે. લાગે છે કે આબે ઝમઝમનો ઈતિહાસ કદી તેમણે જોયો પણ નહીં હોય અથવા તો જાણી જોઈને બે કૌમો વચ્ચે વૈમનસ્ય ખડુ કરવા આવાં લખાણો લખવામાં આવે છે. આબે ઝમઝમ તો જ્યારે અલ્લાહના પયગંબર હઝરત ઈબ્રાહીમ عليه السلام તેમનાં પત્ની હાજરા તથા નાના પુત્ર ઈસ્માઈલને હાલ કા'બા છે તેની નજીક ત્યારે જ્યાં ઉજ્જડ પ્રદેશ હતો કોઈ વસ્તી ન હતી ત્યાં અલ્લાહના હુકમથી છોડીને ગયેલા ત્યારે હઝરત ઈસ્માઈલ عليه السلامના પગોની રગડ નીચેથી કુદરતી રીતે ફૂટી નીકળેલું ઝરણુ છે. જેનો એક પવિત્ર ઈતિહાસ છે. જેના બદલે ફાલતુ વાતો લખીને કુખ્યાત થવા તેમણે આ લેખ લખી માર્યો છે.

હિંદુભાઈઓને તથા વિશેષતઃ મુસલમાનોને અમારી વિનંતિ છે કે આવા તરંગી તુક્કા ઉભા કરનારા ચિત્તભ્રમ એવા બની બેઠેલા લેખકોની વાતો પ્રતિ ધ્યાન કરવું ન જોઈએ અને સમાજમાં એકતા તથા એખલાસનું વાતાવરણ બની રહે એવી કોશિશ ધૈર્ય તથા સંયમથી કામ લઈને કરવી જોઈએ અને ઠેર ઠેર આવી કાલ્પનિક વિવાદાસ્પદ તથા અન્ય ધર્મના વડાની તથા અન્ય ધર્મવાળાની ધાર્મિક લાગણી છંછેડે તેવા લેખકો તથા વકતાઓ પર કાયદાકીય કાર્યવાહી જરૂર કરવામાં આવે અને ઠેર ઠેર એમના પર એ બાબતે પોલીસ ફરિયાદો કરવામાં આવે.

| તારીખ | શહેર તથા સ્થળ |
|---|---|
| ૨–૮–૨૦૧૫ | ઘાંચીવાડ મસ્જિદ (ભાવનગર) |
| ૯–૮–૨૦૧૫ | પીર છત્તર મસ્જિદ (ભરૂચ) |
| ૧૬–૮–૨૦૧૫ | ચિશ્તિયા મસ્જિદ (તાંદલજા, વડોદરા) |
| ૧૬–૮–૨૦૧૫ | એહમદી મસ્જિદ ઈજતેમા ઈશા બાદ (બોડેલી) |
| ૧૭–૮–૨૦૧૫ | હજ્જ કેમ્પ દારૂલ ઉલૂમ ફૈઝે એહમદ રઝા (બોડેલી) |
| ૧૭–૮–૨૦૧૫ | ઈજતેમા મગરિબ બાદ (ઉંચાપાન) |
| ૨૩–૮–૨૦૧૫ | હજ્જ કેમ્પ મદ્રસએ આયશા સિદીક઼ા (જંબુસર) |
| ૨૯–૮–૨૦૧૫ | હજ્જ કેમ્પ (ધોરાજી) |
| ૩૦–૮–૨૦૧૫ | હજ્જ કેમ્પ (હાડગુડ) |
| ૩૦–૮–૨૦૧૫ | ઈજતેમા કુવ્વતે ઈસ્લામ મસ્જિદ (નાપાડ) |
| ૩૦–૮–૨૦૧૫ | ઈજતેમા ઈસ્માઈલના કૂવે (નાપાડ) |



મુબલ્લિગે "સુન્ની દા'વતે ઈસ્લામી" જનાબ હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી થકી "હજ્જ કેમ્પ" તથા ઈજતેમા યોજાયા

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન


અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ


**સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

وَاِذَا سَاَلَكَ عِبَادِیْ عَنِّیْ فَاِنِّیْ قَرِیْبٌ ؕ
اُجِیْبُ دَعْوَةَ الدَّاعِ اِذَا دَعَانِ ۙ فَلْیَسْتَجِیْبُوْا لِیْ
وَلْیُؤْمِنُوْا بِیْ لَعَلَّهُمْ یَرْشُدُوْنَ ۝۱۸۶ اُحِلَّ لَكُمْ
لَیْلَةَ الصِّیَامِ الرَّفَثُ اِلٰی نِسَآىٕكُمْ ؕ هُنَّ لِبَاسٌ
لَّكُمْ وَاَنْتُمْ لِبَاسٌ لَّهُنَّ ؕ عَلِمَ اللّٰهُ اَنَّكُمْ كُنْتُمْ
تَخْتَانُوْنَ اَنْفُسَكُمْ فَتَابَ عَلَیْكُمْ وَعَفَا عَنْكُمْ ۚ
فَالْـٰٔنَ بَاشِرُوْهُنَّ وَابْتَغُوْا مَا كَتَبَ اللّٰهُ لَكُمْ ۪
وَكُلُوْا وَاشْرَبُوْا حَتّٰی یَتَبَیَّنَ لَكُمُ الْخَیْطُ الْاَبْیَضُ
مِنَ الْخَیْطِ الْاَسْوَدِ مِنَ الْفَجْرِ ۪ ثُمَّ اَتِمُّوا الصِّیَامَ
اِلَی الَّیْلِ ۚ وَلَا تُبَاشِرُوْهُنَّ وَاَنْتُمْ عٰكِفُوْنَ ۙ فِی
الْمَسٰجِدِ ؕ تِلْكَ حُدُوْدُ اللّٰهِ فَلَا تَقْرَبُوْهَا ؕ كَذٰلِكَ
یُبَیِّنُ اللّٰهُ اٰیٰتِهٖ لِلنَّاسِ لَعَلَّهُمْ یَتَّقُوْنَ ۝۱۸۷ وَلَا تَاْكُلُوْۤا
اَمْوَالَكُمْ بَیْنَكُمْ بِالْبَاطِلِ وَتُدْلُوْا بِهَاۤ اِلَی الْحُكَّامِ
لِتَاْكُلُوْا فَرِیْقًا مِّنْ اَمْوَالِ النَّاسِ بِالْاِثْمِ وَاَنْتُمْ
تَعْلَمُوْنَ ۝۱۸۸

## સૂરએ બક઼રહની તફસીર

*અને હે મહબૂબ ! જ્યારે તમને મારા બંદા મારા વિશે પૂછે તો હું નજીક છું[૭૯] દુઆ ક઼બૂલ કરું છું[૮૦] પુકારનારની જ્યારે મને પુકારે તો તેઓએ મારો હુકમ માનવો જોઈએ અને મારા પર ઈમાન લાવવું જોઈએ કે ક્યાંક માર્ગ મેળવે. (૧૮૬) રોઝાની રાતોમાં પોતાની સ્ત્રીઓ પાસે જવું તમારા માટે હલાલ થયું[૮૧] તેણીઓ તમારો પોશાક છે અને તમે તેણીઓનો પોશાક, અલ્લાહે જાણ્યું કે તમે પોતાના જીવોને ખયાનતમાં નાખતા હતા તો તેણે તમારી તવબહ ક઼બૂલ કરી અને તમને માફી આપી[૮૨] તો હવે તેણીઓ સાથે સંભોગ કરો[૮૩] અને ઢુંઢો જે અલ્લાહે તમારા નસીબમાં લખ્યું હોય[૮૪] અને ખાઓ અને પીઓ[૮૫] ત્યાં સુધી કે તમારા માટે સ્પષ્ટ થઈ જાય સફેદીનો દોરો કાળાશના દોરાથી પો ફાટીને[૮૬] પછી રાત આવતાં સુધી રોઝા પૂરા કરો[૮૭] અને સ્ત્રીઓને હાથ ન લગાડો જ્યારે તમે મસ્જિદોમાં એતેકાફથી હોવ[૮૮] આ અલ્લાહની હદો છે એમના પાસે ન જાવ, અલ્લાહ એમ જ વર્ણન કરે છે લોકોને પોતાની આયતો, કે ક્યાંક એમને પરહેઝગારી પ્રાપ્ત થાય (૧૮૭) અને અંદર અંદર એકબીજાનો માલ નાહક ન ખાવ અને ન હાકેમો પાસે એમનો કેસ એટલા માટે લઈ જાવ કે લોકોનો અમુક માલ નાજાઈઝ રીતે ખાઈ લો[૮૯] જાણી જોઈને (૧૮૮)*

## :: સમજૂતી ::

૭૯. આમાં અલ્લાહના તાલિબોની તલબનું બયાન છે જેમણે અલ્લાહના ઈશ્કમાં પોતાની જરૂરિયાતોને કુર્બાન કરી દીધી. તેઓ ફક્ત તેના જ તલબગાર છે. તેમને નઝદીકી અને મુલાકાતની ખુશખબરી આપીને ખુશ કરવામાં આવ્યા.

**શાને નૂઝૂલ** : સહાબાએ કિરામની એક જમાઅતે અલ્લાહના ઈશ્કમાં વ્યાકુળ થઈને હુઝૂર ﷺને પૂછયું કે અમારો ખુદા કયાં છે ? ત્યારે નજીકીની ખુશખબરી આપીને ફર્માવવામાં આવ્યું કે અલ્લાહ સ્થળથી પાક છે. જે વસ્તુ કોઈ વસ્તુ સાથે સ્થળના હિસાબે નજીક હોય તે વસ્તુ બીજી વસ્તુના અંતરના હિસાબે જરૂર તેનાથી દૂર હશે. પણ અલ્લાહ તઆલા તો બધા જ બંદાઓની નજીક છે. સ્થળના હિસાબે જે નજદીકી હોય છે તેની આ શાન નથી. નજદીકીની મંઝિલોમાં પહોંચ બંદાને પોતાની ગફલત દૂર કરવાથી પ્રાપ્ત થઈ શકે છે. એક ફારસી કાવ્ય પંક્તિ અનુસાર "મિત્ર તો મારાથી મારા કરતાં પણ નજીક છે પણ આશ્ચર્યજનક વાત એ છે કે હું જ તેનાથી દૂર છું."

૮૦. દુઆ જરૂરતને રજૂ કરવાનું નામ છે. અને ઈજાબત એ કે અલ્લાહ પોતાના બંદાની આ દુઆ પર "લબ્બેક યા અબ્દી" (અય મારા બંદા હું હાજર છું) ફર્માવે છે, મુરાદ પૂરી કરવી જુદી વસ્તુ છે, તે પણ તેના કરમથી કદી તરત જ મળી જાય છે. કદી કોઈ રહસ્યના કારણે વાર લગાડીને બંદાની હાજત દુનિયામાં જ પૂરી કરી દેવામાં આવે છે. કદીક આખિરતમાં આપવામાં આવે છે. કદીક બંદાનો ફાયદો બીજી વસ્તુમાં હોય છે તે આપવામાં આવે છે. કદીક બન્દો પ્યારો હોય છે ત્યારે તેની હાજત પૂરી કરવામાં એટલા માટે વાર લગાડવામાં આવે છે કે લાંબી મુદ્દત સુધી તે દુઆમાં જ મગ્ન રહે. કદીક દુઆ કરનારમાં સચ્ચાઈ નિખાલસતા વિગેરે શર્તો નથી હોતી, તેથી કૃબૂલ થતી નથી, માટે જ અલ્લાહના નેક બન્દાઓ પાસે દુઆ કરાવવામાં આવે છે.

**મસ્અલો** : નાજાઈઝ વસ્તુની દુઆ કરવી જાઈઝ નથી. દુઆના અદબોમાંથી એ છે કે દુઆ દિલની હાજરી સાથે કૃબૂલ થવાનું યકીન રાખીને કરવામાં આવે અને ફરિયાદ ન કરે કે મારી દુઆ કૃબૂલ ન થઈ. તિરમિઝીની હદીષમાં છે કે નમાઝ પછી અલ્લાહની હમ્દો ષના કરી દુરૂદ શરીફ પઢી પછી દુઆ કરવી.

૮૧. **શાને નુઝૂલ** : પહેલાંની શરીઅતોમાં રોઝો છોડયા પછી ખાવું, પીવું, સ્ત્રીઓ સાથે સંભોગ કરવો ઈશાની નમાઝ સુધી જાઈઝ હતું. ઈશાની નમાઝ પછી આ બાબતો રાત્રે પણ હરામ થઈ જતી. આ હુકમ હુઝૂર ﷺના સમય સુધી બાકી હતો, અમુક સહાબાથી રમઝાનની રાતોમાં ઈશા પછી સ્ત્રીઓ સાથે સંભોગ થઈ ગયો, તેઓમાં હઝરત ઉમર رضی اللہ عنہ પણ હતા, આવું થયા પછી તેઓને ખૂબ પસ્તાવો થયો અને દરબારે રિસાલતમાં હકીકત કહી સંભળાવી, ત્યારે અલ્લાહ તઆલાએ માફ કરીને આ આયત ઉતારી, અને બયાન કરી દેવામાં આવ્યું કે હવે પછી રમઝાનની રાતોમાં મગરિબથી સુબ્હે સાદિક્ સુધી સ્ત્રીઓ સાથે સમાગમ કરવાનું હલાલ કરવામાં આવ્યું.

૮૨. આ ખયાનતથી તે સમાગમ મુરાદ છે જે મુબાહ થતાં પહેલાં રમઝાનની રાતોમાં મુસલમાનોથી થઈ ગયાં હતાં, તેમની માફીનું બયાન ફર્માવીને તેમને હૈયાધારણા આપવામાં આવી.

૮૩. આ હુકમ મુબાહ કરવા માટે છે કે હવે તે મનાઈ ઉઠાવી લેવામાં આવી અને રમઝાનની રાતોમાં સ્ત્રી સમાગમ મુબાહ કરવામાં આવ્યો.

૮૪. આમાં માર્ગદર્શન છે કે સ્ત્રી સમાગમ ફક્ત વંશ વૃદ્ધિ અને ઔલાદ પ્રાપ્તિ માટે જ હોવો જોઈએ. જેનાથી મુસ્લિમોની વસ્તી વસ્તી વધે અને દીન

મજબૂત થાય. અમુક તફસીરકારોનું મંતવ્ય એવું છે કે આનો અર્થ એ છે કે સમાગમ શરીઅતના હુકમ અનુસાર હોવો જાઈએ, જે જગ્યાએ જે તરીકાથી રજા આપવામાં આવી તેમાં નક્કી કરેલી હદોથી ન વધે. (તફસીરે અહમદી) એક મંતવ્ય એવું છે કે જે અલ્લાહે લખ્યું તેને પ્રાપ્ત કરવાનો મતલબ એ છે કે રમઝાનની રાતોમાં ખૂબ ઈબાદત કરીને અને રાત જાગરણ કરીને શબે કદ્રને ઢુંઢે.

**૮૫.** આ આયત સલ્મા બિન કૈસ વિશે ઉતરી. આપ શ્રમજીવી હતા. એક દિવસે રોઝો રાખીને આખો દિવસ પોતાની જમીનમાં કામ કરતા રહ્યા. સાંજે ઘેર આવ્યા. પત્ની પાસે ખાવા માગ્યુ તેણી પકાવવા ગઈ, આપ થાકેલા હતા એટલે આંખ લાગી ગઈ. જ્યારે ખાવા તૈયાર કરીને તેમને જગાડવામાં આવ્યા ત્યારે તેમણે ખાવાનો ઈન્કાર કર્યો. કારણ કે તે સમયે ઊંઘી ગયા પછી રોઝાદાર પર ખાવા પીવાનું મના થઈ જતું હતું. તેઓએ એ હાલતમાં જ બીજો રોઝો રાખી લીધો. કમજોરી હદ વટાવી ગઈ હતી. બપોર થતાં સુધીમાં બેહોશ થઈને પડી ગયા. ત્યારે આ આયત નાઝિલ થઈ અને રમઝાનની રાતોમાં એમના કારણે ખાવા પીવાનું જાઈઝ કરવામાં આવ્યું. જેમ કે હઝરત ઉમર رضی اللہ عنہના પસ્તાવા અને દરબારે નબવીમાં આવવાથી સંભોગની રજા આપવામાં આવી.

**૮૬.** રાત્રીને કાળો દોરો અને સુબ્હે સાદિક઼ને સફેદ દોરો કહેવામાં આવ્યો. મતલબ એ છે કે રમઝાનની રાતોમાં તમારા માટે ખાવું પીવું મગરિબથી સુબ્હે સાદિક઼ સુધી જાઈઝ કરવામાં આવ્યું. *(તફસીરે અહમદી)*

**મસ્અલો** : આનાથી જ ઉલમાએ મસ્અલો કાઢયો કે દિવસોમાં રોઝાની નિય્યત જાઈઝ છે.

**૮૭.** આનાથી રોઝાની અંતિમ હદ માલૂમ પડે છે અને એ મસઅલો સાબિત થાય છે કે રોઝાની હાલતમાં ખાવા પીવા તથા સંભોગ કરવાથી કફફારો લાગુ પડે છે. *(મદારિક)*

**મસઅલો** : ઉલમાએ આ આયતને સવમે વિસાલની મનાઈ પર દલીલ ગણાવી છે.

**૮૮.** આમાં એ બયાન છે કે રમઝાનની રાતોમાં રોઝાદાર માટે સંભોગ કરવાની રજા છે જ્યારે કે તે એતેકાફમાં ન હોય.

**મસઅલો** : એતેકાફની હાલતમાં સ્ત્રી સમાગમ તેમજ તેણીઓને ચુંબન કરવું કે આલિંગન આપવું વિગેરે બાબતો હરામ છે.

**મસઅલો** : પુરૂષોને એતેકાફ માટે મસ્જિદ જરૂરી છે.

**મસઅલો** : સ્ત્રીઓને પોતાના ઘરોમાં એતેકાફ કરવો જાઈઝ છે.

**મસઅલો** : એતેકાફ કરનાર માટે મસ્જિદમાં ખાવું, પીવું, સૂવું જાઈઝ છે.

**મસઅલો** : એતેકાફ એવી મસ્જિદમાં હોવો જોઈએ જેમાં જમાઅત કાયમ થતી હોય.

**મસઅલો** : એતેકાફમાં રોઝો રાખવો શર્ત છે.

**૮૯.** આ આયતમાં ખોટી રીતે કોઈનો માલ ખાઈ જવાનું હરામ ફર્માવવામાં આવ્યું છે. લૂંટીને મેળવેલો હોય કે ચોરી કરીને યા જૂગાર રમીને કે હરામ તમાશા અને હરામ કર્યો કરીને કે હરામ વસ્તુઓને બદલે કે લાંચ રૂશ્વત દ્વારા કે જૂઠી ગવાહી આપીને કે ચુગલખોરી કરીને પ્રાપ્ત કર્યો હોય, આ બધું જ મના અને હરામ છે.

**મસઅલો** : એનાથી ફલિત થયું કે નાજાઈઝ ફાયદા ખાતર કોઈના પર કેસ ઠોકી બેસાડવો અને તેને હાકેમો પાસે લઈ જવો નાજાઈઝ અને હરામ છે, એવી જ રીતે પોતાના ફાયદા માટે બીજાને નુકસાન પહોંચાડવા હાકેમો પર દબાણ લાવવું, લાંચ આપવી હરામ છે, જે લોકો હાકેમો સુધી લાગવગ ધરાવે છે તે આ આયતના હુકમને નજર સમક્ષ રાખે. હદીષ શરીફમાં મુસલમાનને નુકસાન પહોંચાડનાર પર લઅનત આવેલી છે.

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**હદીષ** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબૂબક્ર ઈબ્ને મુહમ્મદ ઈબ્ને ઉમર ઈબ્ને હઝ્મથી[૧] રિવાયત છે કે તે પત્ર જે રસૂલુલ્લાહ ﷺએ ઈબ્ને હઝ્મને લખ્યો[૨] એમાં એ હતું કે કુર્આનને કેવળ પાક માણસ જ સ્પર્શે[3]. (માલિક, દારકુત્ની)

હઝરત નાફેઅથી[૪] રિવાયત છે ફર્માવે છે કે હું હઝરત ઈબ્ને ઉમરની સાથે કોઈ કામમાં ગયો. હઝરત ઈબ્ને ઉમરે પોતાની હાજત પૂરી કરી લીધી[૫] અને આપની એ દિવસની હદીષ એ હતી કે ફર્માવ્યું, એક માણસ ગલીઓમાંથી કોઈ ગલીમાં પસાર થયો. હુઝૂર ﷺથી તેની મુલાકાત થઈ ગઈ[૬] જ્યારે કે આપ પાખાના અથવા પેશાબ કરીને આવ્યા હતા[૭] તેણે સલામ કરી, આપે જવાબ ન આપ્યો, ત્યાં સુધી કે જ્યારે તે શખ્સ ગલીમાં છુપાઈ જવાની નિકટ થયો તો હુઝૂર ﷺએ પોતાના બંનેવ હાથ જમીન પર માર્યા જેના વડે પોતાના ચહેરાનો મસહ કર્યો. પછી બીજીવાર હાથ માર્યો[૮]. અને ફર્માવ્યું કે, મને તમારો જવાબ આપવામાં રુકાવટ કેવળ એ જ હતી કે હું પાક ન હતો[૯]. (અબૂ દાઊદ)

હઝરત મુહાજિર ઈબ્ને કુન્ફુઝથી[૧૦] રિવાયત છે કે તે નબી ﷺની ખિદમતમાં હાજર થયા જ્યારે કે આપ પેશાબ કરી રહ્યા હતા[૧૧]. તેમણે સલામ કરી પણ આપે જવાબ ન આપ્યો ત્યાં સુધી કે વુઝૂ કરી લીધું. પછી એમનાથી મઅઝેરત કરી અને ફર્માવ્યું કે મેં એ પસંદ ન કર્યું કે પાકી વિના અલ્લાહનો ઝિક્ર કરું[૧૨]. (અબૂ દાઊદ) અને નિસાઈએ حَتّٰی تَوَضَّأَ સુધી રિવાયત કરી અને ફર્માવ્યું કે જ્યારે વુઝૂ કરી લીધું તો તેનો જવાબ આપ્યો.

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** આપ પોતે આપના પિતા તથા દાદા સૌ તાબઈનમાંથી છે. આપ મદીના શરીફના મહાન આલિમ મુત્તકી છે. અનસ ઈબ્ને માલિક અને ઉરવા ઈબ્ને ઝુબૈર વગેરે સહાબીઓથી હદીષો લીધી. સિત્તેર વરસની ઉમર પામ્યા. હિ.સ. ૧૩૫માં વફાત પામ્યા. આપના દાદા મુહમ્મદ ઈબ્ને અમ્ર હુઝૂર ﷺની હયાત શરીફમાં હિ.સ. ૧૦માં નજરાન સ્થળે પેદા થયા. ૫૨ વરસની ઉમર પામ્યા. હર્રાની જંગમાં હિ.સ. ૬૩માં શહીદ થયા.

**૨.** હુઝૂર ﷺએ હઝરત અમ્ર ઈબ્ને હઝ્મ અન્સારી رضی اللہ عنہને યમનના એક ઈલાકાના હાકિમ બનાવીને મોકલ્યા ત્યારે તેમને એક ફર્માનનામુ લખીને અતા કર્યું જેમાં ફર્ઝો, સુન્નતો, સદકાઓ વગેરે લખેલ હતું. એનું અહીં વર્ણન છે.

**૩.** એટલે એ હુકમનામામાં અન્ય હુકમો ઉપરાંત એ હુકમ પણ હતો કે કુર્આને કરીમ પાક સાફ માણસ જ સ્પર્શે, ન તો તેને વુઝૂ વિના હાથ લગાડે, ન જુનુબી ન હૈઝવાળી ન નિફાસવાળી. યાદ રાખશો કે આડ વિના (કોઈ કપડા વગેરેની) કુર્આનને અડકવું આ સર્વના માટે હરામ છે. હા, જુઝદાન અથવા કોઈ કપડા થકી અડકવું જાઈઝ છે. જેવું કે ફિકહની કિતાબોમાં સ્પષ્ટતા કરવામાં આવેલ છે. કુર્આને કરીમ ફર્માવે છે : لَا يَمَسُّهٗٓ اِلَّا الْمُطَهَّرُوْنَ

**૪.** પહેલાં બતાવવામાં આવી ચૂકયું છે કે હઝરત નાફેઅ, હઝરત સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરના આઝાદ કરેલા ગુલામ છે, તાબઈનમાંથી છે. દયલમના રહેવાસી છે. હિ.સ. ૧૧૭માં વફાત

પામ્યા. મહાન આલિમ મુત્તકી હતા.

**૫.** જાહેર એ છે કે અહીં હાજતથી મુરાદ કોઈ જરૂરી કામ છે ન કે ઈસ્તિંજા, જેવું કે અમુક લોકોએ સમજ્યું. એટલે કે આપ કોઈ કામના માટે ગયા અને હું પણ આપની સાથે હતો.

**૬.** એટલે કે આકસ્મિક રીતે હુઝૂર ﷺ સાથે મુલાક઼ાત થઈ ગઈ. એ વખતે મુલાક઼ાતનો ઈરાદો ન હતો.

**૭.** જાહેર એ છે કે હુઝૂર ﷺ પેશાબ અથવા પાખાનાથી બિલ્કુલ ફારિગ થઈને તશરીફ લાવ્યા હતા. એટલે કે ઢેલા, પાણીનો ઈસ્તિંજો પણ કરી ચૂક્યા હતા. કેમ કે આદતે કરીમા એ ન હતી કે પેશાબ અથવા પાખાના પછીથી ઈસ્તિંજા કરતાં કરતાં બજારો કે ગલીઓમાં ચાલે, બલ્કે ખાસ મોક઼ા પર જ સૂકુ કરી લેતા હતા, કેમ કે આ રીતે ચાલવું મુરવ્વત (સભ્યતા)ની વિરૂધ્ધ છે.

**૮.** જ્યારે એ શખ્સે સલામ કરી તો કોઈ તયમ્મુમને લાયક દીવાલ એ વખતે સામે મૌજૂદ ન હતી, એટલા માટે હુઝૂર ﷺ એ દીવાલ સુધી પહોંચ્યા એટલામાં એ શખ્સ ગલીના કિનારા સુધી પહોંચી ગયો. જેથી હદીષ પર એ વાંધો નથી કે તરત જ તયમ્મુમ કેમ ન કરી લીધું. એનાથી જાણવા મળ્યું કે કાચી દીવાલ પર તયમ્મુમ જાઈઝ છે. એ જ હનફીઓનો મઝહબ છે. તયમ્મુમ માટે કેવળ રેતી કે સૂકી માટી જરૂરી નથી.

**૯.** એટલે કે હું એ વખતે વુઝૂ વિના હતો અને જવાબમાં કહેવાનું હોય છે "વઅલયકુમુસ્સલામ", અને "અસ્સલામ" અલ્લાહ તઆલાનું નામ પણ છે. જો કે અહીં એ અર્થ મુરાદ નથી પણ તેમ છતાં એ શબ્દનો એહતેરામ કરતાં મેં વિના વુઝૂએ એ શબ્દ બોલવો યોગ્ય ન જાણ્યો. હઝરત શયખે અશિઅતુલ લમ્આતમાં ફર્માવ્યું કે એ વખતે હુઝૂર ﷺ પર ખાસ અન્વારે ઈલાહિયાની તજલ્લી થઈ રહી હતી જેની અસર એ હતી કે આપે વુઝૂ વિના અસ્સલામનો શબ્દ પણ મોઢેથી ન કાઢયો. આ ખાસ હુકમ છે જેથી આ હદીષ પર ન તો એ વાંધો છે કે હુઝૂર ﷺ પાખાનાથી આવીને કુર્આન પઢાવતા હતા, દુઆઓ પઢતા હતા, વુઝૂથી પહેલાં બિસ્મિલ્લાહ પઢતા હતા અને અહીં વિના વુઝૂએ "સલામ" શબ્દ પણ નથી બોલતા ! કેમ કે તે આમ શરઈ હુકમ હતો અને આ ખાસ હુકમ છે. શરીઅત તથા તરીક઼ત અને ફતવા તથા તક઼વામાં ફરક છે. ન તો એ વાંધો છે કે પાણીના હોવા છતાં તયમ્મુમ દુરૂસ્ત નથી હોતું, પછી હુઝૂર ﷺએ અહીં તયમ્મુમ કેમ કર્યુ ?! એ તયમ્મુમથી નમાઝ વગેરે નથી પઢી, કેવળ સલામનો જવાબ આપ્યો. **નમાઝે જનાઝા ચાલુ હોય તો પાણી હોવા છતાં તયમ્મુમ જાઈઝ છે,** પણ એનાથી બીજી નમાઝો નથી પઢી શક્તા. અહીં પણ જવાબનો સમય જઈ રહ્યો હતો, માણસ (સલામ કરનાર) અદ્રશ્ય થઈ રહ્યો હતો એટલા માટે એ અમલ કર્યો. સારાંશ કે આ હદીષ વાંધા રહિત છે. આ પરથી જાણવા મળ્યું કે સલામના જવાબમાં વાર લગાડવી જરૂરતના રૂપે જાઈઝ છે અને મોડુ થવા પર મઅઝેરત કરી દેવી ( દરગુઝર કરાવવા કારણ જણાવી દેવું) સુન્નત છે જેથી તેને રંજ ન રહે.

**૧૦.** આપનું નામ ખલફ બિન ઉમૈર છે. લક઼બ મુહાજિર છે, કેમ કે હુઝૂરે તેમને ફર્માવ્યું કે તમે સાચા મુહાજિર છો. આપ કુરૈશી છે તયમી છે. ફતહે મક્કાના દિવસે ઈમાન લાવ્યા. બસરામાં રહેઠાણ રહ્યું અને ત્યાં જ વફાત પામ્યા.

**૧૧.** પેશાબ કે પાખાનુ (જાજરૂ) કરનારા પર સલામ કરવી મના છે, અને એના સલામનો જવાબ આપવો વાજિબ નથી, પરંતું હાજતથી ફારિગ થયા બાદ જવાબ આપી દેવામાં આવે તો જાઈઝ છે. આ હદીષમાં એનું વર્ણન છે. કેમ કે એ સહાબીને એ મસ્અલો માલૂમ ન હતો એટલા માટે તેમણે એ હાલતમાં સલામ કરી.

**૧૨.** એની સંપૂર્ણ ચર્ચા ઉપર વર્ણન થઈ ચૂકી, અહીં છે કે હુઝૂર ﷺએ વુઝૂ કરીને જવાબ આપ્યો, કેમ કે અહીં સલામ કરનાર ક્યાંક જઈ રહ્યા ન હતા બલ્કે હુઝૂર ﷺની પાસે જ હતા, એટલા માટે જવાબની જલ્દી ન હતી જેથી વુઝૂ કર્યું, પછી જવાબ આપ્યો, ત્યાં સલામ કરનાર જઈ રહ્યો હતો. જેથી ફરક આવી ગયો.

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

અનુવાદક તથા સંપાદક
**પટેલ શબ્બીર અલી રઝવી**

**અર્ઝે હાજત મેં રહા કા'બા કફીલુલ હજ્જાજ**
**આવો ! અબ દાદ રસીએ શહે તયબહ દેખો**

**અર્થાત :** કા'બા શરીફ હાજીઓની હાજતોનો જામિન બનેલો રહ્યો અને તેણે અલ્લાહ તઆલાની બારગાહમાં આવનારાઓની હાજતો ખૂબ પેશ કરી, હવે મદીના શરીફમાં પણ આવો અને મહબૂબ ﷺને તમારી હાજતના જામિન બનાવો, પછી જુઓ કે કોની ઝમાનત કુબૂલિયતના પ્રથમ દરજે પહોંચે છે ?! તમે ખૂદ ઈકરાર કરશો કે !

*કાબિલ થા નારકે મુઝે જન્નત હૂઈ નસીબ–ઈસ દરકી હાઝરીસે મેરી કિસ્મત બદલ ગઈ !*

**ધો ચુકા ઝુલ્મતે દિલ બોસએ સંગે અસ્વદ**
**ખાક બોસીએ મદીનાકા ભી રુત્બા દેખો**

*(ઝુલ્મતે = કાળાશ, સંગે અસ્વદ = હજરે અસ્વદ)*

**અર્થાત :** હદીષ શરીફના પ્રમાણે હે હાજીઓ ! તમે હજરે અસ્વદને ચૂમીને તમારા દિલો પર ચઢેલી ગુનાહોની કાળાશ ધોયી. મુબારક થજો ! હવે મદીના શરીફની ખાકનો બોસો લઈને પણ જુઓ તો ખરા કે (જન્નતના નઝારા ન જોવા મળે તો મને કહેજો) આ રુત્બો પણ તેની જગાએ અજોડ તથા લાજવાબ તથા બાકમાલ છે કે એનાથી દિલની કાળાશ પણ દૂર થશે અને સર્વ શારીરિક બીમારીઓથી પણ શિફા થશે.

**કર ચુકી રિફઅતે કા'બા પર નઝર પરવાઝેં**
**ટોપી અબ થામ કે ખાકે દરેવાલા દેખો**

*(રિફઅત =ઊંચાઈ, દરેવાલા =ઊંચી શાનવાળો દરવાજો)*

**અર્થાત :** કા'બાની ઉચ્ચતાઓનો તો તમારી નજરોએ અનુભવ કરી લીધો અને આસાનીથી કરી લીધો, હવે જરા પોતાની ટોપી પકડીને (જેથી બહું ઊંચે જોવાના કારણે પડી ન જાય !) મારા આકા ﷺના ઉચ્ચ દરવાજાની ખાકે પાકનો નઝારો પણ જોઈ લો. એને આસાનીથી નહીં જોઈ શકો, કેમ કે અહીં કેવળ દર જ નથી દરેવાલા પણ જલ્વા ફર્મા છે જેની શાન એ છે કે :–

*જારી હૈ દો જહાંમેં હુકૂમત રસૂલ ﷺ કી–કરતે હૈં મહરો માહ ઈતાઅત રસૂલ ﷺ કી*
*ઈમાન એક નામ હૈ હુબ્બે રસૂલ ﷺ કા–હૈ ખુલ્દકી બહાર મહબ્બત રસૂલ ﷺ કી*

જેટલી મહાન હસ્તી હોય તેટલું જ એના તરફ જોવામાં હયા તથા અદબ આડ બને છે એટલા માટે ટોપી થામીને એટલે કે સાવધાન થઈને જોવાનો મશ્વરો આપવામાં આવી રહ્યો છે.

**બેનિયાઝીસે વહાં કાંપતી પાઈ તાઅ્ત**
**જોશે રહમતપે યહાં નાઝ ગુનહકો દેખો**

**અર્થાત :** અલ્લાહ બેનિયાઝ છે અને એની બેનિયાઝીની સિફત બયતુલ્લાહ શરીફમાં પણ ઉઘાડી જોવા મળે છે, એટલા માટે મોટા મોટા ફર્માબરદાર તથા ઈબાદતગુઝારો આ ખયાલથી કાંપતા જોવા મળ્યા કે ક્યાંક અમારી ઈબાદત તેની બેનિયાઝીની નઝર ન થઈ જાય ! અને સુબ્હાનલ્લાહ ! હાજીઓ જરા મદીના શરીફ આવીને તો જુઓ ! હુઝૂરની રહમતનો દરિયો પોતાના પુરા જોશમાં છે કે ગુનેહગારો પરવરદિગારની રહમત, રહમતુલ્‌લિલ્ આલમીન ﷺની શાને રહમત પર નાઝ કરી રહ્યા છે કે ભલે ગુનેહગાર છીએ પણ શફાઅત તો મળશે !

*શફાઅતકે સદકેમેં જન્નત મિલેગી—અમલ થે જહન્નમમેં જાને કે કાબિલ*

**જુમ્આએ મક્કા થા ઈદે અહ્લે ઈબાદતકે લિયે**
**મુજરિમો ! યહાં ઈદે દો શમ્બા દેખો**

**અર્થાત :** ઈબાદતગુઝારો માટે મક્કા મુકર્રમામાં જુમ્આનો દિવસ ઈદથી ઓછો ન હતો. હે સિયાહકારો ! (જેના સદકામાં જુમ્આ મળી, ઈદ મળી, રમઝાન મળી, ઈમાન મળ્યું, કુર્આન મળ્યું, બલ્કે ખુદ રહમાન મળ્યો) શું મદીના શરીફમાં પીરનો (સોમવાર)નો દિવસ (સરકાર ﷺની વિલાદતનો દિવસ, તે પેદા ન થાત તો કાંઈ જ ન હોત) તમારા માટે ઈદથી કમ છે ?! જે દિવસ (પીરના રોજ) નબી પાક ﷺની વિલાદતની ખુશી મનાવવા પર અબૂ જહલ જેવા સખ્તતરીન કાફિરને એ દિવસે અઝાબમાં કાંઈક રાહત થતી હોય તો પછી મીલાદ મનાવનારા ઈમાનવાળા (સુન્ની)ઓને એ દિવસે કેમ નવાઝવામાં ન આવે ! અને દોશમ્બા (પીર)નો દિવસ કેમ ઈદ ન બને ?!

**મુલ્તઝિમસે તો ગલે લગ કે નિકાલે અરમાં**
**અદબ વ શૌક્કા યહાં બાહમ ઉલઝના દેખો**

**અર્થાત :** હે ઝાઈરીનો ! તમે મુલ્તઝિમ સાથે લપેટાઈને રડી રડીને પોતાના દિલના અરમાનો તથા આરઝૂઓ કાઢી લીધી, અલ્લાહ કબૂલ ફમાવે, પરંતુ હવે મારું માનો ! અને ચાલો મદીના શરીફ અને ત્યાં જઈને જુઓ કે શોક (ઉમંગ, ઉત્સાહ) તથા અદબ કેવી રીતે આપસમાં ઉલઝી રહ્યાં છે ! શૌક કહી રહ્યો છે કે સિજદો કરું ! પણ અદબ એને એવું કરવાથી રોકી રહેલ છે કે ખબરદાર ! એવું ન કરીશ ! કેમ કે મદીનાવાળી સરકારે જ તો એવુ કરવાથી મના કરેલ છે, પછી એમની જ બારગાહમાં આવીને એમની જ નાફર્માની ?! એટલા માટે અહલે અદબે જાળી મુબારકને પણ હાથ લગાડવાથી મના કર્યું છે કે ક્યાં તું નકામો અને ક્યાં એમના રોઝાની જાળી ! અર્શે આ'ઝમથી આલી ! હા ! એવું અર્ઝ કરો કે, આકા ! :–

*દરપે આએ હૈં સવાલી ! અબ જાએંગે ન હાથ ખાલી !*

**ખૂબ મસ્આમેં બઉમ્મીદે સફા દોળ લીએ**
**રહે જાનાંકી સફાકા ભી તમાશા દેખો**

**અર્થાત :** પોતાના દિલેથી ગુનાહોની કાળાશ તથા મેલને ઉતારવાના માટે તમે સફા તથા મરવાના ખૂબ ચક્કર કાપ્યા, એનાથી થાકી ગયા હશો ! ક્યારેક તવાફ, ક્યારેક સઈ, ક્યારેક એહરામ, ક્યારેક કુર્બાની, ક્યારેક કાંઈ તો, ક્યારેક કાંઈ ! હવે આવી જાવ મદીના શરીફ ! કે ન ચક્કર ન દોડ ન મેદાનોમાં

જઈને તડકામાં તપવું, બસ ! મારા આક઼ાના રોઝાની સાથે જ જન્નતની કયારી છે, ઠંડી હવાઓ પણ ! બેસો ! જન્નત પણ લો અને દિલની સફાઈ પણ કરાવી લો ! અલ્લાહે જ જેમને રહ્‌મતુલ્‌લિલ્‌ આલમીન બનાવીને મોકલ્યા તેમની રહમતથી ઠંડક માણી લો !

**રકસે બિસ્મિલકી બહારેં તો મિનામેં દેખીં**
**દિલે ખૂનનાબા ફશાંકા ભી તળપના દેખો**

*(રકસ = ઉછળકૂદ, બિસ્મિલ = ઘાયલ, બેચેન, ખૂનનાબા = લોહી લુહાણ, લોહીનાં આંસૂં, ફશાં = ઝાળનાર)*

**અર્થાત :** હાજીઓ ! તમે મિનામાં જાનવરોનો લોહી વહાવ્યું, કુર્બાની કરીને સવાબ મેળવ્યો, અને પોતાની આંખો વડે જાનવરોનું લોહીમાં લથપથ થઈને અલ્લાહની રઝાના માટે લોટપોટ થવું જોઈ લીધું ને ?! હવે જરા તયબહની તરફ ચાલો અને જુઓ કે આશિક઼ાને મુસ્તફા પોતાના આક઼ાના રોઝએ પાક પર હાજરી આપતી વેળા તડપી તડપીને આંખોએથી લોહીનાં આંસૂ વહાવીને કેવી રીતે જાણે પોતાની જાનોનાં નઝરાણા પેશ કરે છે.

**ગૈરસે સુન તો "રઝા" કા'બાસે આતી હૈ સદા**
**મેરી આંખોંસે મેરે પ્યારેકા રૌઝા દેખો**

**અર્થાત :** કા'બાની બુલંદીનો તમારી નજરો વડે નઝારો કર્યો અને આસાનીથી કરી લીધો હશે, હવે જરા કા'બાના પરનાલાને ધ્યાનપૂર્વક જુઓ કે એનુ રુખ સીધુ મદીનાની તરફ નથી ?! જાણે કે ઝબાને હાલથી કહી રહેલ છે કે હાજીઓ ! તમને શું ખબર મદીનાવાળી સરકારનો મર્તબો તથા મક઼ામ શું છે ?! મને પૂછો ! કે હું મૂર્તિઓની નજાસતથી ભરેલો હતો તો આ નબીએ આવીને મને પાક કરીને બયતુલ્લાહ બનાવી આપ્યો. એટલા માટે તો હું એમના આગમનની ખુશીમાં ત્રણ દિવસ તથા ત્રણ રાતો વજદ કરતો રહ્યો ! જેથી તમારી આંખો એના પાત્ર કયાં કે મહબૂબ ﷺના રોઝાને જોવાનો હક્ક઼ અદા કરી શકો, એટલા માટે મારી આંખો વડે મારા પ્યારાનો રોઝો જુઓ !


**:: ઉર્દૂમાં કિતાબ મંગાવો ::**

**હઝરત શાહ વજીહુદ્દીન કી શખ્સિયત ઔર કારનામે** (પેજીસ : ૧૩૬)

**સંપાદક તથા પ્રકાશક** : મુફ્તી મુઝમ્મિલ બરકાતી મિસ્બાહી, Mob. 97249 06852

**ડાયરેકટર** : સદરુશ્શરીઅહ્‌ એજ્યુકેશનલ એન્ડ રીસર્ચ સેન્ટર, મુ. પોરબંદર, પિન : ૩૬૦ ૫૭૫ (ગુજરાત) હઝરત વજીહુદ્દીન અલ્વી ગુજરાતી رحمۃ اللہ علیہ જેમનો શાનદાર મઝાર શરીફ અમદાવાદ ખાનપુર ખાતે આવેલ છે. આ મહાન બુઝુર્ગ હસ્તીના જીવન ચરિત્ર પર પ્રકાશ વેરતી આ કિતાબ ઉર્દૂ વાંચકો માટે ખૂબ જ અણમોલ ખજાનો છે. આપની ઈલ્મી ખિદમતો, આપની વિલાયત, બારગાહે નબવીમાં આપનો મર્તબો, આપનો ઝુહદ તક઼્વો, આપની લખેલ કિતાબો વગેરેનું સુંદર મા'લૂમાતી વર્ણન એમાં છે. પ્રકાશકના સરનામે રૂા. ૧૫૦/– એમ.ઓ. કરીને મંગાવી શકશો. **હદિયો : રૂા. ૧૫૦/-**



**★ ૫ રૂા. ટપાલ ટિકિટ મોકલી મંગાવો ★**

**કિતાબ : મુહર્રમમાં શું જાઇઝ શું નાજાઈઝ ?** મુહર્રમમાં થતી વર્તમાન તાઝીયાદારીની ખરાબીઓના નિર્દેશ સાથે અહલે સુન્નતના ચોટીના ઉલમાના ફત્વા તથા માર્ગદર્શન હેઠળ મુહર્રમમાં કઈ રસ્મો જાઈઝ છે, કઈ નાજાઈઝ તેને દર્શાવતી કિતાબ મંગાવો, લોકોમાં વહેંચો, વાંચો વંચાવો અને સાચા હુસૈની બનો. પ્રકાશક : **અંજુમને રઝાએ મુસ્તફા**, મા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ (મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧)

**અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત**

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ કાદરી**

*(દારુલ ઉલૂમ કાદરિયા ગરીબનવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**

## અલ્ મુહસિય્યુ اَلْمُحْصِی

**(દરેક વસ્તુનો ઘેરાવ કરનાર)**

**સમજૂતી** : તે અઝીમ છે. જ્યારે ઈલ્મની સાથે એવી જાણકારી સામેલ થઈ જાય જે પોતાની ગણતરી રાખતી હોય તો આવા પ્રકારની તમામ જાણકારી તથા વસ્તુઓ પોતાની ગણતરી સાથે જે ઝાતના કંટ્રોલ તથા ઘેરાવમાં હોય તેને મુહસી مُحْصِی કહેવામાં આવશે.

જાહેર છે مُحْصِی અલ્લાહની ઝાત સિવાય કોણ થઈ શકે છે ? સૃષ્ટિની તમામ વસ્તુઓની હદો, તેમની ગણતરી, તેમની માત્રા સાચા અર્થમાં તે ઝાત પર ઉઘાડી છે.

**દર્સ તથા સબક** : આ મુબારક નામથી બંદાનો હિસ્સો એ હોવો જોઈએ કે તે પોતાની નકલ તથા હરકત (કાર્યો)નો હિસાબ કરે, પોતાના જાહેર તથા આંતરિકમાં અલ્લાહની ઝાતને સામે રાખે અને યકીન રાખે કે તે તેની તમામ હરકતો અને અમલોથી વાકેફ છે. અને કાએનાતની તમામ હરકતો તથા સુકૂનો (ફેરફારો)નો તે મુકમ્મલ ઘેરાવ તથા ઈલ્મે મુહીત ધરાવે છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ નામનુ વિર્દ કરવાથી દિલ તાબે થાય છે. જે શખ્સ રોટલીના ૨૦ ટુકડા પર વીસ વીસ વાર یَامُحْصِی **'યા મુહસિય્યુ'** પઢશે અને તેને ખાઈ લેશે તો મખ્લૂક તેના તાબે થઈ જશે. એ જ પ્રમાણે રોટલીના ૨૦ ટુકડાઓ પર ૨૦–૨૦ વાર પઢી કોઈ એવા શખ્સને ખવડાવી દેવામાં આવે જે આ મકસદ હાંસલ કરવા માંગતો હોય તો અલ્લાહના હુકમથી તેનો મકસદ પૂરો થશે.

## اَلْمُبْدِئُ، اَلْمُعِیْدُ

## અલ્ મુબ્દી-અલ્ મુઈદ

**(વગર નમૂને પૈદા કરનાર-બીજી વાર વજૂદ આપનાર)**

**સમજૂતી** : એવી ચીજને વજૂદ આપવુ જેનું ઉદાહરણ પહેલાં ન હોય તેવી વસ્તુઓ બનાવનારને مُبْدِئُ (મુબ્દી) કહેવામાં આવે છે અને જો તેનું ઉદાહરણ પહેલાંથી હોય તેવી વસ્તુ બનાવનારને مُعِیْدُ (મુઈદ) કહેવામાં આવે છે.

**દર્સ તથા સબક** : બંદો પોતાની પેદાઈશની શરૂઆત પર નજર કરે પછી પોતાની છેલ્લી ઘડી પર નજર કરે તો આસાનીથી એ નતીજા પર પહોંચી શકશે કે જે ઝાત એક નિર્જીવ ટીપાથી ઈન્સાનને પેદા કરી શકે છે, તે જ તેને બીજી વાર પણ જીવંત કરશે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : اَلْمُبْدِئُ **"અલ્ મુબ્દી"**ની ખાસિયતમાંથી છે કે સગર્ભા ઔરતના પેટ પર સેહરીના સમયે ૨૯ વાર یَاالْمُبْدِئُ **"યા મુબ્દી"** પઢવામાં આવશે તો તેનો ગર્ભ મેહફૂઝ રહેશે.

اَلْمُعِیْدُ **"અલ્ મુઈદુ"**ની ખાસિયત એ છે કે દિમાગમાં જે મેહફૂઝ છે. તે یَامُعِیْدُ **'યા મુઈદ'**ના

વિર્દથી યાદ તથા મેહફૂઝ રહેશે અને એની સાથે يَاالْمُبْدِئُ **"યા મુબ્દી"** પણ લગાડી દેવામાં આવે તો વધારે બેહતર રહેશે.

અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી ફર્માવે છે કે :–

**يَا مُبْدِئَ الْبَدَائِعِ لَمْ يَبْغِ فِى إِنْشَائِهَا عَوْنًا مِنْ خَلْقِهِ**

**'યા મુબ્દીઅલ્ બદાઈઈ લમ્ યબ્ગિ ફી ઈન્શાઈહા અવ્નન્ મિન્ ખલ્કિહિ'** જે શખ્સ પૂરી પાબંદીની સાથે એનો વિર્દ કરશે તેની ઈજ્જત આબરૂમાં વધારો થશે. અને જે શખ્સ આ દુઆને ૧૦૦૦ વાર પઢશે તેની પરેશાની અને બેચેની ખત્મ થઈ જશે અને તેના સ્વભાવમાં એકાગ્રતા પેદા થશે.

## الْمُحْيِى، الْمُمِيتُ
## અલ્ મુહયી-અલ્ મુમીતુ

**(સૌને જિંદગી આપનાર–સૌને મૌત આપનાર)**

**સમજૂતી** : દરેક જાનદારને તે જ જિંદગી અતા કરવાવાળો છે અને દરેકને મૌત પણ તે જ આપે છે. અલ્લાહ તઆલા સિવાય જિંદગી તથા મૌતનો પૈદા કરનાર કોઈ નથી થઈ શક્તો.

**تَبَارَكَ الَّذِى بِيَدِهِ الْمُلْكُ وَهُوَ عَلىٰ كُلِّ شَىْءٍ قَدِيرٌ ۝ الَّذِى خَلَقَ الْمَوْتَ وَالْحَيَاةَ لِيَبْلُوَكُمْ أَيُّكُمْ أَحْسَنُ عَمَلًا**

"પાક તથા ઉચ્ચતાવાળો છે તે જેના કબજામાં (સર્વ આલમો)ની બાદશાહી છે અને તે દરેક ચીજ પર પૂરી રીતે કાદિર (શક્તિમાન) છે. જેણે મૌત તથા હયાતને પેદા કરી જેથી તે તમારી પરીક્ષા લે કે તમારામાં અમલના લેહાઝથી કોણ બેહતર છે." *(સૂ. મુલ્ક, ૧–૨)*


જેની કુદરતના તાબામાં સર્વ જહાનોની સુલ્તાની તથા ફર્માંરવાઈ (સત્તા) હોય, બુલંદીઓ છે, પસ્તીઓ છે, આસ્માન તથા જમીન છે, દરેક પ્રકારની મખ્લૂકાત, દરેક જાતના હાલાત અને બનાવો સર્વ તેના તસર્રુફમાં છે. જિંદગી અને મૌતનો સિલસિલો કાયમ કરનાર અલ્લાહ તઆલા જ છે. તેના જ હુકમથી કોઈ ચીજ વજૂદમાં આવે છે અને નાબૂદ પણ થાય છે.

કોઈ પણ વસ્તુ ન તો આપમેળે વજૂદમાં આવી શકે છે ન તો નાબૂદ થઈ શકે છે. તેની સાથે જ તેની હિકમત પણ બયાન કરી દીધી કે તેનાથી મકસદ તમારી પરીક્ષા લેવાનો છે કે અમે સાંભળવાની, જોવાની, સમજવાની જે બેહિસાબ કુવ્વતો તથા કાબેલિયતો તમને અર્પણ કરી પછી આ જીવન સૃષ્ટિમાં તમને બુલંદ મર્તબો આપ્યો. હવે જોવાનુ એ છે કે આ બધી નેઅમતોની તમે કદર કરો છો અને તેની કુવ્વતને રાજીખુશીથી અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા ખર્ચ કરો છો કે પછી દૌલત તથા હુકૂમત તથા જવાનીના નશામાં મગ્ન થઈ પોતાના ખાલિકની નાફર્માનીમાં આ બધી તાકાતો વેડફી નાખો છો.

**દર્સ તથા સબક** : બંદો અલ્લાહની ઈતાઅતમાં પોતાની હસ્તીને ફના કરી દુનિયાવી ગુનાહોથી પૂરેપૂરો દૂર થઈ તેનાથી નફરત કરવાવાળો થઈ જાય.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામ **الْمُحْيِى 'અલ્ મુહયી'**ની ખાસિયત એ છે કે તેનું ઝિક્ર કરનાર મહોબ્બત પામે છે. જો કોઈ શખ્સના દિલમાં કોઈ જાલિમનો ડર યા ખૌફ હોય તો તે રોટલીના એક ટુકડા પર **يَا الْمُحْيِى 'યા મુહયી'**નો ઝિક્ર કરી ટુકડાને ખાઈ લેશે તો તેનો ખૌફ દૂર થશે.

**الْمُمِيتُ 'અલ્ મુમીતુ'**ની ખાસિયત એ છે કે જો કોઈ શખ્સને પોતાના નફસ પર કંટ્રોલ ન હોય તો વધુ ને વધુ **يَاالْمُمِيتُ 'યા મુમીતુ'**નો વિર્દ કરે, ઈન્શાઅલ્લાહ ! નફસ પર કાબૂ આવી જશે.





# રાહતુલ કુલૂબ

**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર** رحمۃ اللہ علیہ

સંપાદક : **મહબૂબે ઈલાહી**

**હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

યાદ રાખશો કે અલ્લાહ તઆલાની તૌફીક઼થી આ ઈલ્હામે રબ્બાનીના ખજાનાનાં ઝવેરાત તથા સુબ્હાની ઈલ્મોના ફઝ્લના ગુન્ચાઓ સુલ્તાનુલ મશાઈખ શયખુશ્શોયૂખુલ આલમ કુતુબ અલ્લામતુદ્દુન્યા, બદરુત્તરીક઼હ, બરહાનુલ હક઼ીક઼ત. સૈયદુલ આબિદીન, બદરુલ આબિદીન, ઉમ્દતુલ અબરાર, કુદવતુલ અખ્બાર, તાજુલ અસ્ફિયા, સિરાજુલ અવલિયા, મલિકુલ મસાકીન, બુરહાનુલ આશિક઼ીન, ફરીદુલ હક્ક઼ વશ્શરહુલ વાલિદૈન رحمۃ اللہ علیہની મોતીઓ વેરતી ઝબાનેથી સાંભળીને જમા કર્યા. અને અન સંગ્રહનું નામ **"રાહતુલ કુલૂબ"** રાખ્યું.

૧૫ માહે રજબ હિ.સ.૬૫૫ના રોજ કદમબોસીની દૌલત નસીબ થઈ. મુસલમાનોનો દુઆગો નિઝામુદ્દીન અહમદ બદાયૂની જે સુલ્તાનુત્તરીક઼તનો એક ગુલામ આ મોતીઓને એકત્ર કરનારો છે, તે અર્ઝ કરે છે કે જ્યારે ક઼દમબોસીનો શરફ હાંસલ થયો તો આપે ચાર તુર્કી કુલાહ જે માથે પહેરી હતી તેને ઉતારીને દુઆગોના માથા પર રાખી અને ખાસ ખિર્ક઼ા તથા લાકડાની ના'લૈન (પગરખાં મુબારક) અતા ફર્માવી.

તેમજ ફર્માવ્યું કે મારો ઈરાદો તો હતો કે હિંદુસ્તાનની વિલાયત કોઈ અન્યને આપું પરંતુ તમે રસ્તામાં હતા એવામાં ઈલ્હામ થયો કે આ વિલાયત નિઝામુદ્દીન અહમદ બદાયૂનીની છે, એને આપો. હું ક઼દમબોસીની આતુરતામાં ઉઠીને કાંઈક અર્ઝ કરવા ગયો પરંતુ રૂઆબના કારણે ન કરી શક્યો. આપે રોશન ઝમીરીના કારણે વાકેફ થઈને ફર્માવ્યું, હા ! એનાથી તમારી આતુરતા જેવી કે દિલમાં છે એનાથી અધિક અમારા સમક્ષ રોશન છે.

## પીરની વાણીને લખવાનો અજ્ર

તેમજ એ પણ ફર્માવ્યું કે لکل داخل وهشة જ્યારે મેં સાંભળ્યું, તો દિલમાં ખયાલ કર્યો કે એના પછી જે કાંઈ ઝબાન મુબારકથી નીકળશે તેને હું લખતો જઈશ. હજી આ ખયાલ મારા દિલેથી પસાર થવા જ ન પામ્યો હતો એવામાં ફર્માવ્યું કે એ મુરીદની કેટલી ખુશનસીબી છે કે જે પોતાના પીરનાં ફર્માનોને કલમબંદ કરે, અને હોશના કાન એ તરફ લગાડે. એટલા માટે કે અબરારે અવલિયામાં લખ્યું છે કે જ્યારે મુરીદ કાંઈક પોતાના પીરની ઝબાની સાંભળે અને તેને લખે તો લખાણના અક્ષરોના બદલામાં

હજાર વરસની ઈતાઅતનો સવાબ તેના આમલનામામાં લખવામાં આવે છે, અને મૃત્યુ બાદ તેનો મક઼ામ ઈલ્લીયીનમાં લખવામાં આવે છે. એ વખતે ઝબાન મુબારકથી આ શેઅર કહ્યો :

**અય આતિશે ફિરાક઼ત દિલહા કબાબ કરદા**
**સૈલાબે ઈશ્તિયાક઼ત જહાંહા ખરાબ કરદા**

**(અર્થ)** : "હે જેના વિરહની આગે દિલોને કબાબ કરી દીધાં છે. તારી આતુરતાના પુરે દુનિયાઓ તબાહ કરી દીધી છે."

પછી એ પ્રસંગાનુસાર ફર્માવ્યું કે લોકોએ દરેક સમયે એવા જ હોવું જોઈએ એટલા માટે કે કોઈ ક્ષણ એવી નથી હોતી કે એવા શખ્સના દિલમાં એ સદા નથી આવતી કે ઝિંદાદિલ તે જ છે જેનામાં મહોબ્બત તથા ઈશ્તિયાક઼ છે.

## દુરવેશી કોને કહેવાય છે ?

સારાંશ કે દુરવેશીના બારામાં ચર્ચા શરૂ થઈ તો ઝબાન મુબારકથી ફર્માવ્યું કે દુરવેશી પર્દાપોશી છે અને ખિર્કો પહેરવો એનું કામ છે જે મુસલમાન વગેરેની અયબોને છુપાવે અને કોઈની સમક્ષ જાહેર ન કરે, અને દુનિયવી માલ એની પાસે હોય એને ખુદાની રાહમાં ખર્ચી નાખે અને સંગ્રહ ન કરે.

પછી ફર્માવ્યું કે અસ્હાબે તરીક઼ત અને મશાઈખે કેબાર (મહાન શયખો) પોતાના ફવાઈદમાં લખે છે કે ઝકાત ત્રણ પ્રકારની હોય છે : શરીઅતની ઝકાત, તરીક઼તની ઝકાત, હક઼ીક઼તની ઝકાત. શરીઅતની ઝકાત એ છે કે જો ચાલીસ દિરહમ હોય તો એમાંથી પાંચ દિરહમ ખુદાની રાહમાં ખર્ચ કરે. તરીક઼તની ઝકાત એ છે કે ચાલીસમાંથી પાંચ પોતાની પાસે રાખે અને બાક઼ી રાહે ખુદામાં ખર્ચ કરે અને હક઼ીક઼તની ઝકાત એ છે કે ચાલીસમાંથી કાંઈ પણ ન બચાવે, બલ્કે તમામ રાહે ખુદામાં વહેંચી આપે. એટલા માટે કે દુરવેશી ખુદફરોશી છે.

પછી એ જ મૌક઼ાના હેઠળ ફર્માવ્યું કે આ દુઆગોએ શયખ શહાબુદ્દીન સુહરવર્દી رحمۃ اللہ علیہની ઝિયારત કરી છે અને અમુક દિવસો આપની ખિદમતમાં પસાર કર્યા છે. એ અરસામાં લગભગ છ હજાર દીનાર દરરોજ આપની ખાનકાહમાં નઝરાણા રૂપે આવતા અને સૌ ખુદાની રાહમાં ખર્ચ કરી દેવામાં આવતા, અને રાતે એક પૈસો પણ ન બચતો. સાથોસાથ એવું ફર્માવતા કે જો હું કાંઈ બચાવું તો મને દુરવેશ નહીં કહેવાશે બલ્કે કહેવાશે કે આ દુરવેશ માલદાર છે !

પછી એ મોક઼ાસર ફર્માવ્યું કે દુરવેશી ક઼નાઅત (થોડામાં રાજી રહેવા)માં છે. જે કાંઈ મળે તેને ન કહે કે આવું મળવું જોઈએ. કેમ કે "સુલૂકે અવલિયા"માં મેં લખેલું જોયું છે કે એકવાર માલિક દીનાર رحمۃ اللہ علیہ કોઈ દુરવેશની ઝિયારતના માટે ગયા તો તેમની સાથે સુલૂકના બારામાં ચર્ચા શરૂ થઈ એ અરસામાં જવની બે રોટલીઓ દુરવેશની પાસે હતી પણ નમક વિનાની હતી. માલિક દીનારે ફર્માવ્યું, જો મીઠુ હોત તો બેહતર થાત. દુરવેશની પુત્રીએ આ સાંભળતાં જ કૂજો ઉઠાવીને વાણીયાની દુકાને ગીરો રાખ્યો અને નમક (મીઠુ) લાવીને હાજર કર્યું. બંનેવે મળીને ખાધું. તો માલિક દીનારે ફર્માવ્યું કે ક઼નાઅત આનું નામ છે ! દીકરીએ આદાબ બજાવી લાવીને અર્ઝ કરી કે જો તમારામાં ક઼નાઅત હોત તો આપણો કૂજો વાણીયાની દુકાન ગીરો શા માટે રાખવામાં આવતો ?! હે માલિક દીનાર ! સાંભળો ! અમારી એ હાલત છે કે સત્તર (૧૭) વરસોથી અમે મીઠા (નમક)ને બિલકુલ ત્યજી દીધેલું છે. આ શું આપે ફર્માવ્યું ?! દુરવેશી આપનાથી દૂર છે ! અને આ રૂબાઈ ઝબાન મુબારકથી ફર્માવી.

અર્થ : "જ્યારે ઉમર પૂર્ણ થઈ ગઈ તો દુરવેશી બેહતર છે. જ્યારે દરેક કામ તક઼દીરના પ્રમાણે જ

થાય છે તો વધુ મેળવવા માટે પ્રયાસો ન કરવા બેહતર છે. જ્યારે જીવન ભયમાં છે તો કંબલ ઓઢી લેવી બેહતર છે. જ્યારે કહેલુ લખાયેલુ છે તો ચૂપ રહેવું બેહતર છે.''

ત્યારબાદ ખિર્કાના બારામાં ચર્ચા શરૂ થઈ તો ઝબાન મુબારકથી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺને મેઅરાજની રાતે ખિર્કો અતા થયો. જ્યારે મેઅરાજથી પરત તશરીફ લાવ્યા તો અગ્રગણ્ય સહાબીઓને બોલાવીને ફર્માવ્યું, મને પરવરદિગારથી ખિર્કો મળ્યો છે અને હુકમ થયો કે તમારામાંથી કોઈ એકને આપું. હવે હું એક વાત પૂછીશ, જે એ વાતનો સહીહ જવાબ આપશે એને ખિર્કો આપીશ. પ્રથમ અબૂબક્ર સિદ્દીક્ رحمۃ اللہ علیہને સંબોધીને ફર્માવ્યું, હે અબૂબક્ર ! જો હું આ ખિર્કો તમને આપુ તો તમે શું કરશો ? અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ જો આ ખિર્કો મને એનાયત થયો તો હું સિદ્દક્ અપનાવું, અલ્લાહ તઆલાની ઈતાઅત કરું અને જે દુનિયવી માલ મારી પાસે છે તે સર્વ રાહે ખુદામાં ખર્ચી કાઢું.

ત્યારબાદ હઝરત ઉમર رحمۃ اللہ علیہને ફર્માવ્યું કે હે ઉમર ! જો આ ખિર્કો તમને અર્પણ થાય તો તમે શું કરો ?! અર્ઝ કરી, અદ્લ (ન્યાય) કરું, અને ખુદાના બંદાઓ સાથે ઈન્સાફથી વર્તું, અને મઝલૂમો (જુલ્મ પીડિતો)ની ફરિયાદ સાંભળું. પછી હઝરત ઉષ્માન ગની رحمۃ اللہ علیہને સંબોધીને ફર્માવ્યું કે જો આ ખિર્કો તમને એનાયત થાય તો તમે શું કરો ? અર્ઝ કરી કે ઈત્તેફાક (એકતા)થી મળીને કામ કરું અને જે હક્ક્ હોય એને અમલમાં મૂકુ, હયા અપનાવું અને સખાવત કરું, પછી હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને ફર્માવ્યું કે હે અલી ! જો આ ખિર્કો તમને આપુ તો શું કરો ? અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું પર્દાપોશી કરું, અને ખુદાના બંદાઓના અયબો છુપાવું. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે હે અલી ! આ ખિર્કો તમને આપુ છું, અને મને પરવરદિગારનો હુકમ પણ એ જ હતો કે યારોમાંથી જે આ જવાબ આપશે તેને ખિર્કો આપજો. એ વખતે શયખ સાહબ ચોધાર આંસૂએ રડયા અને બેહોશ થઈ ગયા. જ્યારે હોશમાં આવ્યા તો ઝબાન મુબારકથી ફર્માવ્યું કે, જાણવા મળ્યું કે દુરવેશી પર્દાપોશીનું નામ છે, જેથી દુરવેશ માટે જરૂરી છે કે આ ચાર ચીજોથી દૂર રહે : ૧. આંખો આંધળી બનાવી લે કે જેથી લોકોના અયબો ન જુએ. ૨. કાનોને બહેરા કરે જેથી ન સાંભળવા લાયક વાતો ન સાંભળે. ૩. જીભને ગુંગી કરે જેથી ન કહેવાવાળી કોઈ વાત ન કહે. ૪. પગોને લંગડા કરે જેથી જ્યાં જવું મુનાસિબ ન હોય ત્યાં ન જાય. તો જો કોઈનામાં આ ખાસિયતો જોવા મળે છે તો સમજી લો કે દુરવેશ છે, નહીં તો તે કેવળ દાવેદાર છે અને એનામાં દુરવેશીની કોઈ વાત નથી.

## પેટલાદમાં ઉર્સે સૈયદ નૂરાનીબાવા رحمۃ اللہ علیہ

**પેટલાદ** : તા. ૭–૮–૨૦૧૫ ૨૩ ઝીકઅદા હિ.સ. ૧૪૩૬ રવિવારના રોજ મોહસિને સુન્નિયત પીરે તરીક્ત હઝરત સૈયદ મુહમ્મદ નૂરાનીબાવા رحمۃ اللہ علیہનો ઉર્સ મુબારક સજ્જાદાનશીન હઝરત સૈયદ મુહમ્મદ યૂસુફબાવા નૂરાનીની સદારતમાં યોજાયો. ગુજરાતના વિવિધ સ્થળોએથી મુરીદો, ચાહકો, અક્રીદતમંદોની ભીડમાં ઝોહર બાદ જુલૂસ હઝરતના ઘરેથી નીકળી દરગાહ શરીફ પહોંચ્યું હતું. જ્યાં ગુલપોશી, ફાતેહા સલામ દુઆ થઈ હતી. U.K.થી જનાબ હાફેઝ આદમ સાહબ કંબોલ્વી તથા તેમના ભાઈ મુબારકભાઈ વગેરે તેમજ અન્ય હઝરાતે ખાસ હાજરી આપી હતી. હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી ભોલાવવાળા તથા તંત્રી બરકાતે ખ્વાજા માસિક તેમજ મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી વગેરેએ પણ ખાનકાહ તથા દરગાહે હાજરી આપી ફયઝે નૂરાની હાંસલ કર્યો હતો.

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવાળી

## હજ્જનું બયાન

નમાઝ અને દુઆથી ફારિગ થયા પછી મુલ્તઝિમ પાસે જવું અને હજરે અસ્વદની નજીક મુલ્તઝિમથી એવી રીતે લપેટાવું કે (છાતી) સીના, જમણા અથવા ડાબા ચહેરાનો ભાગ એના પર રાખવો અને બન્ને હાથોને માથાથી ઉપર ઊંચા રાખીને દિવાલ પર લગાડવા અથવા જમણો હાથ કા'બાના દરવાજા તરફ તથા ડાબો હાથ હજરે અસ્વદની તરફ ફેલાવવો અને આ દુઆ પઢવી :–

يَاوَاجِدُ يَامَاجِدُ لَا تُزِلْ عَنِّىْ نِعْمَةً اَنْعَمْتَهَا عَلَىَّ۔

મુલ્તઝિમ સાથે લપેટાયા પછી ઝમઝમના કૂવા પર પહોંચવું. બની શકે તો એક ડોલ પાણી જાતે ખેંચવું અથવા બીજા કોઈ ભરવાવાળા પાસેથી લેવું અને કા'બા તરફ મોઢું રાખીને ત્રણ શ્વાસમાં ઊભા ઊભા પેટ ભરીને જેટલું પી શકો એટલું પાણી પીઓ. દરેક વખતે **બિસ્મિલ્લાહ**થી શરૂ કરવું અને છેવટે **અલ્હમ્દુલિલ્લાહ** બોલવું. દરેક વખતે કા'બા શરીફ તરફ નજર રાખી જોઈ લેવું. વધેલું પાણી શરીર તેમજ હાથ, પગ, મોં પર લગાડવું અને પીતી વખતે દુઆ કરવી કે જેથી કબૂલ થાય. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે ઝમઝમ જે મુરાદથી પીવામાં આવશે તે મુરાદ માટે છે, તે વખતે આ દુઆ પઢવી :–

اَللّٰهُمَّ اِنِّىْ اَسْئَلُكَ عِلْمًا نَافِعًا وَّرِزْقًا وَّاسِعًا وَّعَمَلًا مُّتَقَبَّلًا وَّشِفَاءً مِّنْ كُلِّ دَاءٍ۔

અથવા બીજી દુઆઓ પઢવી. ઝમઝમના કૂવાની અંદર નજર પણ નાંખો કેમ કે હદીષના હુકમથી એ નિફાકને દૂર કરનાર છે. ત્યાર બાદ જો થાક વગેરેનું કારણ ન હોય તો સફા–મરવાની સઈ કરવા માટે હજરે અસ્વદ પાસે આવીને તકબીરે તેહરીમા વગેરે કહેતાં કહેતાં ચૂમો અને એ શકય ન બને તો એના તરફ મોઢું રાખીને اَللّٰهُ اَكْبَرُ وَلَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَالْحَمْدُ لِلّٰهِ (**અલ્લાહુ અકબર વ લાઈલાહ ઈલ્લલ્લાહુ વલહમ્દુ લિલ્લાહ**) તથા દુરૂદ શરીફ પઢતાં પઢતાં તરત જ બાબે સફાથી સફા તરફ ચાલવું. (મસ્જિદના દરવાજામાંથી ડાબો પગ પહેલાં બહાર કાઢવો અને જોડામાં પ્રથમ જમણો પગ અંદર નાંખવો. દરેક મસ્જિદમાંથી નીકળતી વેળા આ પ્રમાણે જ કરવું અને મસ્જિદથી બહાર નીકળવા માટેની જે દુઆ લખેલી છે તે પઢવી.) ઝિક્ર અને દુરૂદ શરીફ પઢતાં પઢતાં સફાના (પગથિયાં) પહેલી સીડી પર ચઢવું. એનાથી આગળ ન વધવું, કેમ કે નાજાઈઝ છે. સીડી (પગથિયાં) પર ચઢતાં ચઢતાં આ દુઆ પઢવી :–

اَبْدَءُ بِمَا بَدَاءَ اللّٰهُ بِهٖ اِنَّ الصَّفَا وَالْمَرْوَةَ مِنْ سَعَآئِرِ اللّٰهِ فَمَنْ حَجَّ الْبَيْتَ اَوِعْتَمَرَ فَلَا جُنَاحَ عَلَيْهِ اَنْ يَّطَّوَّفَ بِهِمَا وَمَنْ تَطَوَّعَ خَيْرًا فَاِنَّ اللّٰهَ شَاكِرٌ عَلِيْمٌ۔

ત્યાર બાદ કા'બા શરીફ તરફ મોઢું કરીને બન્ને ખભા સુધી દુઆ કરવાની જેમ બન્ને હાથોને ઊઠાવવા અને એટલી રોકાઓ કે જેટલી વારમાં સૂરએ બકરની ૨૫ આયતો પઢી શકાય અને તસ્બીહ, તહલીલ, દુરૂદ વગેરે પઢો અને પોતાના માટે, દોસ્તો, અઝીઝો તથા તમામ મુસલમાનો માટે દુઆ કરો, કેમ કે અહીં દુઆ મકબૂલ થાય

છે. અહીંયાં પણ ઘણી દુઆઓ પઢો. જ્યારે દુઆ કરી ચૂકયા તો પછીથી સઈની નિય્યત કરો. એની નિય્યત આ પ્રમાણે છે :–

اَللّٰهُمَّ اِنِّیْ اُرِیْدُ السَّعْیَ بَیْنَ الصَّفَا وَالْمَرْوَةَ فَیَسِّرْهُ لِیْ وَتَقَبَّلْهُ مِنِّیْ۔

પછી સફાથી ઉતરીને મરવા તરફ ચાલવું. ઝિક્ર, દુરૂદ શરીફ પઢતા રહેવું. જ્યારે લીલા કલરનો પહેલો પથ્થર આવે ત્યાંથી દોડવાનું શરૂ કરે અને એ કલરના બીજા પથ્થરથી થોડેક આગળ સુધી દોડતાં ચાલ્યા જવું. પછી ધીમેથી ચાલવું અને આ પ્રમાણે (ઝિક્ર–દુરૂદ) પઢતાં પઢતાં મરવા સુધી પહોંચવું. અહીં પહેલા પગથિયા પર ચઢવું, બલ્કે એની નજીક જમીન પર ઊભા રહેવાથી મરવા પર ચઢેલું ગણાશે. એટલા માટે દિવાલ સાથે ન લાગી જવું, કેમ કે એ જાહિલોનો તરીકો છે. મકાનો બની જવાને કારણે અહીંથી કા'બા શરીફ જોઈ શકાતો નથી પરંતુ કા'બા શરીફ તરફ મોઢું રાખીને જે રીતે સફા પર કરવામાં આવ્યું હતું તે પ્રમાણે તસ્બીહ, તહલીલ, હમ્દો ષના, દુરૂદ અને દુઆઓ કરો. આ એક ચક્કર થયો. પછીથી ઝિક્ર, દુઆઓ વગેરે કરતા કરતા સફા તરફ ચાલવા લાગો. જ્યારે મરવાના લીલા કલરના પથ્થર પાસે પહોંચો તો દોડવાનું શરૂ કરો. એટલે સુધી કે સફાના લીલા કલરના પથ્થરથી આગળ વધી જાઓ. ત્યાર બાદ ધીમા પડો, સફા પર ચઢો. આ બીજો ચક્કર થયો. એ જ રીતે પછીથી સફાથી મરવા તરફ જાઓ. એ ત્રીજો ચક્કર થયો. પછી મરવાથી સફા તરફ. એ ચોથો ચક્કર થયો. એ જ રીતે પાંચમો, છટ્ઠો, સાતમો ચક્કર પૂરો કરો. સાતમો ચક્કર મરવા પર પૂરો થશે. આ રીતે સાત ચક્કર મારવાનું નામ **સઈ** છે જે સફાથી શરૂ થશે અને મરવા પર પૂરી થશે. બન્નેની દરમિયાન કુલ સાત દોડ થશે. સઈ કર્યા પછી આઠમી તારીખ સુધી મક્કા શરીફમાં રોકાય. તે દરમિયાન લબ્બૈક પૂકારા કરે અને ઈસ્તેબાઅ, રમલ તથા સઈ વગરના ફકત તવાફ કર્યા કરે અને દરેક વખતે સાત ચક્કર પૂરા થયા બાદ મકામે ઈબ્રાહીમ પર બે રકાત નફ્લ નમાઝ પઢવી. સાતમી તારીખે મસ્જિદે હરામમાં ઝોહરની નમાઝ બાદ ઈમામ જે ખુત્બો પઢે તેને સાંભળે, પછી **આઠમી** તારીખે સવારના સૂરજ ઊગ્યા બાદ મક્કાથી નીકળી મિના તરફ પ્રયાણ કરવું. આખા રસ્તે લબ્બૈક, દુઆ, દુરૂદો અથવા ષના વગેરે પઢતાં રહેવું. જ્યારે મિના નજરો સામેથી દેખાય ત્યારે આ પઢવું:

اَللّٰهُمَّ هٰذِهٖ مِنًا فَامْنُنْ عَلَیَّ بِمَامَنَنْتَ بِهٖ عَلٰی اَوْلِیَاءِکَ۔

મિના પહોંચ્યા બાદ અહીં રાત રોકાવું. આઠમીની ઝોહરથી લઈને નવમી તારીખની સવાર સુધીની પાંચે નમાઝો અહીં મસ્જિદે ખૈફમાં પઢવી. અરફાની રાત એટલે કે નવમીની રાત મિનામાં ઝિક્ર, ઈબાદતમાં ગુજારવી. નવમીની સવારમાં ફજરની નમાઝ પઢીને ઝિક્ર, ઈબાદતમાં મશગુલ રહી જ્યારે સૂરજ પહાડી પર ચમકે ત્યારે આખા રસ્તે લબ્બૈક, દુરૂદ વગેરે પઢતાં પઢતાં અરફાત તરફ ચાલવા માંડો. જ્યારે જબલે રહમત નજરે પડે ત્યારે ઝિક્ર, દુઆ વગેરે વધુ કરતા રહો. કારણ કે એ દુઆ વગેરે કબૂલિયત થવાનો સમય છે. અરફાતમાં જબલે રહમતની પાસે અથવા જ્યાં જગા મળે ત્યાં રસ્તો છોડીને મુકામ કરે. બપોર થવા આવે ત્યારે સ્નાન કરે કેમ કે એ સુન્નતે મોઅક્કેદા છે અને ન્હાવું શકય ન હોય તો ફકત વુઝૂ કરવું. બપોરે સૂરજ ઢળતાં મસ્જિદે નમરા પહોંચી સુન્નતો પઢવી. ખુત્બો સાંભળવો અને ઈમામ સાથે ઝહોરની નમાઝ પઢવી. એના પછી તરત જ અસરની તકબીર થશે. સાથે સાથે જમાઅતથી અસરની નમાઝ પઢવી. આજે અહીં ઝોહર અને અસરની વચ્ચે સલામ–કલામ તો ઠીક સુન્નતો પણ ન પઢે અને અસરની નમાઝ બાદ નફ્લો પણ ન

પઢે. અસર પઢયા પછી (તમારા) રોકાણ પર પહોંચી જાઓ. સૂરજ આથમતા સુધી ઝિક્ર, દુરૂદ, દુઆઓમાં મશગૂલ રહો. જ્યારે સૂરજ આથમી જાય કે તરત મુજદલફા (ઈમામની સાથે) પહોંચવા નીકળી પડો. જો ઈમામ મોડુ કરે તો એમની રાહ ન જુઓ. રસ્તામાં લબ્બૈક, દુઆઓ, દુરૂદ વગેરે કરતા રહો. પગપાળા કે સવારી પર જતા હોઉ તો બની શકે તો ઝડપ કરો. જ્યારે મુજદલફા નજર સમક્ષ દેખાય તો પગપાળા ચાલવું બેહતર છે અને ન્હાયને દાખલ થવું સારું છે. દાખલ થતી વેળા આ દુઆ પઢવી :–

**اَللّٰھُمَّ ھٰذَا جَمۡعٌ نَسۡئَلُكَ الۡعَفۡوَوَالۡعَافِيَةَ فِی الدُّنۡيَا وَالۡاٰخِرَةِ۔**

અહીં આવ્યા બાદ જબલે કુજહ પાસે રસ્તો છોડી રોકાણ કરવું અને એ શકય ન હોય તો જ્યાં જગા મળે ત્યાં રોકાણ કરવું. અહીં મગરિબ અને ઈશા એક સાથે પઢવી. ભલે મગરિબનો સમય બાકી કેમ ન હોય  તો પણ અહીં મગરિબ અને ઈશા બન્ને અદાની નિય્યતથી પઢવામાં આવશે. પહેલાં મગરિબના ફર્ઝ પઢે, એના પછી તરત જ ઈશાના ફર્ઝ પઢે. પછી મગરિબ અને ઈશાની સુન્નતો પઢવી. પછી વિત્ર પઢવા. નમાઝોથી પરવાર્યા બાદ બાકીની રાત લબ્બૈક, ઝિક્ર, દુઆ, દુરૂદ વગેરેમાં પસાર કરવી બેહતર છે, કેમ કે આ ઘણી અફઝલ જગા અને ઘણી અફઝલ રાત છે. સવારે ખૂબ જ અંધારામાં ફજર પઢવી. ફજરની નમાઝ બાદ મશઅરૂલ હરામમાં એટલે કે ખાસ પહાડી પર અથવા એ ન બને તો એની તળેટીમાં અને એ પણ શકય ન હોય તો વાદીએ મોહસ્સર સિવાય જ્યાં પણ જગ્યા મળે ત્યાં મુકામ કરવો અને અરફાતમાં જે રીતે લબ્બૈક, દુઆઓ વગેરે કર્યું હતું તે જ રીતે દુઆ, દુરૂદમાં મશગૂલ રહો. આ રોકાણનો સમય ફજરથી લઈને અજવાળું થવા સુધીનો છે. જો આ સમયમાં અહીં ન આવ્યા તો રોકાણ ગણાશે નહીં. પછીથી સૂર્યોદય થતા પહેલાં બે રકાત નમાઝ પઢી શકાય એટલો વખત બાકી રહે ત્યારે ઈમામની સાથે મિના જવું અને અહીંથી સાત કાંકરીઓ ખજૂરના ઠળિયા બરાબરની પાક જગ્યાએથી લઈને તેને ત્રણ વાર ધોઈને સાથે લેતા જવું. રસ્તામાં દુઆ, લબ્બૈક વગેરે પઢતાં રહેવું. જ્યારે વાદીએ મોહસ્સર પરથી પસાર થાઓ ત્યારે ઝડપથી ચાલી નીકળવું અને આ દુઆ પઢવી :

**اَللّٰھُمَّ لَا تَقۡتُلۡنَا بِغَضَبِكَ وَلَا تُھۡلِكۡنَا بِعَذَا بِكَ وَعَافِنَا قَبۡلَ ذَالِكَ۔**

જ્યારે મિના જોવામાં આવે ત્યારે આ પઢવું :

**اَللّٰھُمَّ ھٰذِیٰ مِناً فَامۡنُنۡ عَلَیَّ بِمَامَنَنۡتَ بِهٖ اَوۡلِيَائِكَ**

અને મિના પહોંચી સૌ પ્રથમ જમરતુલ અકબા જવું. જમરાથી ઓછામાં ઓછું પાંચ હાથ જેટલું દૂર ઊભા રહી મક્કા મોઅઝ્ઝમા તરફથી પહેલાં નાળાની વચ્ચે સવારી પર રહેવું એવી રીતે કે મીના જમણા હાથ તરફ અને કા'બા ડાબા હાથ તરફ રહે અને મોઢું જમરા તરફ રહે. ચપટીમાં એક કાંકરી લઈને બગલની રંગત જાહેર થાય. એ રીતેના હાથ ઊંચા કરી :–

**بِسۡمِ اللّٰهِ اَللّٰهُ اَكۡبَرُ رَغۡمًا لِّلشَّيۡطَانِ رِضَالِلرَّحۡمٰنِ اَللّٰھُمَّ اجۡعَلۡهُ حَجًّا مَبۡرُوۡراً وَّسَعۡيًا مَشۡكُوۡراً وَّذَنۡبًا مَغۡفُوۡراً۔**

પઢતાં પઢતાં મારવી. બેહતર એ છે કે કાંકરીઓ જમરા સુધી પહોંચે નહીંતર ત્રણ હાથ જેટલા દૂર રહેવા પામે (પડે.) જો એનાથી વધારે દૂર પડશે તો એની ગણતરી થશે નહીં. આ રીતે સાત કાંકરીઓ મારવી. પહેલી કાંકરી મારતી વખતથી જ લબ્બૈક બંધ કરવું. જ્યારે સાતમી કાંકરી મારી ચૂકો તો ત્યાં ન રોકાવું. તરત જ ઝિક્ર, દુઆ કરતા પાછા ફરવું. હવે રમી કર્યા પછી કુર્બાની

કરવી, કુર્બાની કર્યા પછી પોતાની તથા તમામ મુસલમાનોની હજ અને કુર્બાની કબૂલ થવાની દુઆ માંગવી. પછીથી કિબ્લા રૂખ બેસીને આખુ માથું મૂંડાવવું અથવા બાલ કતરાવવા, પરંતુ મૂંડાવવું બેહતર છે. ઔરતે બાલ મૂંડાવવાં હરામ છે, તે એક બેડકા બરાબર કતરાવી લે. બાલને દફન કરવા અને હમેશાં શરીરથી જે ચીજ જેમ કે બાલ, નખ, ચામડી વગેરે અલગ પડે તેને દફન કરી દેવામાં આવે. બાલ બનાવતાં પહેલાં નખ કાપવા, દાઢી, મૂંછ બનાવવા નહીં, નહીં તો દમ લાગુ પડશે. હા! માથુ મૂંડાવ્યા બાદ મૂછ કતરાવે, દૂંટીના બાલ બનાવે તો જાઈઝ છે બલ્કે મુસ્તહબ છે. પરંતુ તેમ છતાં પણ દાઢી બનાવવી નહીં. પ્રથમ જમણી બાજુના બાલ મૂંડાવવા પછીથી ડાબી બાજુના મૂંડાવતી વખતે શરૂથી લઈને છેલ્લે સુધી....

اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ لَااِلٰهَ اِلَّا اللّٰهُ۔ وَاللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ وَلِلّٰهِ الْحَمْدُ

**"અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, લાઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર વ લિલ્લાહિલ્ હમ્દ"** વારંવાર પઢતાં રહેવું. છેલ્લે પણ પઢો તથા મૂંડાવતી વેળા આ દુઆ પણ પઢો :–

اَلْحَمْدُ لِلّٰهِ عَلٰی مَا هَدَانَا وَاَنْعَمَ عَلَيْنَا وَ قَضٰی عَنَّا نُسُكَنَا اَللّٰهُمَّ هٰذِهٖ نَاصِيَتِیْ بِيَدِكَ فَاجْعَلْ لِیْ بِكُلِّ شَعْرَةٍ نُوْرًا يَّوْمَ الْقِيَامَةِ وَامْحُ عَنِّیْ بِهَا سَيِّئَةً وَّارْفَعْ لِیْ بِهَا دَرَجَةً فِی الْجَنَّةِ الْعَالِيَةِ، اَللّٰهُمَّ بَارِكْ لِیْ فِیْ نَفْسِیْ وَتَقَبَّلْ مِنِّیْ اَللّٰهُمَّ اغْفِرْلِیْ وَلِلْمُحَلِّقِيْنَ وَالْمُقَصِّرِيْنَ يَا وَاسِعَ الْمَغْفِرَةِ اٰمِيْن۔

અને તમામ મુસલમાનોની બખ્શિશ માટેની દુઆ કરો. હવે વાળ મૂંડાવ્યા પછી એહરામને લીધે જે વાતો હરામ હતી તે તમામ હલાલ થઈ ગઈ. હજુ પણ ઔરતને શેહવતની નજરથી હાથ લગાડવગો, સોહબત કરવી, ચુંબન કરવું તેમજ શરમગાહ જોવી એ હરામ રહેશે. બાલ મુંડાવ્યા બાદ બેહતર એ છે કે આજે દસમી તારીખે ફર્ઝ તવાફ માટે મક્કા પહોંચવું. આ તવાફ હજનો બીજો રૂકન છે. આ તવાફ પ્રથમ તવાફ જેવો જ હશે પરંતુ એમાં ઈસ્તેબાઅ નથી. એના (તવાફ) પછી પણ રાબેતા મુજબ બે રકાત પઢવી. આ તવાફ કર્યા પછી પોતાની ઔરત હલાલ થઈ જશે. અસલ હજ આ રીતે પૂરી થઈ ગઈ. પરંતુ ત્યાર બાદ મિના પાછા ફરવું અને અગિયારમી તથા બારમી રાતો મિનામાં પસાર કરવી સુન્નત છે, જેવી રીતે દસમી રાત મિનામાં પસાર કરવી સુન્નત છે. અગિયારમી તારીખે ઝોહરની નમાઝ બાદ ઈમામનો ખુત્બો સાંભળી ફરીથી રમી માટે જવું. આ દિવસે રમી જુમરતુલ ઉલાથી શરૂ કરવી જે મસ્જિદે ખૈફની નજીકમાં છે. આ રમી માટે મક્કાના રસ્તા તરફથી આવી ઊંચાઈ પર ચઢવું અને કિબ્લા રૂખ થઈને જે રીતે દસમી તારીખે કાંકરીઓ મારી હતી એ રીતે કાંકરીઓ મારવી. સાતમી કાંકરી માર્યા પછી જમરાથી થોડે દૂર હટી જવું અને ડાબા તરફ મોઢું કરી દુઆ માટે એવી રીતે હાથ ઊઠાવવા કે હથેળીઓ કિબ્લા તરફ રહે અને ઓછામાં ઓછું વીસ આયતો પઢી શકાય એટલી વાર હમ્દ, દુઆ, ઈસ્તિગફાર કરતા રહેવું અથવા એથી વધારે સમય (સૂરએ બકરહ્ પઢી શકાય એટલી વાર) સુધી દુઆ, હમ્દ, ઈસ્તિગફાર કરતા રહેવું. પછીથી જમરતુલ વસ્તા પર જવું અને આજ રીતે રમી કરે, દુઆ કરે, પછીથી જમરતુલ અકબા પર જવું. અહીંયાં રમી કર્યા બાદ થોભવું નહીં. તરત જ પાછા ફરવું. પાછા ફરતાં દુઆ કરવી. પછી બારમી તારીખે એ જ રીતે ઝવાલ બાદ ત્રણે જમરાઓની રમી કરવી. બારમીની રમી કરીને સૂર્યાસ્ત પહેલાં મક્કા જવા નીકળી જવું. તેમ છતાં ચાહે તો રહી શકે છે. તેરમીએ પાછા ફરવું. પરંતુ તેરમી તારીખે બપોર ઢળતાં રમી કરીને જવું પડશે. એ જ અફઝલ છે. છેલ્લે દિવસે એટલે કે બારમીએ

કે તેરમીએ જ્યારે મિનાથી વિદાય લઈને મક્કા જવા નીકળો ત્યારે વાદીએ મોહસ્સબમાં જે જન્નતુલ મુઅલ્લાની નજીક છે ત્યાં સવારી પરથી નીચે ઉતરી અથવા ઉતર્યા વિના થોડું રોકાઈને દુઆ કરવી. અફઝલ એ છે કે અહીં ઈશા સુધીની નમાઝો પઢે અને એક ઊંઘ લઈને મક્કામાં દાખલ થાઓ. ત્યાર બાદ તેરમી પછીથી જ્યાં સુધી દિલ ચાહે મક્કામાં રોકાઓ પરંતુ જ્યાં સુધી રોકાઓ તે દરમિયાન ઉમરા કરતા રહેવું તેમજ પવિત્ર સ્થળોની ઝિયારત કરતા રહેવું. જ્યારે મક્કાથી વિદાય લેવાનો ઈરાદો કરો તો રમલ અને સઈ વગર તવાફે વિદાઅ કરો. આ તવાફ બહારવાળાઓ માટે વાજિબ છે. તવાફ પછી રાબેતા મુજબ બે રકાત નમાઝ મકામે ઈબ્રાહીમ પર પઢો. પછીથી ઝમઝમના કૂવા પર આવી એ જ રીતે પાણી પીવું. શરીર પર લગાવવું. ત્યાર બાદ કા'બાના દરવાજાની સામે ઊભા રહી એની ચોખટને ચૂમવી અને હજ કબૂલ થવાની તેમજ વારંવાર હાજરી આપી શકવાની દુઆ માંગે. ઘણી દુઆઓ માંગે અથવા આ દુઆ પઢે :–

اَلسَّائِلُ بِبَابِكَ يَسْئَلُكَ مِنْ فَضْلِكَ وَمَعْرُوْفِكَ وَيَرْ جُوْرَحْمَتَكَ۔

પછીથી મુલ્તઝિમ પર આવીને કા'બાના ગિલાફને પકડીને એ જ રીતે ઝિક્ર, દુઆ, દુરૂદ વગેરે ખૂબ પઢો. આ દુઆ પઢો :–

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ هَدَانَا لِهٰذَا وَمَا كُنَّا لِنَهْتَدِىَ لَوْ لَا اَنْ هَدَانَا اللّٰهُ اَللّٰهُمَّ فَكَمَا هَدَيْتَنَا لِهٰذَا فَتَقَبَّلْهُ مِنَّا وَلَا تَجْعَلْ هٰذَا اٰخِرَ الْعَهْدِ مِنْ بَيْتِكَ الْحَرَامِ وَارْزُقْنِىْ الْعَوْدَ اِلَيْهِ حَتّٰى تَرْضٰى بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ وَصَلَّى اللّٰهُ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّاٰلِهٖ وَصَحْبِهٖ اَجْمَعِيْنَ۔

પછીથી હજરે અસ્વદને ચૂમો અને રડી રડીને આ પ્રમાણે પઢો :–

يَا يَمِيْنَ اللّٰهِ فِىْ اَرْضِهٖ اِنِّىْ اَشْهَدُكَ وَكَفٰى بِاللّٰهِ شَهِيْدًا اَنِّىْ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ وَاَنَا اُوْدِعُكَ هٰذِهِ الشَّهَادَةَ لِتَشْهَدَ لِىْ بِهَا عِنْدَ اللّٰهِ تَعَلٰى فِىْ يَوْمِ الْقِيَامَةِ يَوْمِ الْفَزَعِ الْاَكْبَرِ اَللّٰهُمَّ اِنِّىْ اُشْهِدُكَ عَلٰى ذَالِكَ وَاَشْهِدُ مَلٰئِكَتِكَ الْكِرَامِ وَصَلَّى اللّٰهُ عَلٰى سَيِّدِ نَا مُحَمَّدٍ وَّاٰلِهٖ وَصَحْبِهٖ اَجْمَعِيْنَ۔

પછી પાછા પગલે કા'બા શરીફ તરફ મોઢું કરીને અથવા સીધા ચાલતાં ફરી ફરીને શોકમગ્ન નજરે જોતાં એની જુદાઈ પર રડતાં રડતાં મસ્જિદે હરામના દરવાજામાંથી પ્રથમ ડાબો પગ મૂકી બહાર નીકળતાં મસ્જિદમાંથી નીકળવા માટેની દુઆ પઢવી. બાબે અલહજુરામાંથી નીકળવું બેહતર છે.

ત્યારબાદ મક્કાના ફકીરોને તમારાથી જે કંઈ બને તે આપો અને મદીના શરીફ તરફ જાઓ. ત્યાં થઈને દરબારે રસૂલુલ્લાહ ﷺ ની ઝિયારત કરો. આ થઈ હજની રીત. એમાં કેટલીક વાતો ફર્ઝ છે, કેટલીક વાજિબ અને કેટલીક સુન્નતો છે. ફર્ઝમાંથી જો કોઈ ફર્ઝ છૂટી જાય તો હજ થશે નહીં, વાજિબ છૂટી જવાથી હજ તો થઈ જશે પણ અધૂરી રહેશે (ગણાશે) અને દમ આપવો લાજિબ બનશે અને સુન્નત છૂટી જવાથી સવાબ ઓછો થઈ જશે.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

**★ ખુદાની મખ્લૂક઼ને સતાવવી અને દુઆ તા'વીઝ કરાવવું ★**

આજે કેટલાય લોકો એવા છે જે અન્ય લોકો ઉપર જુલ્મ અને જબરદસ્તી કરે છે અને પછી પીરો, ફકીરો પાસે દુઆ તા'વીઝ કરાવે છે અને મઝારો ઉપર મુરાદો માગતા ફરતા રહે છે અને મસ્જિદોમાં જઈને લાંબી લાંબી દુઆઓ માગતા હોય છે.

કેટલાય પતિઓ એવા છે જે પોતાની પત્નીઓ ઉપર જુલ્મ કરે છે અને તેણીઓનું ધ્યાન રાખતા નથી, તેણીઓને નોકરાણીઓ અને ગુલામોથી પણ બદ્તર જિંદગી જીવવા માટે મજબૂર કરી દે છે. ન તો તેમને તલાક઼ આપે છે અને ન તેણીઓના હક્ક઼ અદા કરે છે.

કેટલીયે પત્નીઓ એવી છે જે તેમના પતિઓનું લોહી પીવે છે અને તેમના ઘરોને જહન્નમનો નમૂનો બનાવી દે છે, સાસુઓ અને નણંદોની હાજરીથી જલે છે (ઈર્ષા કરે છે). કેટલીય સાસુઓ અને નણંદો એવી છે જે તેમના ઘરોમાં આવનાર દુલ્હનનું જીવન જહન્નમ બનાવી દે છે અને પતિ, પત્ની વચ્ચેનો પ્યાર તેઓના કલેજામાં કાંટાઓની જેમ ખટકે છે.

કેટલાય મોટા અમીરો, માલદારો, જમીનદારો અને માલેતુજાર લોકો છે જે મજૂરોનું શોષણ કરે છે, તેમના નોકરોને મારપીટ કરે છે, તેમને ધમકાવે છે, તેમની મજૂરીઓ અને પગારો રોકી લે છે. પોતે એશો આરામ કરે છે, પરંતુ તેમની પત્ની અને બાળકોની બદ્દુઆ લે છે. કેટલાયે લોકો જે જાનવરોને પાળે છે પરંતુ તેમની ભૂખ, પ્યાસ અને શરદી, ગરમીની પરવા કરતા નથી. તેઓની રહમ વગર મારપીટ કરે છે, તેમની તાક઼ત બહાર તેમની પાસેથી કામ લે છે અને તેમના ઉપર બોજો લાદે છે. ખાસ કરીને કાપવાનું કામ કરવાવાળાઓ (ઝુબહ કરનારાઓ), ઝુબ્હ કરવાની પહેલાં તેમને ભૂખ્યા, પ્યાસા રાખે છે અને તેમના ઉપર એવા એવા જુલ્મો કરે છે કે તેને જોઈ શકાતું નથી.

સ્પષ્ટ એ જ કે કોઈપણ અત્યાચારી અને બેરહમ જો પોતાના એશો આરામ અને માલદારીને માટે બીજાને સતાવે અને તેમનું લોહી ચૂસે તો ન તો તેની પોતાની દુઆ ક઼બૂલ થાય છે અને ન તો તેના હક્ક઼માં બીજાની દુઆ ક઼બૂલ થાય છે, પછી આ વ્યક્તિ પુરૂષ હોય કે સ્ત્રી, પતિ હોય કે પત્ની, સાસુ અને નણંદ હોય કે વહુ અને ભાભી હોય, માલદાર અને જમીનદાર હોય કે હાકિમ અને અધિકારી જો આ બધા જાલિમ, બેરહમ અને અત્યારચારી છે તો તેમને જોઈએ કે તેઓ લાંબી લાંબી દુઆઓ માગવા, પીરો, ફક઼ીરો અને મઝારાત પર ચક્કર લગાડવા અને દુઆ, તાવીઝ કરાવતાં પહેલાં જેમને જેમને સતાવ્યું છે તેમની માફી માગી લે, જેમનો હક્ક઼ દબાવ્યો છે તેઓને પરત આપી દે, અને જુલ્મ અત્યાચાર અને બેરહમીની આદત છોડી દે. પછી આવો આ લોકો મસ્જિદોમાં દુઆ માગવા, ખાનક઼ાહોમાં મુરાદો માગવા અને મિયાં, મોલ્વીઓ પાસે દોરા, તા'વીઝ કરાવવા. જેણે કોઈ ગરીબ અને કમજોરને સતાવ્યું છે અને જેને કોઈ મઝલૂમની બદ્દુઆ લાગી છે તેના માટે ન તો કોઈ દુઆ છે અને ન કોઈ તા'વીઝ છે.

હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ તઆલા તેના ઉપર રહમ કરતો નથી જે લોકો ઉપર રહમ કરતો નથી."

"મઝલૂમની બદ્દુઆથી બચો, તે અલ્લાહથી પોતાનો હક્ક઼ માગે છે અને ખુદાએ તઆલા હક્ક઼વાળાને તેનો હક્ક઼ આપે છે." *(મિશ્કાત શરીફ, પેજ : ૪૩૫)*

**★ ભણવા ભણાવવા સંબંધી કેટલીક ગેરસમજો ★**

આજકાલ ઘણા મુસલમાનો તેમનાં બાળકોને ઈસાઈઓ (ક્રિશ્ચનો), બુતપરસ્તો અને મુશ્રિકોની

શાળાઓમાં, પાઠશાળાઓમાં ભણવા માટે મોકલી રહ્યા છે, જ્યારે કે મુસલમાનોને જોઈએ કે તેઓ હિંદી, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન વગેરેની ઉચ્ચ કેળવણી માટે પણ પોતાની શાળાઓ ખોલે જેમાં દુનિયવી શિક્ષણની સાથે સાથે જરૂરત મુજબનું દિની શિક્ષણ પણ હોય અથવા દીની ઈસ્લામી ઈસ્લામી શિક્ષણની સાથે સાથે જરૂરત મુજબનું દુનિયવી શિક્ષણ પણ હોય અને શિક્ષણ ભલે દુનિયવી પણ હોય પરંતુ માહોલ અને સંસ્કૃતિ ઈસ્લામી હોય અને સરકારી કોર્સ મુજબની ચોપડીઓ પણ ભણાવવામાં આવે, પરંતુ તેમાં ક્યાંય પણ, કોઈપણ વાત એવી હોય જે ઈસ્લામી માન્યતાની વિરોધમાં હોય તો ભણાવવાવાળાઓ (શિક્ષકો) તેના ઉપર તાકીદ કરીને બાળકોનાં ઈમાન અને અકીદાને બચાવે, કેમ કે ઈમાન બધી જ દૌલત કરતાં મોટી દૌલત છે.

પરંતુ અફસોસ! **મુસલમાનોમાં પણ હવે દરેક પ્રકારના માણસો અસ્તિત્વ ધરાવે છે. પૈસાદાર અને ધનવાન લોકોની સંખ્યા પણ ઘણી જ છે અને જો તેઓ ધારત તો સહેલાઈથી દુનિયવી શિક્ષણ માટે પોતાની ખુદની શાળાઓ ખોલી શક્યા હોત** પરંતુ તેમના મગજ ઉપર ઈસાઈયત અને મુશ્રિકોનો નશો સવાર થઈ ગયેલ છે. યાદ રહે કે સમય હવે ઘણો નજીક આવી રહ્યો છે અને આ (પશ્ચિમી સંસ્કૃતિ)નો નશો ઘણો જ જલ્દી ઉતરી જશે. સાચી વાત તો એ છે કે, "જે કૌમના દિવસો પૂરા થઈ ચૂક્યા હોય, એ કૌમને કોઈ સમજાવી શક્તું નથી."

### ★ આલિમ અને મોલ્વી બનાવવા સંબંધિત કેટલીક જરૂરી વાતો ★

કુર્આનની તફસીર, હદીષ અને ફિક્હના જાણકાર આલિમ અને મોલ્વીનું ઈસ્લામમાં ઘણુ મોટુ સ્થાન છે. તેમનાથી મહોબ્બત, તેમનો અદબો એહતેરામ (માન, સન્માન) ફક્ત અને ફક્ત ખુદા અને રસૂલની રઝા છે.

પરંતુ એવા આલિમ અને મોલ્વી જેમનું રોજી રોટી મેળવવાનું માધ્યમ પણ ઈલ્મે દીન હોય, ઈમામત અને પઢાવવું અને તકરીર એ આજીવિકાનું સાધન હોય તેમની સંખ્યા જરૂરત મુજબની હોવી જોઈએ. તેમનું વધુ પ્રમાણ અમારી (લેખક) ધારણા મુજબ મસ્લેહતથી વિરુદ્ધ છે અને એમાં ફાયદો થવાને બદલે નુકસાન થવાનો ભય પણ રહે છે.

જો કે એવા આલિમો જેમનો રોજીનો ઝરીયો ઈલ્મે દીન ન હોતાં, અન્ય કોઈ જાઈઝ દુનિયવી કામ ધંધો હોય એમની સંખ્યા વધુ પડતી હોય, એ બેહતર છે અને ઈસ્લામની પ્રગતિનું કારણ છે.

એવા મદ્રસાઓ કે જેમાં ઓછામાં ઓછા પગારવાળા, જાહિલ મુદર્રિસીન રાખીને બાળકોને પઢાવવામાં આવે અથવા એ પ્રકારના મદ્રસાઓ જે આઝાદી અને આવારાગર્દીના અડ્ડા સમાન છે તેમાં પઢાવવાથી બાળકો ન તો દીનદાર મોલ્વી, આલિમ અને હાફિઝ બની શકે છે અને ન તો કોઈ દુનિયવી કામ શીખી શકે છે, અને તેમની જવાનીના અમૂલ્ય વરસો બર્બાદ થઈ જાય છે. આવા મદ્રસાઓની વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે અને તેમને સુધારવામાં આવે અથવા તો પછી બંધ કરી દેવામાં આવે તો આ કૌમના હક્કમાં ઘણુ મોટુ કાર્ય કરવું ગણાશે.

આજકાલ ઘણા એવા મદ્રસાઓ છે જ્યાં પઢાઈ કરતાં વધુ મહત્વ દસ્તારબંદીને આપવામાં આવે છે. અને તલબા (વિદ્યાર્થીઓ)માં વધારે સંખ્યા એવા તલબાની છે, જેઓનું ધ્યાન પઢાઈ કરતાં કપડાંઓ, કુર્તા અને પાયજામા ઉપર વધુ છે, પઢાઈની કિતાબો યાદ કરવા કરતાં તકરીરો અને નઝમોની કિતાબો યાદ કરવા પર વધુ છે. ખુદાએ તઆલા આપણને સાચા રસ્તા ઉપર ચલાવે અને આ ખામીઓને સમજીને તેની સુધારણાની તૌફીક ફર્માવે.



# ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ


**અઝ** : મુહક્કિકે મસાઈલે જદીદા **(હપ્તો : ૨)**

**હઝરત મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી**

*(સદર મુફ્તી : જામિઆ અશરફિયા–મુબારકપુર)*

**:: અનુવાદક ::**

**હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**

*(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*


## સહાબાના કાળમાં જમાઅત છોડનાર મુનાફિક઼ હતો, હવે નહીં !

સહાબાના યુગમાં સામાન્ય નિયમ હતો કે સહાબાએ કિરામ જમાઅત સાથે નમાઝ અદા કરતા હતા અને મુનાફિક઼ો સિવાય કોઈ જમાઅતથી ગૈર હાજર ન રહેતું, એના સિવાય કે કોઈ ખૂબ જ કમજોર અને હરવા ફરવાથી લાચાર હોય. જેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. તે ફર્માવે છે :–

**لقد رأيتُنا وما يتخلّفُ عن الصّلاة الّا منافقٌ قَد عُلِم نفاقُهٗ أو مريضٌ۔ إن كان المريض لَميشى بين رَجلين حتى يأتى الصّلاة۔ وقال: اِنّ رسول اللّٰه صلى الله عليه وسلم عَلّمَنا سُنن الهدىٰ وَاِنّ مِن سُنن الهُدىٰ الصلاة فى المسجد الذى يُؤّذّنُ فيه۔**

''અમારો અનુભવ છે કે નમાઝથી પાછળ નથી રહેતો પણ ઉઘાડો મુનાફિક઼ અથવા બીમાર. અને બેશક ! બીમારની એ હાલત હોતી કે બે શખ્સોની વચ્ચે ચલાવીને નમાઝ માટે લાવતા, અને ફર્માવતા કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ અમને સુનનુલ હુદાની તા'લીમ ફર્માવી છે અને જે મસ્જિદમાં અઝાન થાય છે એમાં નમાઝ પઢવી સુનનુલ હુદાથી છે.'' *(સહીહ મુસ્લિમ શરીફ, ૧/૨૩૨, બાબુ ફદ્‌લિ સલાતિલ જમાઅહ, મજલિસે બરકાત)*

આ હદીષ બહારે શરીઅતમાં પણ નક઼લ થયેલી છે.

પરંતુ બાદના યુગોમાં કોઈ સમયે આ આદત બદલાઈ ગઈ અને હવે તો અસંખ્ય મુસલમાનો મજબૂરી કે બીમારી વિના જમાઅતમાં હાજર નથી થતા, એટલા માટે હવે જમાઅતથી પાછળ રહી જનારાઓને મુનાફિક઼ નથી કહી શકતા. જો કે સહાબાના યુગમાં તેઓ મુનાફિક઼ ઠરતા હતા.

ફતાવા રઝવિય્યહ્‌માં એને ''ફાસિક઼'' કહેવામાં આવ્યો છે.

જેમ કે એક ફતવામાં છે :–

''જમાઅત છોડવી તથા મસ્જિદની હાજરીને છોડવાની આદત બનાવનાર ફાસિક઼ છે. અને ફાસિક઼ ઈત્તેબાઅ તથા પૈરવી (અનુસરણ)ના પાત્ર નથી.'' *(ફતાવા રઝવિય્યહ્‌, ૩/૩૮૦, સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

ફતાવા રઝવિય્યહ્‌માં જ એક અન્ય ફત્વો પણ છે :–

''વિના કોઈ શરઈ કારણે (જે શરીઅતની દષ્ટિએ સ્વીકાર્ય હોય) જાણી જોઈને **જમાઅતમાં હાજર ન થાય તો** સહી તથા ભરોસાપાત્ર મઝહબ મુજબ **જો એકવાર પણ જાણી જોઈને આવુ કર્યું તે ગુનેહગાર થયો** તથા વાજિબને છોડનાર થયો. (**والعياذ بالله تعالىٰ**) અને **જો આદત બનાવી લે કે વારંવાર હાજર નથી**

**થતો, તો ભલે કેટલીકવાર હાજર પણ રહેતો હોય, બેશક ! તે ફાસિક઼ ફાજિર તથા મરદૂદશ્શહાદત છે.** (ગવાહીના પાત્ર નથી) **فان الصغيرة بعد الإصرارِ كبيرة** કેમ કે સગીરા ગુનાહ વારંવાર કરવાથી કબીરા ગણાય છે.'' *(ફતાવા રઝવિય્યહ્, ૩/૩૪૬, સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

આ હુકમ સહાબાના કાળનો છે જે સંજોગો તથા પરિસ્થિતિઓના બદલાવાથી યકીનન ! બદલાય ગયો છે. અને આનાથી પણ તે વાત ઘણી સ્પષ્ટ રીતે સાબિત થાય છે જે ફતાવા રઝવિય્યહ્‌ના પહેલા (વર્ણવેલ) ફતાવાથી સાબિત થાય છે, ફરક માત્ર કુફ્ર તથા નિફાક઼નો છે. પરંતુ જ્યારે મુનાફિક઼નું નિફાક઼પણુ જાહેર તથા સ્પષ્ટ હોય તો પણ ખુલ્લા કાફિરની જેમ છે, અને તેમાં કોઈ શંકા નથી કે તે પણ કાફિર છે.

### (૪) જુમ્આ તથા જમાઅતમાં સ્ત્રીઓના હાજર રહેવા વિશે જમાનાના બદલાવથી બદલાતા હુકમો

હુઝૂર ﷺના મુબારક યુગમાં સ્ત્રીઓને જુમ્આ તથા જમાઅતમાં હાજર રહેવાની ઈજાઝત હતી.

**قَالَ ﷺ إِذَا اسْتَاذَنَتْ أَحَدَكُمْ امْرَأَتُهٗ إِلَى الْمَسْجِدِ فَلَا يَمْنَعَنَّهَا۔**

''રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે કોઈની સ્ત્રી તેનાથી મસ્જિદ જવા માટેની ઈજાઝત માગે તો તે હરગિઝ તેણીને ન રોકે.'' *(ફતાવા રઝવિય્યહ્, ૧/૩૮૬, રિસાલા અજલ્લિયુલ અઅ્લામ, અહમદ, મુસ્લિમ, બુખારી, અબૂ દાઊદના હવાલાથી)*

**لَا تَمْنَعُوْا إِمَآءَ اللّٰهِ مَسَاجِدَ اللّٰهِ** ''અલ્લાહની બાંદીઓને અલ્લાહની મસ્જિદોથી ન રોકો.'' *(ફતાવા રઝવિય્યહ્, ૧/૩૮૬, રિસાલા અજલ્લિયુલ અઅ્લામ, અહમદ, મુસ્લિમ, બુખારી, અબૂ દાઊદના હવાલાથી, કિતાબુલ જુમ્આ)*

એક સહાબિયા હઝરત ઉમ્મે અતિય્યહ્ رضی اللہ عنہاનું બયાન છે :–

**اِمَرَنَا أَنْ نُخْرِجَ الْحُيَّضَ يَوْمَ الْعِيْدَيْنِ وَذَوَاتِ الْخُدُوْرِ فَيَشْهَدْنَ جَمَاعَةَ الْمُسْلِمِيْنَ وَدَعْوَتَهُمْ، وَتَعْتَزِلَ الْحُيَّضُ عَنْ مَّصَلَّاهُنَّ قَالَتِ امْرَأَةٌ: يَا رَسُوْلَ اللّٰهِ، اِحْدَانَا لَيْسَ لَهَا جِلْبَابٌ قَالَ: لِتُلْبِسْهَا صَاحِبَتُهَا مِنْ جِلْبَابِهَا۔**

''નબીએ કરીમ ﷺએ અમને હુકમ આપ્યો કે ઈદૈનના દિવસે હૈઝવાળી સ્ત્રીઓ તથા પર્દામાં રહેતી જુવાન છોકરીઓ પણ નીકળે મુસલમાનોની જમાઅતમાં તથા તેમની દુઆમાં હાજર થાય. હા ! હૈઝવાળી સ્ત્રીઓ ઈદગાહથી અલગ રહે. એક સ્ત્રીએ અર્જ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમારામાંથી કેટલીક સ્ત્રીઓ પાસે ચાદર પણ નથી હોતી ! તો આપ ﷺએ ફર્માવ્યું, સાથવાળી સ્ત્રી તેણીને પણ પોતાની ચાદર ઓઢાડી આપે.'' *(ફતાવા રઝવિય્યહ્, ૪/૧૬૯, સહીહ બુખારી શરીફ તથા સહીહ મુસ્લિમ શરીફના હવાલાથી, સુન્ની દારુલ ઈશાઅત–મુબારકપુર)*

પહેલી બે રિવાયતો દ્વારા જમાઅતમાં સ્ત્રીઓને હાજરી આપવાની ઈજાઝત સાબિત થાય છે. અને ત્રીજી રિવાયતથી હુકમ સાબિત થાય છે. (ભલે ને હુકમ મુબાહ હોવાનો હોય) કે વિના કોઈ ભેદભાવ તમામ બાલિગ સ્ત્રીઓ જુમ્આ તથા પાંચ વખતની જમાઅત તેમજ ઈદૈનમાં હાજર થાય. હા! હૈઝવાળી સ્ત્રીઓ ઈદગાહથી દૂર રહે તેમની હાજરી માત્ર બરકત હાંસલ કરવા તથા દુઆમાં સામેલ થવા માટે છે.

પરંતુ ફારૂકે આઝમ رضی اللہ عنہના દૌરમાં જ્યારે રસૂલુલ્લાહ ﷺના મુબારક જમાના જેવી સાદગી તથા સઆદત બાકી ન રહી અને ખલીફાએ બરહક્ક઼ સૈયદના ફારૂકે આઝમ رضی اللہ عنہએ તે (સમય)માં અમુક ફસાદના અંશો અનુભવ્યા તો જમાઅતમાં સ્ત્રીઓની હાજરીને મનાઈ ફર્માવી આપી.

ઈમામ અકમલુદ્દીન બાબરતી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**لَقَدْ نَهٰى عُمَرُ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ النِّسَآءَ عَنِ الْخُرُوْجِ اِلٰى الْمَسَاجِدِ فَشَكَوْنَ اِلٰى عَائِشَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا فَقَالَتْ: لَوْ عَلِمَ النَّبِىُّ صلی اللہ علیہ وسلم مَا عَلِمَ عُمَرُ مَا اَذِنَ لَكُنَّ فِى الْخُرُوْجِ۔**

''હઝરત ઉમર رضی اللہ عنہ એ સ્ત્રીઓને મસ્જિદમાં જવાથી રોકી આપી તો તેણીઓએ હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ની ખિદમતમાં (તેની) ફરિયાદ કરી. આપે (હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا એ) ફર્માવ્યું કે જો નબી કરીમ صلی اللہ علیہ وسلم તે સ્થિતિઓ નિહાળતા જે પરિસ્થિતિઓ હઝરત ઉમર رضی اللہ عنہ જોઈ રહ્યા છે, તો તમને મસ્જિદ જવાની ઈજાઝત ન આપતા.'' *(ફતાવા રઝવિય્યહ્, ૪/૧૭૦, હિદાયાની શરહ ઈનાયાના હવાલાથી)*

વિચારીએ કે સરકારે દો આલમ صلی اللہ علیہ وسلم સ્ત્રીઓની જમાઅતમાં હાજરીને કેટલી પસંદ ફર્માવી રહ્યા છે કે પુરૂષોને મનાઈ ફર્માવી રહ્યા છે કે સ્ત્રીઓને મસ્જિદની જમાઅતમાં હાજર રહેવાથી ન રોકે, અને સ્ત્રીઓને હુકમ આપી રહ્યા છે કે તેણીઓ ઈદૈનની જમાઅતમાં કોઈપણ સ્થિતિમાં હાજર થાય. પરંતુ પરિસ્થિતિમાં થોડોક બદલાવ આવતાંની સાથે જ હઝરત ઉમર رضی اللہ عنہ એ તેણીઓને રોકી આપી અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ તેનાથી સહમતિ પણ દર્શાવી. તો શું સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના મુબારક યુગના સર્વ સહમત હુકમ તથા ફર્માને રિસાલતની વિરુદ્ધ કર્યું તથા ઈખ્તેલાફ કર્યો ? આમ તો કોઈ સુન્ની વિચારી પણ ન શકે !

**(૫)** તાબઈને કિરામના સમયમાં હનફી ફકીહોએ જેમાં ખાસ કરીને સિરાજુલ ઉમ્મહ, કાશિફુલ્ ગુમ્મા ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ એ વૃદ્ધા (ઘરડી) સ્ત્રીઓને ઈશા તથા ફજરની નમાઝમાં મસ્જિદમાં હાજરી આપવાની ઈજાઝત આપી. કેમ કે તે (આ બે નમાઝોના) સમયે ફાસિકો તથા ફાજિરો ખાવા તથા સૂવામાં વ્યસ્ત રહેતા હતા જેથી ફસાદ તથા ફિત્નાની સંભાવના તે પણ વૃદ્ધ સ્ત્રીઓ સાથે ઘણી ઓછી હતી.

**وَيُكْرَهُ لَهُنَّ حُضُوْرُ الجَمَاعَت وَلَا بَأْسَ لِلعَجُوْزِ أَنْ تَّخْرُجَ فِى الفَجْرِ وَالعِشَآءِ۔**

સ્ત્રીઓ માટે જમાઅતની હાજરી મનાઈ છે. અને ઘરડી સ્ત્રીઓને ઈશા તથા ફજરમાં કોઈ વાંધો નથી. *(હિદાયા અવ્વલૈન–૧૦૫)*

આ હુકમ પણ બેશક ! રિસાલતનાકાળના હુકમથી અલગ છે. પરંતુ નિ:સંકોચ રીતે આ હુકમ પણ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના ફર્માનની વિરુદ્ધ નથી, બલ્કે સ્થિતિ બદલવાના કારણે હુકમનું બદલાય જવું છે.

**(૬)** અને હવે જ્યારે બાદમાં લોકોની સ્થિતિ આપ (ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ના) સમયકાળથી પણ અધિક નબળી થઈ ગઈ કે લોકોના ફિસ્કો ફુજૂર તથા ફિત્ના ફસાદથી કોઈ પણ સમય સુરક્ષિત ન રહ્યો. તો બાદના હનફી ફુકહાએ કિરામે વિના કોઈ ભેદભાવે (જુવાન તથા વૃદ્ધના ભેદભાવ વિના) સામાન્યત: દરેક સ્ત્રી માટે નમાઝની હાજરીને ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના યુગની જેમ મનાઈ ફર્માવી આપી.

وَلَمَّا رَدَّ عَلَيْهِ البَحْرُ بِأَنَّ هٰذِهِ الفَتْوىٰ مُخَالِفَةٌ لِمَذْهَبِ الاِمَامِ وَصَاحِبَيْهِ جَمِيْعًا. فَإِنَّهُمَا اَبَاحَا لِلْعَجَائِزِ الحُضُوْرَ مُطْلَقًا وَالاِمَامَ فِىْ غَيْرِ الظُّهْرِ وَالعَصْرِ وَالجُمُعَةِ. فَالْاِفْتَاءُ بِمَنْعِ الْكُلِّ فى الكل مُخَالِفٌ لِلْكُلِّ فَالْمُعْتَمَدُ مَذْهَبُ الْاِمَامِ. اِه بِمَعْنَاهُ.

أَجَابَ فِى النَّهْرِ قَائِلًا: فِيْهِ نَظَرٌ بَلْ هُوَ مَاخُوْذٌ مِّنْ قَوْلِ الْاِمَامِ وَذٰلِكَ أَنَّهُ اِنَّمَا مَنَعَهَا لِقِيَامِ الحَامِلِ وَهُوَ فَرْطُ الشَّهْوَةِ بِنَاءً عَلٰى أَنَّ الفَسَقَةَ لَا يَنْتَشِرُوْنَ فِى الْمَغْرِبِ لِأَنَّهُمْ بِالطَّعَامِ مَشْغُوْلُوْنَ وَفِى الفَجْرِ وَالعِشَاءِ نَائِمُوْنَ. فَاِذَا فُرِضَ انْتِشَارُهُمْ فِى هٰذِهِ الْاَوْقَاتِ لِغَلَبَةِ فِسْقِهِمْ كَمَا فِى زَمَانِنَا بَلْ تَحَرِّيْهِمْ إِيَّاهَا كَانَ الْمَنْعُ فِيْهَا اَظْهَرَ مِنَ الظُّهْرِ اه.

قَالَ الشَّيْخُ سُ اِمْعِيْلُ وَهُوَ كَلَامُ حَسَنٌ اِلَى الْغَايَةِ۔ اھ۔ش

''અને બહર્રુરાઈકના લેખકે જયારે મુતઅખ્ખીરીન (બાદના હનફી ફુક્હા ઈમામો) ઉપર એતેરાઝ તથા વાંધો ઉઠાવ્યો કે તેમનો આ ફત્વો ઈમામે આ'ઝમ તથા તેમના બંને શાગિર્દોના મઝહબની વિરુદ્ધ છે, કેમ કે સાહિબૈન (ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ મુહમ્મદ رضی اللہ عنہما)એ વૃદ્ધ સ્ત્રીઓનું મસ્જિદમાં હાજર થવું સામાન્યતઃ (દરેક નમાઝમાં) જાઈઝ ઠરાવ્યું છે અને ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ ઝોહર, અસર તથા જુમ્આ સિવાયની નમાઝમાં (વૃદ્ધ સ્ત્રીઓ માટે) મસ્જિદમાં આવવાની ઈજાઝત આપી છે. તો દરેક સમય(ની નમાઝમાં) હાજરી આપવાથી રોકવું તમામ (ઈમામો)ના વિરુદ્ધ છે. જેથી ભરોસાપાત્ર મઝહબ ઈમામે આ'ઝમનો છે.''

તો નહરુલ ફાઈકમાં અલ્લામા બહ્રની ઉપરોક્ત ટીપ્પણીને વિચારવાપાત્ર ગણાવીને ફર્માવ્યું કે બાદમાં ઈમામોનો મઝહબ ઈમામે આ'ઝમના જ કૌલ (મંતવ્ય)થી લેવામાં આવ્યો છે. કેમ કે ઈમામે આ'ઝમ એક (બુરાઈના) કારણથી સ્ત્રીઓને મસ્જિદમાં આવવાથી રોકી દીધી હતી. તે કારણ એ છે કે ફાસિકોમાં શહવત પરસ્તી (વાસનાવૃત્તિ તથા લપંટ હોવુ) અધિક સ્તરે વધી ગયું હતું. એટલા માટે સ્ત્રીઓને રોકી દેવામાં આવી હતી. મગરિબના સમયે આ નાખુદા તરસો (અલ્લાહનો ખૌફ ન રાખનારાઓ) બહાર નથી રહેતા, ખાવાપીવામાં વ્યસ્ત રહેતા હોય છે, તથા ફજર તેમજ ઈશાના સમયે સૂતેલા હોય છે. પરંતુ હવે તેમના ફાસિક્પણામાં વધારો થવાના કારણે આ સમયે (ફજર, મગરિબ, ઈશા)માં પણ બહાર ફરતા હોય છે, બલ્કે આવા સમયની તાકમાં લાગેલા રહે છે. જેમ કે આપણા (આજના) યુગનો આ જ હાલ છે. તો આ સમયોમાં (સ્ત્રીઓના ઘરથી બહાર નીકળવા પર) રોક લગાડવાનો હુકમ અધિકપણે હોવો જોઈએ. *(ફતાવા રઝવિય્યહ, ૧/૩૮૯, રિસાલા અજલ્લિયુલ્ અઅ્લામ)*

અલ્લામા શૈખ ઈસ્માઈલ ફર્માવે છે કે આ ઘણી સારી (ઉચિત) વાત છે. આને કહેવાય સમય તથા સંજોગનો લેહાઝ કે એક મસ્અલામાં ત્રણ ત્રણ વાર હુકમ બદલાઈ જવાનું ચિત્ર દુનિયાની નિગાહોએ જોયું. પહેલીવાર ખુદ ખલીફએ રસૂલ સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના હુકમથી (આદેશથી) આ હુકમ બદલવામાં આવ્યો જે જાહેરમાં રિસાલતકાળના હુકમની વિરુદ્ધ હતો. બીજીવાર (હુકમની) તબ્દીલી તાબઈને કિરામના યુગમાં સિરાજુલ ઉમ્મહ સૈયદુના ઈમામે આ'ઝમ رضی اللہ عنہના દ્વારા થઈ. અને ત્રીજીવાર હુકમ બદલવાનું આ હિકમતભર્યું કાર્ય હનફી ઈમામોએ અંજામ આપ્યું. પરંતુ શરીઅતની મસ્લેહતો તથા તેના ભેદો, હેતુઓ ઉપર નજર રાખનાર સારી રીતે સમજે છે કે (હુકમોમાં) આ પ્રમાણેનો બદલાવ રસૂલુલ્લાહ ﷺની મરજી મુજબ છે, આપ ﷺની મરજી વિરુદ્ધ નથી. આપની મરજી વિરુદ્ધ તો તે લોકો કહે છે તથા સમજે છે જેઓ સહાબા તથા તાબઈનની પયરવીથી બિલ્કુલ આઝાદ છે અને વહાબિયતની બલાએ જેમને પાગલ કરી નાખ્યા છે. અહલે સુન્નતે તો સહાબા તથા તાબઈને કિરામ તેમજ ઈમામે આ'ઝમ رضی اللہ عنہની પૈરવી કરવી જોઈએ.

## (૭) પહેલાં ચેહરાનો પર્દો વાજિબ ન હતો, હવે વાજિબ છે

સરકારે દો આલમ ﷺના યુગમાં સ્ત્રીઓ માટે ચહેરાનો પર્દો વાજિબ ન હતો, કેમ કે તે ઝમાનો તક્વા તથા ખૌફે ખુદાનો જમાનો હતો. સામાન્યતઃ લોકો ગુનાહોથી બચતા હતા. પરંતુ જયારે સ્થિતિમાં બદલાવ આવ્યો, સમય તથા સંજોગ બદલાવા લાગ્યા તો (આ) હુકમ પણ બદલાય ગયો અને ઉલમાએ ચહેરો છુપાવવા માટે વાજિબનો હુકમ ફર્માવ્યો[૧]. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

આપણી શરીઅતે મુતહ્હરામાં ઉચ્ચકક્ષાની હિક્મત તથા મજબૂતી તેમજ બારીક મસ્લેહતોની

રિઆયત (લેહાઝ) છે. અને જે હુકમ ઉર્ફ તથા મસ્લહેતો ઉપર આધારિત હોય છે (તે હુકમ) તે જ વસ્તુઓની સાથે લાગેલો રહે છે, અને સમયના બદલવાથી તે હુકમ પણ બદલાય જાય છે અને તે સર્વ હુકમો શરીઅતના હુકમો ગણાય છે. જેમ કે હુઝૂર સરવરે આલમ ﷺના પવિત્ર યુગમાં નેકીઓ તથા તક્વા તેમજ ખૌફે ખુદાની અધિક્તાના કારણે તથા ફિત્ના ન હોવાના કારણે સ્ત્રીઓ ઉપર સતર (છુપાવવું) તથા પર્દો વાજિબ ન હતો......ત્યાર પછી........ધીરે ધીરે શરીઅતના અલમબરદારોએ તથા ઉમ્મતના આલિમોએ પર્દાનો હુકમ આપ્યો અને ચહેરો છુપાવવાનો જે પહેલાં વાજિબ હતો તેને (હવે) વાજિબ કરી આપ્યો. ''નિહાયા''માં છે :– سدل الشئ علٰی وجهها واجبٌ સ્ત્રીઓએ પોતાના ચહેરા ઉપર નિકાબ (પર્દો) વગેરે નાખવો વાજિબ છે. ''શરહે લુબાબ''માં છે :–

دلّت المسعلة علٰی أنّ المرأة مَنْهِيَّةٌ عَلٰى إظهارِ وَجْهِهَا لِلأجانب بلا ضرورة۔

''આ મસ્અલો (ઉપરોક્ત) એ વાતની દલીલ છે કે અજનબી પુરૂષો સમક્ષ સ્ત્રીઓએ વિના કોઈ કારણે પોતાના ચહેરાને ખોલવાની મનાઈ છે. ''તન્વીરમાં છે :

تمنع من كشف الوجه بين رجالٍ لخوف الفتنة

પુરૂષોના દરમિયાન ફિત્નો થવાના કારણે સ્ત્રીઓએ પોતાનો ચહેરો ખોલવાની મનાઈ છે.'' *(ફતાવા રઝવિય્યહ્, પેજ : ૪૪૩, ૪૪૪, રિસાલો : અન્ફ્સુલ ફિક્ર, સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

રિસાલતકાળનો હુકમ પોતાના સ્થાને કેટલો અગત્ય તથા અહમ છે, તેનાથી આપણી અવામ તથા ખાસ લોકો પણ વાકેફ છે. શું કોઈ સુન્ની તેનાથી વિરુદ્ધ તથા ઈખ્તેલાફ તેમજ (તે હુકમથી) ફરી જવાની વાત વિચારી શકે છે ?!!

તો પણ આ એક સચોટ હકીકત છે કે જે વસ્તુ રિસાલતકાળમાં વાજિબ ન હતી તે પછીના દૌરમાં કઈ સ્થિતિમાં વાજિબ કરી દેવામાં આવી અને આજે આપણા અહલે સુન્નતના ફુકહાએ કિરામ પણ તેને વાજિબ જ માને છે, અને સાથે સાથે એ પણ સ્વીકારે છે. આ હુકમ રિસાલતકાળના હુકમથી ઈખ્તેલાફ (વિરુદ્ધ) તથા ઈન્હેરાફ (ફરી જવું) નથી. બલ્કે સમય, સંજોગોના બદલાય જવાથી શરીઅતે પોતે (આ પ્રકારના) વિરોધાભાસને સ્વીકાર્ય રાખ્યો છે. અને ફુકહા તથા ઈમામોએ તો માત્ર આ હકીકતના ચહેરા પરથી પર્દો હટાવ્યો છે.

---

*૧. સ્પષ્ટ રીતે જાણી લો કે આ આયતે કરીમામાં* يُدْنِيْنَ عَلَيْهِنَّ مِنْ جَلَا بِيْبِهِنَّ *માથુ ઢાંકવાનો હુકમ વાજિબ છે. આયત આ પ્રમાણે છે :* يٰۤاَيُّهَا النَّبِيُّ قُلْ لِّاَزْوَاجِكَ وَبَنٰتِكَ وَ نِسَآءِ الْمُؤْمِنِيْنَ يُدْنِيْنَ عَلَيْهِنَّ مِنْ جَلَا بِيْبِهِنَّ ذٰلِكَ اَدْنٰى اَنْ يُّعْرَفْنَ فَلَا يُؤْذَيْنَ *''હે ! નબી પોતાની બીવીઓ તથા સાહબઝાદીઓ તેમજ મો'મિનોની ઔરતોને ફર્માવી આપો કે પોતાની ઉપર પોતાની ઓઢણીઓ લટકાવી રાખે. આ તેનાથી નજીક (યોગ્ય) છે કે તેઓ ઓળખાય જશે તથા તેણીઓને કોઈ ઈજા પણ નહીં પહોંચાડવામાં આવે.'' (સૂરએ અહઝાબ, આ. ૩૩) હઝરત મુજાહિદથી રિવાયત છે કે દોપટ્ટાઓ તથા ઓઢણીઓ ઓઢવાનો હુકમ એટલા માટે છે કે જેથી ખબર પડે કે તે સ્ત્રી આઝાદ છે અને (બાંદી સમજીને) કોઈ ફાસિક તેમનાથી છેડછાડ ન કરે. અને ઈબ્ને અબ્બાસ તથા મુજાહિદ* رضی اللہ عنہما *ફર્માવે છે કે આઝાદ સ્ત્રીઓ બહાર નીકળતી વખતે પોતાની પેશાની તથા માથુ ઢાંકી લે અને હઝરત ઉમર* رضی اللہ عنہ*થી રિવાયત છે કે તેઓ (હઝરત ઉમર) બાંદીઓને મારી મારીને ફર્માવતા હતા કે પોતાનું માથુ ખુલ્લુ રાખો અને આઝાદ સ્ત્રીઓની બરાબરી ન કરો.'' (અહકામુલ કુર્આન–જસાસની, ૫/૪૨૫) બહારે શરીઅતમાં છે :–''અજનબી સ્ત્રીના ચહેરા તરફ જોવું ભલે જાઈઝ છે જ્યારે કે શેહવત (ઉત્તેજના)ની સાથે ન હોય. પરંતુ આ યુગ ફિત્નાનો છે, આ જ યુગમાં એવા લોકો કયાં કે જેઓ પહેલાંના જમાનામાં હતા. જેથી આ યુગમાં તેણીને જોવાની મનાઈ કરવામાં આવશે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર, બહારે શરીઅત, ૧૬/૪૪૬)* ***–મુહમ્મદ નિઝામુદ્દીન ગુફિરલહૂ***

# સુખ શાંતિમય સમાજ રચનામાં ચિશ્તી બુઝુર્ગોનો ફાળો

રજૂકર્તા : **હાફેઝ ઉષ્માન સાહબ કોલવનવી** (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

ચિશ્તી બુઝુર્ગોએ સારી જિંદગી ગુજારવામાં અને સમાજ સુધારણા માટે જે ખિદમત કરી છે એનું મહત્વ વર્તમાનકાળમાં કાંઈક ઔર જ વધી ગયું છે. દુર્વેશો અને સુલૂકની મંઝિલો પસાર કરવાવાળાઓની તા'લીમને અલગ અલગ કરીને સામાન્ય લોકોના કલ્યાણ માટે વિચાર કરવામાં આવે તો આ હદ સુધી પહોંચવું સરળ થઈ જશે. સામાન્ય લોકોથી તા'લીમનો મક્સદ એના સિવાય કાંઈ પણ નથી કે સમાજમાં રહેવાવાળો દરેક માણસ પોતે એવી જિંદગી ગુઝારે જેનાથી કોઈને તકલીફ ન પહોંચે અને એ પોતે પણ દુનિયા અને આખેરતમાં સફળતા પ્રાપ્ત કરી શકે. જેમ કે જનસેવા અને અલ્લાહની મખ્લૂકથી મહોબ્બત, ગરીબોની પરવરિશ, સખાવત અને દરિયાદિલી, નમ્રતા, માફી, તથા નરમી, મઝલૂમોની મદદ, દુરવેશો સાથે સદવર્તન, પર્દાપોશી, ખૌફે ઈલાહી, શરીઅતનું પાલન, મહ્બ્બતે રસૂલ, સગા સંબંધીના હક્કોને અદા કરવા, બીમારોની ખબર લેવી, સબ્ર અને શુક્ર, સારા અખ્લાક, મા બાપની ખિદમત, પુત્રીઓની સાથે શફકત અને મહોબ્બત, અલ્લાહ પર ભરોસો, હલાલ રોજી કમાવી, સાચુ બોલવુ, હક્ક પર અડગ રહેવું, ઈસ્લામનો પ્રચાર, પડોશીઓને ખ્યાલ, પાકીઝગી, નેક સોહબત, ઈલ્મ હાંસલ કરવું, હયા, અદબ, ત્યાગવૃત્તિ, પરહેઝગારી વગેરે પર એમના ધ્યાન દેવાનો બીજો હેતુ શું હોય શકે કે સમાજમાં રહેવાવાળો દરેક માણસ સુખ શાંતિની સાથે જિંદગી ગુઝારે. એ બુઝુર્ગોએ જે વસ્તુઓથી રોકયા છે એના ઉપર ધ્યાન આપીએ તો ખબર પડશે કે એમનો મક્સદ ખુદાના બંદાઓને એકબીજાથી જોડવું અને ચૈન સુકૂનની જિંદગી ગુજારવામાં મદદ કરવી છે. જેમ કે હરામ રોજી, જૂઠી કસમ, ચુગલી, ગીબત, ઘમંડ, હસદ, કીનો, ખાર, રિયાકારી, બિભત્સ શબ્દો, લાલચ, શરાબનોશી, ગાળો, તકલીફ પહોંચાડવી, મુનાફિકી જેવાં કામો કરવાં, અત્યાચાર, ખરાબ દોસ્તી અને બેકાર વાતો વગેરે આ એ કામો છે જે એકબીજાને તોડવા, અંદરો અંદર નફરત પેદા કરવા, લડાઈનો માહોલ બનાવવા અને જુદી જુદી રીતે બુરાઈઓને જન્મ આપીને મોટો રોલ અદા કરે છે.

## ★ અલ્લાહ દુનિયાથી બરકત ક્યારે ઉઠાવી લે છે ! ★

હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''ત્રણ જાતના લોકો જન્નત તરફ નહીં જાય, એક જૂઠુ બોલવાવાળો દુરવેશ, બીજો બખીલ દૌલતમંદ અને ત્રીજો ખયાનત કરવાવાળો સોદાગર. કેમ કે આ ત્રણેવને સખ્ત અઝાબ થશે. વળી જ્યારે દુરવેશ જૂઠુ બોલે અને દૌલતવાળો બખીલ બની જાય અને સૌદાગર (વેપારી) ખયાનત કરવાવાળો થઈ જાય તો અલ્લાહ તઆલા દુનિયાથી બરકત ઉઠાવી લે છે.'' *(અનીસુલ અરવાહ, મલફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની, સંપાદક : ખ્વાજા મુઈનુદ્દીન હસન ચિશ્તી)*

જૂઠુ બોલવાથી, કંજૂસાઈથી તથા ખયાનતથી બચવાનો સબક એટલા માટે આપવામાં આવ્યો કે દુનિયામાં બરકત બાકી રહે. બરકત વિના દુનિયામાં સામાન્ય લોકો પરેશાન થશે જે માનવ સમાજ માટે ભલાઈની વાત નથી.

## ★ વૃધ્ધોની ઈજ્જત કરવી સુન્નત છે ★

વર્તમાનકાળમાં આપણો સમાજ ઘણી જ ગતિ

સાથે નૈતિક પડતીનો શિકાર થઈ રહ્યો છે જેના કારણે સંબંધોને તોડવામાં કોઈ ખચકાટ મેહસૂસ નથી કરતું. કમજોરો અને મજબૂરોને સતાવવું હવે એક મામૂલી કામ બની ગયું છે. વૃધ્ધ વયના લોકોની સાથે બદતમીઝી અને એમને પરેશાન કરવાનો જે રિવાજ બની ગયો છે એમાં પોતાના છોકરાઓ પણ ઘરડા મા બાપ પર કીચડ ઉછાળવામાં પાછળ નથી. આવી હાલતમાં ચિશ્તી બુર્ઝુર્ગોએ જે તાલીમ આપી છે એની મહત્વતા ઘણી જ અધિક વધી જાય છે. હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

જ્યારે પણ રસૂલુલ્લાહ ﷺ રસ્તામાં કોઈ વૃધ્ધને જોઈ લેતા ભલે તે યહૂદી હોય અથવા મુસલમાન, એના સફેદ વાળોના કારણે તેની આગળ ન ચાલતા, અને ફર્માવતા કે જેમાં ખુદાના નૂરનું નિશાન હોય એની આગળ નથી ચાલી શકાતુ. *(અફઝલુલ ફવાઈદ, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી)*

આપે વધુમાં ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ એ વૃધ્ધ માણસની તા'ઝીમ વાજિબ કરી દીધી છે જે મુસલમાનની હાલતમાં સફેદ વાળવાળો થઈ ગયો હોય, એના કારણે કે તૌરાતમાં આવ્યું છે કે હે મૂસા! વૃધ્ધોની ઈજ્જત કરતા રહો અને જ્યારે એ આવે ત્યારે એમની તા'ઝીમ માટે ઉભા થઈ જાવ. અને જ્યારે જુઓ કે યુવાન ઘરડાઓની આગળ આગળ ચાલે છે અથવા એમનાથી પહેલાં પાણી પીએ છે તો સમજી લો કે લોકોથી રાહત દૂર થઈ ગઈ છે, એ કારણે કે જ્યારે આ દશા થાય છે તો એ શહેરમાં ભલાઈ નથી રહેતી. *(અફઝલુલ ફવાઈદ–ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ)*

મતલબ સ્પષ્ટ છે કે જે સમાજના નૌજવાન ઘરડાઓની આગળ આગળ ચાલશે અથવા એમનાથી પહેલાં પાણી પીવાની કોશિશ કરશે તો સમજી લેવામાં આવે કે લોકોથી રાહત દૂર થઈ ગઈ અને એવા શહેરથી ભલાઈ પણ દૂર થઈ જશે.

**સારાંશ** : દરેક કામોમાં વૃદ્ધોનો ખ્યાલ કરવો જોઈએ જેમ કે બસ, ટ્રેન, વગેરેમાં સફર કરી રહ્યા છો તો ઘરડાઓને જગ્યા આપવી નૌ જવાનોની અખ્લાક઼ી ફરજ છે. પાણી પીવા લાઈનમાં ઉભા છો તો ઘરડાઓને પહેલો મૌક઼ો આપવો. ટિકિટ બારી પર અથવા બીજી કોઈ જગ્યાએ લાઈનમાં ઉભા છે તો ઘરડાઓને પહેલા તક આપવી માનવતાની દલીલ છે.

હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"મેં શૈખુલ ઈસ્લામ ફરીદુલ હક્ક़ رحمۃ اللہ علیہની મુબારક ઝબાનથી સાંભળ્યું છે કે એક વખતે હું પોતાના ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہની ખિદમતમાં બેઠો હતો ત્યારે ખ્વાજા સાહબ વારંવાર બહાર જોતા અને ઉભા થઈ જતા. આ જ રીતે છ સાત વખતે એમણે કર્યુ. મેં કારણ પૂછયું તો કહ્યું કે દરવાજાની બહાર એક વૃધ્ધ માણસ બેઠો હતો, જ્યારે એમના ઉપર નજર પડતી હતી તો મારે ઉભુ થવું જરૂરી હતું. હું સફેદ વાળોની ઈજ્જત માટે ઉભો થઈ જતો હતો." *(અફઝલુલ ફવાઈદ, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી, પેજ–૨૦)*

હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના વર્ણન કરેલ અમલથી એ જ સંદેશ મળે છે કે આપણે વૃધ્ધોની કેટલા અંશે ઈજ્જત કરવી જોઈએ. **આ સિધ્ધ થયેલ બાબત છે કે જે ઘરમાં ઘરડાઓ હોય છે તે ઘર ઘણી મુસીબતોથી સુરક્ષિત રહે છે.** એમના અનુભવો આપણને મુસીબતથી બચાવવામાં ચાવીરૂપ રોલ અદા કરે છે. એનો અનુભવ આપણે રોજ બરોજ કરતા રહીએ છીએ. જો આપણે ઘરડાઓની ઈજ્જત ન કરીએ, એમના સન્માનનો જઝબો આપણી અંદર પેદા ન કરીએ તો એનાથી વધારે કમનસીબી આપણી શું હોય શકે ?

જે રીતે ચિશ્તી ઉપદેશોમાં વડીલોના સન્માનનો પાઠ જોવા મળે છે એ જ રીતે નાના બાળકોની સાથે પણ પ્રેમ અને મહોબ્બતનું વર્ણન પણ જોવા મળે છે. હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ એક હિકાયતના આધારે એના મહત્વ પર આ રીતે ધ્યાન દોરે છે :

### ★ બાળકો પ્રત્યે પ્રેમભાવનાની તાલીમ ★

અમીરૂલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہએ પોતાના ખિલાફતના જમાનામાં એક મિત્રને કોઈક રાજ્યનો ગર્વનર બનાવી ત્યાંની હુકૂમતનો કાગળ લખીને એને આપ્યો. રસ્તામાં અમીરૂલ મો'મિનીને એક નાના બાળકને પોતાની ગોદમાં લીધો અને પ્યાર કરવા લાગ્યા. એ મિત્રએ કહ્યું, મારાં દસ બાળકો છે પણ મેં એમનાથી મહોબ્બત નથી કરી અને હું એમને પ્યાર પણ નથી કરતો. હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું કે એ કાગળ મને આપી દો. એણે કાગળ (હુકમનામુ) આપ્યો તો હઝરત ઉમર رضی اللہ عنہએ તે કાગળના ટુકડા કરી નાખ્યા પછી કહ્યું કે જ્યારે તને નાનાઓથી મહોબ્બત નથી તો વડીલોથી શું મહોબ્બત કરશે ?! *(ફવાઈદુલ ફવાદ, ભાગ–૪, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી)*

આનાથી એ જ સંદેશ આપવાનો મક઼સદ હતો કે જેને બાળકોથી મહોબ્બત નથી એ હાકિમ બનાવવાના લાયક જ નથી. આ હિકાયતથી એ બોધ પ્રાપ્ત કરવામાં આવે છે કે બાળકોથી મહોબ્બત કરવી ઈસ્લામી તા'લીમનો મહત્વનો ભાગ છે. કમસે કમ હઝરત ઉમર رضی اللہ عنہના તરીક઼ાથી એ જ પાઠ મળે છે. બીજુ એ કે જે બાળકોથી મહોબ્બત નથી કરતો એ વડીલોથી પણ મહોબ્બત નથી કરી શકતો. એટલા માટે આવા માણસને કોઈ મોટી જિમ્મેદારી સોંપવામાં નથી આવતી, ખાસ કરીને એવી જિમ્મેદારી જેનો કોન્ટેક્ટ આમ લોકોથી હોય.

હઝરત ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''જે વાલિદૈન (મા બાપ) પોતાના બાળકોને વિના કારણે મારે છે એમના નામે ગુનોહ લખી દેવામાં આવે છે. *(અનીસુલ અરવાહ, મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની, સંપાદક : ખ્વાજા મોઈનુદ્દીન હસન ચિશ્તી, મજલિસ–૧૭, પેજ–૩૨)*

બાળકોની સાથે પ્યાર મહોબ્બત અને એમની સારી તર્બિયત આપણો દીની અને અખ્લાક઼ી ફરીઝો છે. સારા સમાજની રચના માટે બાળકોની સારી તર્બિયત ઘણી જરૂરી છે. જેવી રીતે મા બાપ માટે જરૂરી છે કે પોતાની ઔલાદ સાથે હમદર્દી જાહેર કરે એ જ રીતે ઔલાદ માટે પણ જરૂરી છે કે એ પોતાના મા બાપની ઈજ્જત કરે અને એમનો ખયાલ રાખે, મા બાપની સાથે પ્રેમ અને મહોબ્બતના બારામાં હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

### ★ મા બાપની તાઝીમની ફઝીલત ★

પાંચ વસ્તુઓને જોવી ઈબાદત છે :–

(૧) મા બાપના ચહેરાને જોવું (૨) કુર્આન શરીફને જોવું (૩) આલિમોને જોવું (૪) કા'બા શરીફને જોવું (૫) પોતાના પીરને જોવું. *(દલીલુલ આરેફીન, મલ્ફૂઝાતે ખ્વાજા મોઈનુદ્દીન હસન ચિશ્તી, મજલિસ–૫, સંપાદક : ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ)*

આપે વધુમાં ફર્માવ્યું :–

''ઔલાદે પોતાના મા બાપનો ચહેરો જોવું ઈબાદત છે. હદીષે પાકમાં આવ્યું છે કે જે ઔલાદ ખુલૂસ અને મહોબ્બતની સાથે અલ્લાહ તઆલાની રઝા અને ખુશ્નુદી માટે પોતાના મા બાપની ઝિયારત કરે છે એને એક મક઼બૂલ હજ્જનો સવાબ મળે છે. **અને જે બાળક પોતાના મા બાપના પગ ચૂમે છે તો અલ્લાહ તઆલા એના નામાએ આ'માલમાં હજાર વર્ષની ઈબાદતનો સવાબ લખી આપે છે, અને એને બખ્શી દે છે.''** *(સીરતે ગરીબ નવાઝ, પેજ–૧૨૨, લેખક : અબ્દુર્રહીમ ક઼ાદરી, રઝવી કિતાબ ઘર–દિલ્હી)*

સમાજની સુધારણાનો આ મુદ્દો કેટલો મહત્વનો છે એનો સારી રીતે અંદાજો કરી શકાય છે. વર્તમાનકાળમાં મા બાપને ઘરથી બહાર કાઢી મૂકવાં, એમની સાથે પ્રેમાળ વર્તન ન કરવું, એમને થોડી થોડી વાતે પરેશાન કરવાં, ત્યાં સુધી કે એમની ઉપર ટીકા ટીપ્પણ કરવી મા'મૂલી વાત છે. ચિશ્તી બુઝુર્ગોની તાલીમનો પ્રચાર કરીને આવી હરકતો પર પાબંદી લગાડી શકાય છે.

★ સગાં સબંધીઓ સાથે સદ્‌વર્તાવની ફઝીલત ★

સમાજને પુર અમ્ન બનાવી રાખવામાં રિશ્તેદારો સાથે લાગણી અને આપસમાં મદદને પણ મોટો દખલ છે. ચિશ્તી સિલસિલાના બુઝુર્ગોએ એટલા માટે રિશ્તેદારોના હક્કનો ખયાલ કરવા અને એમની સાથે હમદર્દી પર ખાસ ધ્યાન આપ્યું છે. એની એહમિયતને મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہના આ ક઼ૌલથી સારી રીતે સમજી શકાય છે : જ્યારે અલ્લાહ તઆલાએ રહમ પેદા કર્યું તો ફર્માવ્યું, હે રહમ ! હું રહીમ છું અને તને મારા નામથી જોડયું છે. જે તારાથી સંબંધ છોડી દેશે હું એનાથી સંબંધ છોડી દઈશ અને જે તારાથી સંબંધ બાંધશે હું એનાથી સંબંધ બાંધીશ. *(અફઝલુલ ફવાઈદ, ભાગ–૧, ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી, પેજ : ૨૪,૨૫)*

હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہએ પોતાના ક઼ૌલને વધુ મજબૂતી પહોંચાડવા માટે ફર્માવ્યું કે તફસીરે કશ્શાફમાં લખેલું જોયું છે કે **જ્યારે કોઈ માણસ પોતાનાંઓ પર રહમ કરે છે તો જો એની ઉમરનાં ત્રણ વર્ષ બાકી હોય તો અલ્લાહ અધિક ત્રીસ વર્ષ વધારી દે છે. જો કોઈ પોતાનાં સગા સંબંધીઓથી સંબંધ તોડી નાખે છે તો અલ્લાહ તઆલા હુકમ આપે છે કે લોહે મેહફૂઝથી એનું નામ મિટાવી દેવામાં આવે અને એની ઉમરનાં વર્ષ પાછાં કરવામાં આવે.** *(પેજ–૨૫)*

રિશ્તેદારોની મદદ અને હમદર્દીનો આ સબક઼ એકતાપૂર્ણ સમાજની રચના અને ભાઈચારાને આગળ વધારવામાં ઘણા અંશે મદદગાર સાબિત થાય છે. સંબંધીઓમાં કયા લોકો આવે છે એની સ્પષ્ટતા કુર્આને કરીમ અને અહાદીષે કરીમામાં મૌજૂદ છે. મા બાપ, પતિ, પત્ની, ભાઈ, બહેન, કાકા, કાકી, ફોઈ, ફુવા, દાદા, દાદી, નાના, નાની, માસા, માસી, મામા, મામી, પિતરાઈ ભાઈ, બહેન, અને ભત્રીજાઓ વગેરે.

★ પડોશીઓ સાથે સદ્‌વર્તાવ ★

એ બધા સિવાય ઈસ્લામમાં ખાસ કરીને પડોશીઓની સાથે હમદર્દીની તા'લીમ પણ આપવામાં આવી છે. પડોશીઓના હક્ક઼ પણ સંબંધીઓની જેમ બતાવવામાં આવ્યા છે. ચિશ્તી સિલસિલાના બુઝુર્ગોએ પણ પોતાની તા'લીમમાં ખૂબ ધ્યાન આ ક્ષેત્રે દોર્યું છે. ભારતીય સમાજમાં પડોશીઓ સાથે સદવર્તનનું મહત્વ ઔર વધી જાય છે, એટલા માટે કે અહિયાં કાંઈ જરૂરી નથી કે આપણા પડોશી હમ મઝહબ હોય, બલ્કે કોઈ પણ મઝહબનો હોય શકે છે. ઈસ્લામે એની કોઈ શર્ત નથી લગાડી કે ફક્ત એ જ પડોશીઓની હમદર્દીનો જઝબો રાખો જે હમ મઝહબ અને હમ મશ્રબ હોય, બલ્કે એને કોમન રાખવામાં આવ્યું છે. એ જ કારણે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہએ જ્યારે પડોશીઓને ખુશ રાખવાની તાલીમ આપી તો આપે પૈગમ્બર હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની હદીષને રજૂ કરી. આપ ફર્માવતા હતા કે :–

અમીરૂલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું કે નબી કરીમ ﷺએ પડોશીઓનું મહત્વ એ રીતે રજૂ કર્યું કે મને ગુમાન પેદા થયું અને મેં પૂછયું કે હે અલ્લાહના રસૂલ ! ﷺ શું પડોશીના મૃત્યુ પછી એની મિલકતનો માલિક પડોશી થઈ શકે છે કે નહીં ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, થઈ શકે છે જો કોઈ વારસદાર ન હોય. *(અનીસુલ અરવાહ, મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની, સંપાદક : ખ્વાજા મુઈનુદ્દીન હસન ચિશ્તી, પેજ–૩૮)*

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે માણસ પડોશીઓની સાથે જ્યાં સુધી થઈ શકે મહેરબાનીથી પેશ આવે, ઈન્શાઅલ્લાહ ! એ ક઼યામતના દિવસે મારી સાથે હશે અને જન્નતમાં જશે. *(અનીસુલ અરવાહ, ખ્વાજા ઉષ્માન હારૂની, પેજ–૩૮)*

પડોશીઓના હક્કના બારામાં હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ પણ સરકારે દો આલમ ﷺની હદીષને જ સનદ બનાવે છે અને એના મહત્વને આમ લોકોની સામે વર્ણન કરતાં ફર્માવે છે :–

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જિબ્રઈલ علیہ السلامએ મને પડોશીઓના હક્ક઼ એવી રીતે બતાવ્યા

કે મને એવું ગુમાન થયું કે પડોશીઓને વારસાના માલમાંથી કદાચ હિસ્સો મળે. *(અફઝલુલ ફવાઈદ, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી, પેજ–૨૦)*

હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

મેં "તઝકેરતુલ અવલિયા"માં લખેલું જોયું કે હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہનો એક યહૂદી પડોશી હતો તે સફર પર ગયો હતો. એની પત્ની સગર્ભા હતી જેણે બાળકને જન્મ આપ્યો. એની પાસે એટલી વસ્તુ પણ ન હતી કે ચિરાગ લાવીને અજવાળુ કરી શકે. એ બાળક અંધારાના કારણે રડતુ હતું. આ ખબર ખ્વાજા સાહબે સાંભળી તો દરરોજ વાણીયાની દુકાનથી તેલ ખરીદીને એ યહૂદી સ્ત્રીને આપતા હતા. થોડા સમય પછી એ યહૂદી આવ્યો તો એની પત્નીએ બધી સ્થિતિનું વર્ણન કર્યું. તે શર્મિંદો થયો અને ખ્વાજા સાહબની બારગાહમાં આવીને અર્ઝ કરી કે આપે ઘણી મહેરબાની કરી ! ખ્વાજા સાહબે ફર્માવ્યું, ઈસ્લામમાં આ પડોશીનો હક્ક઼ હતો અને આ હક્ક઼ ઘણો મોટો હોય છે. આ સાંભળીને એ યહૂદી તરત જ મુસલમાન થઈ ગયો. *(અફઝલુલ ફવાઈદ, પેજ–૨૧/૨૨)*

આનાથી સાબિત થાય છે કે આપણે એક સારા સમાજની રચના એ સમયે કરી શકીએ છીએ જ્યારે આપણે પડોશીઓનો ખ્યાલ રાખીએ. ચિશ્તી બુઝુર્ગોએ આ પાસા પર ખાસ ધ્યાન એટલા માટે દોર્યું કે સમાજમાં અમ્નો અમાન કાયમ રહે અને લોકો ભાઈચારગીની સાથે જિંદગી ગુજારી શકે. એ બુઝુર્ગોની તાલીમાતમાં નેક સોહબત ઈખ્તિયાર કરવા, બીજાઓના ઐબ છુપાવવા, કોઈની ચુગલી ન કરવી, હસદ, જલન, બુગ્ઝ અને કીનો, ગુરૂર અને તકબ્બુર અને નફસાની ખ્વાહિશાતથી પરહેઝ અને સહનશીલતા તથા સંયમ પર પણ જોર આ જ કારણે આપવામાં આવ્યું છે. એટલે કે સમાજમાં રહેવાવાળો દરેક માણસ એકબીજાથી ખુશ હોય, એમના દિલોમાં બદગુમાનીઓ ન હોય. સહનશીલતા તથા સંયમ અને માફી તથા દરગુઝરના બારામાં હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہનો આ ક઼ૌલ સોનાના પાણીથી લખવામાં આવે તો પણ ઓછો છે :–

## ★ સહનશીલતા, સંયમ તથા દરગુઝરને અપનાવો ★

આપ ફર્માવતા હતા કે જો કોઈ કાંટા રાખે અને તમે પણ એના બદલામાં કાંટા રાખો તો કાંટા જ કાંટા થઈ જશે ! આમ લોકોમાં એ પ્રથા છે કે નેકની જોડે નેક અને બુરાની જોડે બુરા હોય છે, પણ દુરવેશોની આ પ્રથા નથી, અહિયાં તો નેક અને બુરા દરેકની સાથે નેક રહેવું જોઈએ. *(ફલાઈદુલ ફવાદ)*

આ જ ભાવાર્થને આપ બીજા શબ્દોમાં આ રીતે રજૂ કરે છે : બે વસ્તુઓ છે એક દિલ અને બીજુ નફસ. જ્યારે કોઈ નફસથી પેશ આવે તો એની સાથે દિલથી પેશ આવવું જોઈએ. એટલે કે નફસમાં દુશ્મની, હંગામો અને ફિત્નો છે અને દિલમાં સુકૂન અને રઝા અને નરમી છે. એટલે કે જ્યારે કોઈ લડાઈ કરે તો એનાથી નરમીથી પેશ આવે જેથી નફસ દબાઈ જાય. પણ જો કોઈ નફસથી પેશ આવે અને બીજો પણ નફસથી પેશ આવે તો પછી દુશ્મનીની કોઈ હદ નથી રહેતી. *(ફવાઈદુલ ફવાદ, ભાગ–૨, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી, સંપાદક : હઝરત અમીર હસન સંજરી, પેજ–૯૮)*

આપણા સમાજમાં અમ્નો અમાન અને ભાઈચારાનો માહોલ સ્થાપિત કરવામાં રજૂ કરેલ બન્નેવ સોનેરી વાતો અત્યંત મહત્વની છે. કાંટાના બદલામાં કાંટા નહીં પણ ફૂલ રાખવામાં આવે અને દુશ્મની, હંગામો, ફિત્ના માટે તૈયાર થયેલ માણસની સાથે શાંતિથી સંયમથી અને નરમીથી પેશ આવવુ જોઈએ તો આપોઆપ અગણિત સમસ્યાઓ હલ થઈ શકે છે અને આપણો સમાજ આવતા દિવસોના ફિત્ના ફસાદ, લડાઈ ઝઘડાથી નજાત પામી શકે છે. એક સારા સમાજની રચના માટે આનાથી સારો તરીક઼ો કયો હોય શકે છે ? એટલા માટે એ બુઝુર્ગોએ પોતાની તાલીમાતમાં નેક સોહબત ઈખ્તિયાર કરવા પર પણ જોર આપ્યું છે જેથી નેક લોકોની સાહેબતમાં રહીને માણસ નેક બને અને એના અંદર માફી તથા દરગુઝરની ભાવના પેદા થાય. ........*(ક્રમશઃ)*

# એહલે હદીષને ૧૦ લાજવાબ કરી આપતા સવાલો

*કહેવાતા એહલે હદીષ ગૈર મુકલ્લિદો ફક્ત કુર્આન તથા હદીષ પર જ ચાલવાનો દાવો કરે છે તો નીચેના પ્રશ્નોના જવાબ ફક્ત કુર્આન કે હદીષથી જ આપે. નહીં તો પછી જૂઠો દાવો કરવાનું છોડી આપે.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક (દયાદરા)*

**સવાલ નં. ૧ :** આખી નમાઝ તકબીરે તેહરીમાથી સલામ સુધી બધા જ એહકામ અને મસાઈલ સાથે (ફર્ઝ, વાજિબ, સુન્નત, કેટલી રકાત) કુર્આન શરીફની શરીહ (સ્પષ્ટ) આયત અથવા સહીહ એક બીજા સાથે ન ટકરાતી હોય એવી હદીષથી સાબિત કરો !

**સવાલ નં. ૨ :** તમારો ઈમામ તકબીરે તેહરીમા (નમાઝની શરૂઆતમાં અલ્લાહુ અકબર કહેવું) જોરથી કહે છે અને મુકતદી ધીમા અવાજમાં કહે છે. આના પર કુર્આન શરીફની શરીહ (સ્પષ્ટ) આયત અથવા સહીહ સ્પષ્ટ હદીષથી જે એક બીજા સાથે ન ટકરાતી હોય એને પેશ કરો. તેમજ જો ઈમામે તકબીર ધીમેથી કહી અને મુકતદીએ મોટેથી કહી તો નમાઝ થશે કે નહીં ? કુર્આન અને હદીષથી જવાબ આપો.

**સવાલ નં. ૩ :** ઝયદે ઝૈનબને ત્રણ શરઈ તલાક઼ આપી એના પછી ઝૈનબે બકરથી નિકાહ કર્યા. પછી બકરે એને તલાક઼ આપી દીધી, હવે ઝૈનબ ઈદ્દત પૂરી કરી ઝયદ સાથે નિકાહ કરી શકે છે. આ મસઅલો તો કુર્આન હદીષમાં છે. પરંતુ જો બકરે તલાક઼ ન આપી પરંતુ ઝૈનબે અદાલતથી ખુલઅ લઈ લીધો અને નિકાહને તોડી નાખ્યો. તો હવે ઝૈનબ ઈદ્દત ગુજારીને ઝૈદથી નિકાહ કરી શકે છે કે નહીં ? સાબિતીમાં કુર્આન શરીફની સ્પષ્ટ આયત અથવા જે એકબીજાથી ટકરાતી ન હોય એવી સહીહ સ્પષ્ટ હદીષ પેશ કરો.

**સવાલ નં. ૪ :** આજકાલ વધારે પડતા ઉપસ્થિત થતા નીચે આપેલ મસાઈલના માટે કુર્આન શરીફ અને સહીહ સ્પષ્ટ હદીષ પેશ કરો :

- શું લોહી આપવું અને લેવું જાઈઝ છે કે નહીં ?
- રોઝાની હાલતમાં ઈન્જેક્શન લગાડવાથી રોઝો રહે છે કે નહીં ?
- શું પોતાનું લોહી અને અવયવો દિલ, આંખો, કીડની વગેરે વેચવું જાઈઝ છે ? કોઈ જરૂરતમંદને પોતાના અવયવો ભેટ કરવું જાઈઝ છે કે નહીં ? મૃત્યુ બાદ પોતાના શરીરનાં અવયવોને દાનમાં આપવાની વસિયત કરવું જાઈઝ છે ?
- ટેલીફોન અથવા ઈન્ટરનેટ પર નિકાહ જાઈઝ છે કે નહીં ?

**સવાલ નં. ૫ :** કોઈ એક સહીહ સ્પષ્ટ ટકરાવ વિનાની હદીષ બતાવો જેમાં એક મજલિસની ત્રણ તલાકોને એક કહેવામાં આવી હોય, અને એ રિવાયતનો કોઈ રાવી સહીહ ન હોય, અને એ રિવાયતના કોઈ એક પણ રાવીનો પોતાનો ફત્વો આ હદીષના વિરૂધ્ધમાં ન હોય.

લેખક : હઝરત અલ્લામા મુહમ્મદકલીમ રઝવી નૂરી (મુંબઈ)

અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ–દયાદરા

**સવાલ નં. ૬ :** સુવ્વર, સિંહ, ચિત્તો, વાઘ, વાંદરો, ગેંડો, શિયાળ વગેરે જાનવરના એઠાનો શું હુકમ છે ? પાક છે કે નાપાક ? ક્યાસ કર્યા વિના દરેકના માટે નામ સાથે કુર્આન શરીફ અથવા હદીષ શરીફની સ્પષ્ટ દલીલ બતાવો. ઉપર જણાવેલ જાનવરોમાં એઠાના હુકમના સિવાય આ જાનવરોના પેશાબ, પાખાના, ઉલ્ટી, લોહી, પસીનો વગેરેના પાક અથવા નાપાક હોવાનું નામ સાથે સ્પષ્ટ દલીલ પેશ કરો.

**સવાલ નં. ૭ :** તમારા નજીક તક઼લીદ, શિર્ક, નાજાઈઝ અને હરામ છે જ્યારે કે ઈમામ યહયા બિન સઈદ અલ કત્તાન (હન્ફી), ઈમામ બુખારી (શાફઈ) ઈમામ મુસ્લિમ (શાફઈ) ઈમામ ઈબ્ને તૈમિયા (હમ્બલી) ઈમામ ઈબ્ને હજર (શાફઈ) ઈમામ નાવી (શાફઈ), ઈમામ ઝહબી (શાફઈ) મુક઼લ્લિદ છે. તો કુર્આન અને હદીષથી આ હઝરાત પર શું હુકમ લાગુ પડે ? અને એ પણ કહો કે જે આ મુક઼લ્લિદોની રિવાયત લે અથવા એમની વાતો પર અમલ કરે એનો શું હુકમ છે ?

**સવાલ નં. ૮ :** કુર્આન શરીફ પર એઅરાબ (ઝબર, ઝેર, પેશ વગેરે) લગાડવું, પારા, મંઝિલ આ તરતીબ (ક્રમ) નબીએ પાક ﷺએ ક઼ાયમ નથી કરી, બલ્કે આ તરતીબ ઉમ્મતે ક઼ાયમ કરી છે. આ સંજોગોમાં :–

**૧.** વર્તમાન તરતીબની સાથે છપાતા તથા પઢવામાં આવતા કુર્આનનું મક઼બૂલ (માન્ય) હોવું સ્પષ્ટ દલીલથી સાબિત કરો.

**૨.** આ ફરકને પણ સાબિત કરો કે ઉમ્મતનું તરતીબ કરેલુ કુર્આન તો લેવું જાઈઝ અને ફિક઼્હ લેવું નાજાઈઝ ?!

**૩.** ઉમ્મતના તરતીબ (ક્રમ) આપેલા કુર્આન શરીફથી હાફિઝ થવાનો રિવાજ અને નમાઝમાં એની ક઼િરાઅતનું સહીહ હોવું કોઈ સ્પષ્ટ દલીલથી સાબિત કરો.

**સવાલ નં. ૯ :** એહલે હદીષના લોકો રમઝાન શરીફમાં આ બાબતો અન્જામ આપે છે :–

૮ રકાત, પોતાની દરેક મસ્જિદોમાં પૂરો મહિનો અને પૂરું કુર્આન ખત્મ કરે છે. જો આ પાંચ ચીજો હુઝૂરે કરીમ ﷺથી સાબિત હોય તો પેશ કરો, અને જો સાબિત નથી તો આ કામ કરવાવાળાઓના બારામાં કુર્આન અને સુન્નત (હદીષ)થી ફત્વો લાગુ કરો.

**સવાલ નં. ૧૦ :** જો કોઈ નમાઝીએ નમાઝમાં ''સુબ્હાન રબ્બિયલ અઝીમ''ની જગ્યાએ સુબ્હાન રબ્બિયલ આ'લા, અથવા દુરૂદ શરીફની જગ્યાએ દુઆએ કુનૂત અથવા અત્તહિય્યાતની જગ્યાએ સૂરએ ફાતેહા, અથવા અલ્લાહુ અકબરની જગ્યાએ અલ્લાહ કબીર અથવા સમિઅલ્લા હુલિમન હમિદાની જગ્યાએ અલ્લાહુ અકબર કહી દીધું, અથવા આનાથી વિરૂધ્ધ કહી દીધું તો નમાઝ થશે કે નહીં ? દરેક સ્થિતિમાં સહીહ સ્પષ્ટ ટકરાવ વિનાની હદીષ પેશ કરો.

**જરૂરી નોંધ :** કહેવાતા ''એહલે હદીષ'' લોકોનો દાવો છે કે અમે ફક્ત કુર્આન અને સહીહ હદીષને માનીએ છીએ અને ઈજમાઅ તથા ક઼યાસને નથી માનતા. આ લોકો આખી ઉમ્મતને ગુમરાહ કરે છે અને અઈમ્માએ મુજતહિદીનની શાનમાં ગુસ્તાખી કરે છે અને એહલે સુન્નત વ જમાઅતને ઉલ્ટા, સીધા સવાલોથી પરેશાન કરે છે. અમે અમારા ડિફેન્સ માટે ઉપર આપેલા સવાલો એમની ખિદમતમાં પેશ કરી દીધા છે અને અર્ઝ કરીએ છીએ કે એના જવાબો ફક્ત અને ફક્ત કુર્આન કરીમની સ્પષ્ટ આયતો અથવા સહીહ સ્પષ્ટ ટકરાવ વિનાની હોય એવી હદીષો પેશ કરો ! કોઈ ઉમ્મતીનો ક઼ૌલ અથવા ક઼િયાસને પેશ કરી શિર્કમાં ન પડશો !

યાદ રહે કે હદીષની સેહત (સહીહ હોવું) ગૈર મુક઼લ્લિદોએ પોતાના બે ઉસૂલો (નિયમો) એટલે કુર્આન અને હદીષથી સાબિત કરવાનું રહેશે.

# હઝરત અલી رضی اللہ عنہ ની મહોબ્બતની આડમાં
## શીઆઓની છુપાયેલી બદ્અક઼ીદગીની ઝલક !
(કાર્યાલય)

અમીરુલ મો'મિનીન સૈયદના હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم તથા હઝરત સૈયદા ફાતિમા ઝહરા તથા સર્વ અહલે બયતે અત્હાર رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની સાચી મહોબ્બત એ દરેક અહલે સુન્નત વ જમાઅતની સહીહ ઓળખ છે. દરેક સુન્ની અહલે બયતે અત્હારને દિલથી મહોબ્બત કરતો જ હોય છે. પરંતુ આજકાલ કેટલાક અજ્ઞાન કહેવાતા સુન્નીઓ શીઆઓની દેખાદેખી તેમની રવિશ પર ચાલી નીકળીને ગુમરાહીમાં પડતા જોવા મળી રહ્યા છે અને શીઆઓની જેમ અહલે બયતની મહોબ્બતની આડમાં સહાબાએ કિરામની તથા મહાન સહાબીએ રસૂલ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ ના વિશે ગલત અક઼ીદા ધરાવતા જોવા મળે છે. તેમની ભલાઈને ખાતર તેમના સહીહ માર્ગદર્શન માટે શીઆઓની અસલિયત અત્રેના લેખમાં રજૂ કરવામાં આવે છે, એ નિય્યત તથા દુઆ સાથે કે રબ તઆલા તેના હબીબ صلی اللہ علیہ وسلم ના સદક઼ામાં સૌને સહાબાએ કિરામની તથા અહલે બયતની મહોબ્બતમાં જીવવા મરવાની તૌફીક઼ આપે. (આમીન)

ઈસ્લામ તથા મુસલમાનોના પૂરાણા દુશ્મન યહૂદીઓ ઈસ્લામી ચળવળની પ્રગતિ રોકી ન શક્યા તો મુનાફિક઼ાના તૌર પર મુસલમાન થવાનું જાહેર કરીને કેટલાક યહૂદી મુસલમાનોમાં સામેલ થયા અને ઈબ્ને સબા નામના યહૂદીએ મુસલમાનોનું સંગઠન તૂટે અને અંદરો અંદર ભાગલા પડે માટે જૂઠી હદીષો વહેતી કરી તથા ઈસ્લામી અક઼ીદાઓમાં શંકાકુશંકાઓ ખડી કરી જેનાથી નીચે પ્રમાણે ઈસ્લામ વિરુદ્ધ અક઼ીદા શીઆઓએ વહેતા કર્યા. હઝરત અલી رضی اللہ عنہ ની મહોબ્બતનો ઢોંગ રચી "શીઆયાને અલી" કહેવાયા જે પાછળથી "શીઆ" એટલે "રાફઝી" તરીકે ઓળખાયા. આ શીઆ ફિર્ક઼ાના અમુક અક઼ીદા જોઈ લો.

### શીઆના ગુમરાહ કરનારા અક઼ીદાઓ

★ આ ફિર્ક઼ો કુર્આને પાકને અપૂર્ણ માને છે અને કહે છે કે કુર્આનના ચાલીસ સીપારા હતા તેમાંથી દસ સીપારા ગાયબ કરી દેવામાં આવ્યા છે જેમાં અહલે બયતની ફઝીલતનું વર્ણન હતું. આ અક઼ીદાથી કુર્આનની આયતનો સ્પષ્ટ ઈન્કાર થાય છે જેમાં છે કે :- اِنَّا نَحْنُ نَزَّلْنَا الذِّكْرَ وَ اِنَّا لَهٗ لَحٰفِظُوْنَ "બેશક ! કુર્આન અમે નાઝિલ કર્યું છે અને બેશક ! અમે તેની રક્ષા કરીશું." *(સૂ. હિજ્ર, આયત : ૯, પારા : ૧૪)* અને સ્પષ્ટ છે કે કુર્આનની આયતનો ઈન્કાર કરનાર કાફિર છે.

★ હઝરત અબૂબક્ર, હઝરત ઉમર તથા હઝરત ઉષ્માન رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની ખિલાફતનો ઈન્કાર કરે છે અને તેમને તથા અન્ય સહાબીઓને કાફિર કહે છે અને તેમના પર લઅનત કરવાને તથા ખરાબ સંબોધનો કરવાને મહાન ઈબાદત સમજે છે, અને આ જ શીઆ ધર્મનો પાયો છે. *(રૌઝતુલ કાફી)*

★ ૧૨ ઈમામો અંબિયાથી અફઝલ છે તથા ઈમામોને મા'સૂમ તેમજ હુઝૂરના સમાન માને છે. *(હક઼્કુલ યક઼ીન-મુલ્લા બાકિર મજલિસી)* જ્યારે કે ઈસ્લામમાં ગૈર નબીને નબી કરતાં અફઝલ માનવું જ કુફ્ર છે.

★ હુઝૂર صلی اللہ علیہ وسلم કરતાં હઝરત અલી رضی اللہ عنہ ને અફઝલ માને છે બલ્કે તેમની માન્યતા છે કે હુઝૂર નબી કરીમ صلی اللہ علیہ وسلم પર હઝરત જિબ્રઈલ ભૂલથી નાઝિલ થયા, નહીં તો નબી તો અસલમાં હઝરત અલી હતા..... વગેરે ઘણા બધા ગલત અક઼ીદા તેમના છે.

તેમજ તેમના નજીકના ભૂતકાળના ઈરાનમાં થયેલ પેશવા જેમને તેઓ આયતુલ્લાહ ખોમૈની કહે છે તેમના વિચારો પણ જાણી લો :–

## શું આ તૌહીને રિસાલત નથી ?

ખોમૈની પોતાના ઈમામે ગાયબ મહદી મવઊદના જશ્ને વિલાદતના મોકા પર સંબોધન કરતાં ૧૫ શાબાન હિ.સ. ૧૪૦૦માં નબીઓ તથા રસૂલોની શાનમાં આ પ્રમાણે ગુસ્તાખીપૂર્ણ વાતો કહે છે : "તમામ નબીઓ દુનિયામાં અદાલતના ઉસૂલને સ્થાપિત કરવા માટે આવ્યા પરંતુ તે હઝરાત પોતાના આવવાના હેતુમાં કામયાબ ન થઈ શક્યા, ત્યાં સુધી કે **ખાતમુન્નબીય્યિન પણ આ હેતુમાં કામયાબ ન થઈ શક્યા** જે માનવજાતની સુધારણા, અદાલતની સ્થાપ્ના અને માનવજાતની કેળવણીના મક્સદથી દુનિયામાં આવ્યા....યકીનન ! જે શખ્સ આ હેતુમાં નજીકમાં જ **કામયાબ થશે તે મહદી મવઊદ** હશે...... **ઈમામ મહદી** જેમને અલ્લાહ તઆલાએ માનવજાતના માટે ખજાનો બનાવીને બાકી રાખ્યા છે તે પૂરા જગતમાં ન્યાયના ફેલાવવા તથા તેને જીવંત કરવાની ખિદમત અંજામ આપશે. અને **યકીનન ! એ કામમાં કામયાબ થશે** જે કાયમ કરવામાં તથા મજબૂત કરવામાં **અંબિયા નિષ્ફળ રહ્યા....** *(ખુત્બાએ ઈમામ ખોમૈની, પ્રસારણ રેડીયો તેહરાન, પ્રેસ : અર્રાઈયુલ આલમ, કુવૈત, ૨૧–૬–૧૯૮૦)*

શીઆ ઈરાની પેશવા ખોમૈનીએ ઈમામ રઝા رضی اللہ عنہના જશ્ને વિલાદતની તકરીર દરમ્યાન કહ્યું કે, "મને બે વાતોનો અફસોસ છે, એક એ કે ઈસ્લામી બંધારણ ઈસ્લામી હુકૂમતના પ્રારંભિક દૌરથી આજ સુધી સંપૂર્ણપણે કામયાબ નથી થઈ શક્યું, ત્યાં સુધી કે રસૂલે ઈસ્લામ ﷺના જમાનામાં પણ ઈસ્લામી હુકૂમતનું બંધારણ સંપૂર્ણપણે લાગુ ન થઈ શક્યું." *(મૌદૂદી તર્જુમાન એશિયા, લાહોર, ૨૯ ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૦૩)*

જ્યારે કુર્આને પાકમાં ખુદ રબ્બે કરીમ ફર્માવે છે કે : اَلْیَوْمَ اَکْمَلْتُ لَکُمْ دِیْنَکُمْ وَاَتْمَمْتُ عَلَیْکُمْ نِعْمَتِیْ

"આજે મેં તમારા માટે તમારો દીન કામિલ (સંપૂર્ણ) કરી આપ્યો અને તમારા પર મારી નેઅમત પૂરી કરી દીધી." *(પારા : ૬, સૂરએ માઈદહ, આયત : ૩)*

એટલે કે **હુઝૂર ﷺનો વિસાલ મુબારક ત્યાર પછી જ થયો જ્યારે દીન સંપૂર્ણપણે મુકમ્મલ થઈ ચૂક્યો હતો અને ફતહે મક્કાથી ઈસ્લામી બંધારણ સંપૂર્ણપણે અમલમાં આવી ચૂક્યું હતું. છતાં ખોમૈની, નબીપાક ﷺને મઆઝલ્લાહ ! પોતાના મક્સદમાં નિષ્ફળ દર્શાવે છે.**

## સહાબાએ કિરામની બેઅદબી શું ઈસ્લામ દુશ્મની નથી ?!

શું હુઝૂર ﷺને અત્યંત ચાહનાર આપના સૌથી પ્રિય સાથી સહાબી, ઉમ્મતીઓમાં સૌથી અફઝલ સહાબી એવા હઝરત અબૂબક્ર رضی اللہ عنہ તેમજ હઝરત ઉમર, હઝરત ઉષ્માન તથા અન્ય મહાન સહાબીઓ માટે આવા શબ્દો લખશે જેમ શીઆ ફિર્કાની કિતાબોમાં છે કે, "નબી કરીમ ﷺના ઈન્તેકાલ બાદ મિકદાદ ઈબ્ને અસ્વદ, સલ્માન ફારસી તથા અબૂઝર ગફ્ફારી સિવાય સર્વ સહાબીઓ મુર્તદ થઈ ગયા હતા. *(રૌઝતુલ કાફી, ૨૪૬/૮, હવાલો : તફસીરે સાવી, પેજ : ૩૮૯, ભાગ : ૪)* શું નબીપાક ﷺના સહાબાએ કિરામને મુર્તદ, કાફિર કહેનારો ઈસ્લામનો દુશ્મન નહીં તો ઈસ્લામનો દોસ્ત છે ?

**શીઆઓ હઝરત આઈશા رضی اللہ عنہاની તૌહીન કરવાને તથા તેમના પર લઅનત મોકલવાને ઈબાદત સમજે છે કે જે નબી કરીમ ﷺનાં પ્રિય પત્ની તથા ઉમ્મતીઓનાં મા છે** અને તેમની વિવિધ રીતે તૌહીન કરે છે. જેમ કે ઈબ્ને રજબ બરસીનું કહેવું છે કે, "હઝરત આઈશાએ ચોરીથી ચાલીસ દીનાર એકઠા કરી લીધા હતા !" મઆઝલ્લાહ ! નબી પાક ﷺનાં પવિત્ર પત્નીની આ તૌહીન શું અસહ્ય નથી ?! એટલું જ નહીં બાકિર મજલિસી પોતાની કિતાબ હક્કુલ યકીનમાં લખે છે :

"જ્યારે ક઼ાઈમુઝ્ઝમાં જાહેર થશે તો આઈશાને જીવંત કરીને તેણીના પર હદ (શિક્ષા) લાગુ કરશે અને તેણીથી હઝરત ફાતિમાનો બદલો લેશે." નબી કરીમ ﷺનાં પવિત્ર પત્ની તથા ઉમ્મુલ મો'મિનીન એટલે સર્વ મુસ્લિમોની માની આવી ગુસ્તાખી કરનાર શું ઈસ્લામનો તથા નબી ﷺનો દુશ્મન છે કે ચાહક છે ?!

## હઝરત મુઆવિયહ્‌નો ગુસ્તાખ જહન્નમી કૂતરો છે !

જેઓ શીઆઓની દેખાદેખી હઝરત અમીર મુઆવિયહ્‌ رضی اللہ عنہની બેઅદબી કરે છે અને ગમે તેમ બોલે છે તેઓ જાણી લો કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ રસૂલેપાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના સહાબી છે, આપે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે રહીને કાફિરો સાથે જંગો લડી છે, આપનો દરજો સહાબી હોવાને લઈને ઊંચો છે અને મુજાહિદે ઈસ્લામ હોવાને લઈને વધારે. ખિલાફતે ફારૂક઼ી અને ખિલાફતે ઉષ્માનીમાં આપે વીસ વર્ષો સુધી સીરિયામાં ગર્વનરી કરી અને ત્યાર પછી પણ આપ ગર્વનર રહ્યા. નવાસાએ નબી હઝરત ઈમામ હસન رضی اللہ عنہએ એમની સાથે સુલેહ કરીને એમના હાથ પર બયઅત કરી. અવસાન સુધીમાં હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ એ ૪૦ વર્ષો રાજ કર્યુ. હદીષના ઓલમાએ કોઈ પણ વિવાદ વગર એમની હદીષો નકલ કરી અને લીધી. આ બધું એ વાતની દલીલ છે કે અમીર મુઆવિયા رضی اللہ عنہ નો વિવાદ હઝરત અલી સાથે ઈજતેહાદ પર આધારિત હતો, એનાથી એમની અદાલત અને પરહેઝગારીમાં કોઈ ફરક આવતો નથી. અલ્લાહ તઆલાનું ફર્માન છે : وَكُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى અલ્લાહ તઆલાએ સર્વને ભલાઈનો વાયદો કર્યો. رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ અલ્લાહ એમનાથી ખુશ અને તેઓ એનાથી ખુશ.

**મુલ્લા અલી ક઼ારી મિશ્કાતની શરહમાં** ફર્માવે છે : હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક જેઓ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ના વિદ્યાર્થી છે એમને પૂછવામાં આવ્યું કે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہما અફઝલ છે કે પછી હઝરત મુઆવિયા رضی اللہ عنہ ? તો આપે ફર્માવ્યું, **હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે રહી જિહાદ કરવા સમયે અમીર મુઆવિયા رضی اللہ عنہના ઘોડાના નાકમાં જે ધૂળ ગઈ તે પણ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝથી વધીને છે.** *(અન્નાહિયા, પેજ–૧૬)*

**નસીમુર્રિયાઝ શરહે શિફા કાઝી ઈયાઝમાં છે** : જે વ્યક્તિ હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ની બુરાઈ કરે છે એ **જહન્નમી કૂતરાઓ પૈકી એક કૂતરો** છે. *(અહકામે શરીઅત, ભાગ–૧, પેજ–૧૦૩)*

**મિશ્કાત શરીફ**, પેજ–૧૧૨, બુખારી શરીફની હદીષ છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને પૂછવામાં આવ્યું કે અમીરુલ મુ'મિનીન ! હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ની બાબત તમે શું ફર્માવો છો, જ્યારે કે ફલાણા મસ્અલામાં એમણે આમ કર્યુ. આપે ફર્માવ્યું : اَصَابَ اِنَّهٗ فَقِيْهٌ એમણે બરાબર કર્યુ કારણ કે આપ ફક઼ીહ (દીનની સારી સમજ ધરાવનાર) છે.

**મિશ્કાતની શરહ મિર્ક઼ાત**, ભાગ–૨, પેજ–૧૬૦, હઝરત મુલ્લા અલી ક઼ારી ઉપરોક્ત વાતના ખુલાસામાં લખે છે કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ મુજતહિદ છે, એમને સવાબ મળ શે ભલે ભૂલ કરે. (એટલે કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم સાથે જે બે યુદ્ધ થયાં તેમાં હઝરત અલી હક્ક઼ પર હતા પરંતુ હઝરત અમીર મુઆવિયા મુજતહિદ છે અને મુજતહિદને દલીલે શરઈમાં મનન કરવાથી એમનાથી ભૂલ થાય તો પણ એમને સવાબ મળે છે.)

અન્નાહિયા, પેજ–૧૭, હઝરત અલ્લામા કસ્તલાનીએ બુખારીની શરહમાં હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ બાબત એ વર્ણન કર્યુ છે :– مُعَاوِيَةُ ذُوْ الْمَنَاقِبِ الْجُمَّةِ "હઝરત મુઆવિયા ઘણી જ ખૂબીઓના માલિક છે."

આ છે હઝરત અમીર મુઆવિયા ! رضی اللہ عنہ **અહલે સુન્નત વલ જમાઅતના મસ્લક પ્રમાણે**

**આપ ઉચ્ચતમ સહાબી છે, અને આપની બાબતે કાંઈ બોલવાની આપણને રજા નથી, બલ્કે બોલવું પોતાની આક઼ેબત ખરાબ કરવું છે, એટલે હઝરત અમીર મુઆવિયા માટે આપણે અહલે સુન્નતનો મસ્લક ભૂલી શીઆ લોકો જેવી નકામી વાત ન કરવી જોઈએ !**

**સવાલ** : ચાલો, માની લઈએ કે પોતાની હયાતીમાં ખલીફાને નિમણૂક કરવો અને પોતાના પુત્રને ખલીફા બનાવવો શરઈ કાયદાના આધારે નાજાઈઝ નથી એટલે વિરોધ ઉઠાવવાની આપણને રજા નથી, પણ ફાસિક઼ની બેઈજ્જતી વાજિબ છે એટલે એને ઈજ્જતનું પદ ન આપી શકાય, તો પછી ખિલાફતે કુબ્રા અને મુસલમાનોના અમીર માટે એવા વ્યક્તિને નિમણૂક કરવો નાજાઈઝ અને ગુનાહનું કામ છે. પછી ફાસિક઼ને એ પદ કેમ આપવામાં આવ્યું ?

**જવાબ** : યઝીદ ફાસિક઼ હતો અને એના ફાસિક઼ હોવા પર બેમત નથી પણ એ જ્યારથી ફાસિક઼ બન્યો ત્યારથી ફાસિક઼નો હુકમ લાગશે. ગુનાહોનાં કામો કર્યા વગર ફિસ્ક઼ અને બદ્‌માશીનો હુકમ ઈસ્લામી કાયદામાં લાગુ પડતો નથી. જેઓ યઝીદને પ્રથમથી ફાસિક઼ કહેવા માંગે છે તેમણે સશક્ત પુરાવા આપવા પડશે કે એ ખલીફાના પદ પર આવતાં પહેલાં જ ખરાબ માણસ હતો. **જ્યારે એ પોતાના પિતા હઝરત અમીર મુઆવિયાની હયાતીમાં સારો હતો, અને એણે ઈસ્લામ માટે ઘણા યુદ્ધો લડયાં**, તો હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہએ પોતાના પુત્રને લાયક સમજીને, શરીઅતનો પાબંદ સમજીને આ પગલુ ભર્યું હતું. જ્યારે **આપની હયાતીમાં એ ફાસિક઼ ન હતો** તો પછી હઝરત અમીર મુઆવિયહ પર એ બાબતની કોઈ શંકા યોગ્ય નથી. અને **સુન્ની સહીહુલ અક઼ીદા આ પ્રમાણેની શંકા ઉપસ્થિત કરી પણ નથી શક્તો.** શૈતાન કાફિર બનતા પહેલાં ફરિશ્તાઓનો ઉસ્તાદ હતો, એની ઘણી ઈજ્જત થતી હતી, એને ઘણુ મહાન પદ આપવામાં આવ્યું હતું, પણ જ્યારે એણે હઝરત આદમ علیہ السلام ની બેઈજ્જતી કરી અને અલ્લાહની આજ્ઞાનું પાલન ન કર્યું તો અલ્લાહ તઆલાએ એને ઈજ્જતની જગાએથી હટાવી દીધો. તો આ દાખલા પ્રમાણે યઝીદ જ્યારે સારો હતો ત્યારે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہએ એને ઈજ્જતનું પદ આપ્યું, આપના દુનિયાથી પર્દો કરી ગયા પછી એ ફાસિક઼ બની ગયો તો એ તે જમાનાના મુસલમાનોની જવાબદારી ઠરી જે યોગ્ય હોય તેના હાથો પર બયઅત કરવી જોઈએ અને તેવા વ્યક્તિને ભરપૂર સહકાર આપવો જોઈએ. સારાંશ એ કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ પર યઝીદના ફાસિક઼ હોવાનું જાણતા હોવાની શંકા પણ તદ્દન ખોટી છે. એ ભવિષ્યની વાત હતી, એમની હયાતીની નહીં.

## સહાબાએ કિરામથી શીઆઓની નફરત

આ લખાણ ખૂદ એક **શીઆ આલિમ સૈયદ હુસૈન મૂસવી નજફી**ની કિતાબનું છે જેણે હક઼્ની તલાશમાં શીઆઓના અક઼ીદાઓથી બેઝારી જાહેર કરી અને તેને રદીયો આપતાં ખૂદ એક કિતાબ લખી જેનું અરબી નામ છે : **કશ્ફુલ અસ્રાર વ તિબરઅતિલ્ અઈમ્મતિલ્ અત્હાર** જેનો અનુવાદ **અબૂ કુલ્સૂમ હિંદી** નામના શખ્સે કર્યો જે **ઈમામ જાઅફર સાદિક એકેડેમી–લખનૌ**થી પ્રસિદ્ધ થઈ. હવે તેમાંની વિગતો તેમના જ શબ્દોમાં રજૂ થશે.

"અહલે સુન્નતથી શીઆઓની નફરત ન કોઈ આજની પેદાવાર છે અને ન આજના અહલે સુન્નત સાથે ખાસ છે બલ્કે એની જડો ખૂબ જ ઊંડી છે જેનો ક્રમ પ્રથમ યુગ સુધી જઈને મળે છે. જી હા ! અહલે સુન્નતના વર્તુળમાં અબૂઝર, મિક઼દાદ અને સલમાન ફારસી (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) સિવાય સર્વ સહાબીઓ આવી જશે જેમનાથી શીઆઓને નફરત છે. જેમ કે કલીની, અબૂ જઅફર رضی اللہ عنہના હવાલાથી નક઼્લ કરે છે :

"નબી કરીમ صلی اللہ علیہ وسلمના ઈન્તેક઼ાલ બાદ મિક઼દાદ ઈબ્ને અસ્વદ, સલમાન ફારસી તથા અબૂઝર ગફફારી

(رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن) સિવાય **સર્વ સહાબીઓ મુર્તદ થઈ ગયા હતા.''** *(રૌઝતુલ કાફી, ૨૪૬/૮)*

સુન્નીઓ ! વિચારો ! જો આપણે યહૂદીઓને પૂછીએ કે તમારી મિલ્લતમાં અફઝલતરીન (શ્રેષ્ઠ) લોકો કોણ છે ? તો એ જ જવાબ આપશે કે મૂસા (علیہ السلام)ના અસ્હાબ એટલે સાથીઓ.

જો આપણે નસારા (ઈસાઈઓ)ને પૂછીએ કે તમારી ઉમ્મતમાં અફઝલતરીન કોણ છે ? તો યક઼ીનન ! જવાબ હશે કે ઈસા (علیہ السلام)ના હવારીઓ એટલે સાથીઓ. (આ કેટલી મહાન ગુસ્તાખી છે)

જો આપણે શીઆઓને પૂછીએ કે તમારા અક઼ીદા તથા તમારી માન્યતા હેઠળ **બદતરીન લોકો કોણ છે ?** તો એ જ જવાબ મળશે કે **મુહમ્મદ (صلی اللہ علیہ وسلم)ના સાથીઓ !**

હઝરત અબૂબક્ર, ઉમર તથા ઉષ્માન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن ત્રણેવની **ખિલાફતના મુન્કિર** એવા આ શીઆઓના અપશબ્દો તથા ટીકા ટીપ્પણનું સૌથી વિશેષ કોઈ નિશાન બનેલ છે તો તે મુહમ્મદ (صلی اللہ علیہ وسلم)ના સાથીઓ અને એમાં પણ ખાસ કરીને અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માન અને નબી صلی اللہ علیہ وسلمની પવિત્ર બીવીઓ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا તથા હઝરત હફસા رضی اللہ عنہا છે.

એટલા માટે એમની કિતાબોમાં એક દુઆ મળે છે જેમાં કુરૈશના બે બુતોના સંબંધે કહેવામાં આવ્યું છે કે, હે અલ્લાહ ! કુરૈશના બંને સનમ–બુત અને તાગૂત (શૈતાન)ની **બંને તાક઼તો (એટલે અબૂબક્ર તથા ઉમર) પર લઅનત ફર્માવ !**........(છેવટ સુધી) આ દુઆ મોઅતબર કિતાબોમાં સ્પષ્ટપણે વર્ણન થયેલી છે. ઈમામ ખોમૈની (જેની તારીફ પ્રો. તાહિરુલ ક઼ાદરીએ કરી છે !)નો નિયમ હતો કે દરરોજ સવારની નમાઝ બાદ આ દુઆ પઢતા.

એમની એક કિતાબમાં છે : ''હમ્ઝા ઈબ્ને મુહમ્મદ તય્યાર બયાન કરે છે કે અમે અબૂ અબ્દુલ્લાહ (رضی اللہ عنہ)ની મજલિસમાં મુહમ્મદ ઈબ્ને અબૂબક્રનો ઉલ્લેખ કર્યો તો તેમણે ફર્માવ્યું, અલ્લાહ તઆલા એમના પર રહમ કરે, અને પોતાની રહમતો નાઝિલ કરે, એકવાર મુહમ્મદ ઈબ્ને અબૂબક્રએ હઝરત અલી (رضی اللہ عنہ)ને કહ્યું, તમારો હાથ વધારો કે હું બયઅત કરું ! આપે પૂછયું, શું તમે હજી સુધી બયઅત નથી કરી ? તેમણે જવાબ આપ્યો, કેમ નહીં ?! હું તો બયઅત કરી ચૂક્યો. અને પછી તેમણે પોતાનો હાથ ધરી આપ્યો અને (હઝરત અલીને) કહ્યું, હું ગવાહી આપુ છું કે આપ ઈમામ છો અને આપની ફર્માંબરદારી ફર્ઝ છે અને મારા પિતા **(અબૂબક્ર)નું ઠેકાણુ જહન્નમ છે.** *(રિજાલુલ કશી, પેજ–૬૧)*

એક જગાએ લખે છે : શોએબ, અબૂ અબ્દુલ્લાહથી નક઼્લ કરે છે કે દરેક ખાનદાનમાં કોઈ ન કોઈ શરીફ જરૂર હોય છે, અને **બુરા ખાનદાનમાં પેદા થનાર શરીફતરીન શખ્સનું એક ઉચ્ચ દૃષ્ટાંત મુહમ્મદ ઈબ્ને અબૂબક્ર (અબૂબક્રના પુત્ર મુહમ્મદ) છે.** *(અલ કશી, પેજ–૬૧)*

હઝરત ઉમર رضی اللہ عنہની તૌહીનમાં લખે છે : ''અને જો વાત કરીએ હઝરત ઉમરની તો સૈયદ નેઅમતુલ્લાહ જઝાઈરી તેમના બારામાં ત્યાં સુધી કહે છે : ''ઉમરની પાછલી શર્મગાહમાં એક બીમારી હતી જેની તકલીફથી એમને ત્યારે જ સુકૂન મળતુ જ્યારે મર્દનું પાણી એના પર નાખવામાં આવતું.'' *(અલ અન્વારુન્નુઅમાનિયા, પેજ–૬૩)*

આ તદન જૂઠો આક્ષેપ અને અતિ ગંદી તૌહીન હઝરત ઉમર رضی اللہ عنہની શાનમાં છે. અસ્તગફિરુલ્લાહ !

## હઝરત ઉમર رضی اللہ عنہનો ક઼ાતિલ શીઆઓનો હીરો !

ઈરાનના શહેર કાશાનમાં ''બાગ઼ી ફૈન'' નામનો એક વિસ્તાર છે જ્યાં એક અન્જાન ફોજીની ક઼બર છે જેના બારામાં લોકોનો વહેમ છે કે હઝરત ઉમરના ક઼ાતિલ અબૂ લૂઅ્ લૂઅ્ ફીરોઝ ફારસી મજૂસીની ક઼બર છે. એના પર એક લખાણ લખ્યું છે જેનો ભાવાર્થ :

''બાબે શુજાઉદ્દીનની આરામગાહ'' બાબે શુજાઉદ્દીન એક લક્બ છે જે શીઆઓએ હઝરત ઉમરને કત્લ કરવાના બદલામાં અબૂ લુઅ્ લુઅ્ને અતા કર્યો. એ આસ્તાનાની દીવાલો પર ફારસીમાં ''મર્ગ બર અબૂબકર ! મર્ગ બર ઉમર ! મર્ગ બર ઉષ્માન !'' લખ્યું છે, જેનો મતલબ છે : અબૂબક્ર મુર્દાબાદ ! ઉમર મુર્દાબાદ ! ઉષ્માન મુર્દાબાદ ! (મઆઝલ્લાહ !)

આ મઝાર ઈરાનીઓની ઝિયારતગાહ છે જ્યાં આગળ રૂપિયા પૈસાના ઢગલા વળે છે અને નઝરાણા ચઢાવવામાં આવે છે. એ મઝાર પર હું (મૂળ લેખક) પણ ગયો છું અને સર્વ હાલ પોતાની આંખો વડે જોઈને આવ્યો છું ! ઈરાનના પ્રચાર તથા પ્રસાર મંત્રાલયે તેની વિશાળતા તથા નવીનકરણમાં ઘણી દિલચસ્પી બતાવી અને પત્રો વગેરે માટે એક પોસ્ટકાર્ડ પણ બહાર પાડયો જેના પર આ મઝારનો ફોટો છે !

કલીની, અબૂ જઅફરથી રિવાયત કરે છે : ''**શયખૈન** (અબૂબક્ર તથા ઉમર) દુનિયાથી એ હાલમાં ગયા કે ન તેમણે તૌબા કરી અને ન અમીરુલ મોમિનીન (હઝરત અલી) સાથે જે સુલૂક કર્યો હતો તેના પર પોતાની શર્મિંદગી જાહેર કરી. તો **એમના પર લઅનત થાય ખુદાની, ફરિશ્તાઓની અને સર્વ માનવોની !** *(રૌઝતુલ કાફી, ૮/૨૪૬)* મઆઝલ્લાહ ! કેટલો જૂઠો ગંદો આક્ષેપ ! અને તેમના પર લઅનત ! તૌબા તૌબા ! આ કેવો જુલ્મ છે ?!

હઝરત ઉષ્માન ગની (رضی اللہ عنہ)ના બારામાં અલી ઈબ્ને યૂનુસ બયાઝી કહે છે : ''ઉષ્માન એક **મસ્ખરા** (ઠઠ્ઠા કરનાર–જોકર) હતા અને તે **હિજડા** હતા !'' *(અસ્સિરાતલ મુસ્તકીમ, ૨/૩૦)* અલ્લાહની પનાહ ! કેટલી બેબાકી અને કેટલા મહાન સહાબીની બારગાહમાં ?! હુઝૂર ﷺએ પોતાની બે સાહબઝાદીઓ વારાફરતી જેમની સાથે પરણાવી તેમની આ તૌહીન ?!!

હઝરત આઈશા (رضی اللہ عنہا)ના બારામાં ઈબ્ને રજબ બરસીનું કહેવું છે : ''હઝરત આઈશાએ **ચોરીથી ચાલીસ દીનાર એકઠા કરી લીધા હતા !''** *(મશારિકુલ અન્વારિલ યકીન, પેજ–૮૬)*

પછી લેખક કહે છે : હું પૂછુ છું કે જો ત્રણેવ ખલીફાઓનો આવો જ કિરદાર હતો તો પછી અમીરુલ મોમિનીન હઝરત અલી رضی اللہ عنہએ એમના હાથ બયઅત શા માટે કરી હતી ?! અને એ ત્રણેવની ખિલાફતમાં હઝરત અલી رضی اللہ عنہ તેમના વઝીર શા માટે રહ્યા ?! શું એટલા માટે કે આપ એમનાથી ડરતા હતા ? મઆઝલ્લાહ !

અને જો એ માની લેવામાં આવે કે બીજા ખલીફા હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہની પાછલી શર્મગાહમાં બીમારી હતી જેની તકલીફથી રાહત કોઈ મર્દના પાણીથી મળતી હતી, જેમ કે સૈયદ જઝાઈરીનું માનવું છે, તો સવાલ એ ઉઠે છે કે એવા શખ્સ સાથે હઝરત અલી رضی اللہ عنہએ પોતાની પુત્રી ઉમ્મે કુલ્ષૂમની શાદી કેમ કરાવી ? શું હઝરત ઉમર رضی اللہ عنہની આ બીમારીની જાણ તેમને ન થઈ શકી ? અને સૈયદ જઝાઈરીને જાણ થઈ ગઈ ?! વાત એટલી ઉઘાડી છે કે સમજવા માટે કોઈ મહેનતની જરૂરત નથી કે આ સૌ જૂઠા આક્ષેપો તે નબી ﷺના પ્યારા સાથી સહાબીઓ પર છે. (અલ્લાહની પનાહ !) *(હવાલો : કશ્ફુલ અસ્રારના ઉર્દૂ અનુવાદમાંથી)*

રસૂલે પાક ﷺની હદીષોમાં તો છે કે, **''મારા સહાબીઓ તારાઓની જેમ છે જેની પણ પયરવી કરશો નજાત પામશો.''** તથા હઝરત અબૂબક્ર رضی اللہ عنہ તથા હઝરત ઉમર رضی اللہ عنہની શાનમાં કેટલીયે હદીષો આવેલી છે. ફર્માવ્યું : ''મેં સર્વ લોકોના એહસાનનો બદલો ચૂકવી આપ્યો પણ **હઝરત અબૂબક્રના એહસાનનો બદલો અલ્લાહ આપશે.''** અને ફર્માવ્યું : **'' મારા બાદ જો કોઈ નબી હોત તો તે ઉમર હોત !''** તેમજ **આ ત્રણેવ ખલીફાઓને દુનિયામાં જ જન્નતી હોવાની બશારત રસૂલુલ્લાહ ﷺએ આપી.** તેમની શાનમાં આ ગુસ્તાખીઓ ! અલ્લાહની પનાહ ! બસ ! સુન્નીઓ ! સવાધાન રહો અને તમારા અકીદાને સલામત રાખો !

## ઈસ્લામ ધર્મ વિરુદ્ધ અશિષ્ટ-અભદ્ર લેખ લખવા બદલ લેખક હેમેન ભટ્ટ સામે નોંધાઈ ફરિયાદ

**રાજકોટ** : ખાતેથી પ્રસિદ્ધ થતા જૂના અને પ્રતિષ્ઠિત એવા અખબાર ''ફૂલછાબ'' દૈનિકના તા. ૨૭–૮–૨૦૧૫ની ધર્મભૂમિ પૂર્તિમાં ''મક્કામાં બિરાજતા મક્કેશ્વર મહાદેવ'' ટાઈટલ હેઠળ છપાયેલા લેખના લેખક હેમેન ભટ્ટ દ્વારા ઈસ્લામ ધર્મ વિશે અત્યંત અભદ્ર ભાષાનું પ્રયોજન કરાતાં તે સામે લેખક વિરુદ્ધ ઠેર ઠેરથી રોષપૂર્ણ પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. ઉપરાંત પોલીસ ફરિયાદો પણ નોંધાઈ રહી છે. આ લેખમાં ઈસ્લામના મહાન પયગંબર (ﷺ) વિશે આવું ધૃણાસ્પદ આંકલન થયું છે કે, ''મુહમ્મદ પયગંબરે ધન અને વાસનાના પૂજારી હોય એવા ગૃપનું નેતૃત્વ કર્યું હતું અને જબરદસ્ત નરસંહાર પણ કર્યો હતો.....'' અહીં લેખકે દ્વેષપૂર્ણ રીતે પયગંબર સાહબના જાંનિષારો (સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن)ને ધન અને વાસનાના પૂજારી ગણ્યા છે. ઉપરાંત લેખમાં ઈસ્લામ ધર્મ, મક્કા વિશે પણ વિપરિત લખ્યું છે.

આ અંગે જેમ જેમ તેની ચર્ચાઓ વધતી રહી છે તેમ તેમ સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાતના મુસ્લિમોમાં રોષની લાગણી પ્રવર્તિ રહી છે. લેખક હેમેન ભટ્ટ વિરુદ્ધ કડક કાયદાકિય કાર્યવાહી કરવામાં આવે તેવી લોક લાગણી ઉઠી રહી છે.

આ બાબતે વાંકાનેર ખાતે મુસ્લિમ અગ્રણી ઈરફાન પીરઝાદા, એડવોકેટ શકીલ પીરઝાદા, એડવોકેટ સરફરાઝ પરાસરા, યાકૂબભાઈ બાદીને સાથે રાખી હુસૈનભાઈ બાદી (ગેલકસી બેંક) દ્વારા વાંકાનેર સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધવામાં આવી છે. તા. ૩૦–૮–૨૦૧૫ની ફરિયાદમાં લેખક હેમેન ભટ્ટ તથા પોલીસ તપાસમાં સામે આવતા અન્ય મળતીયાઓ વિરુદ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ : ૧૫૩–ક, ૧૫૩–ઙ, ૨૯૫–ક તથા કલમ ૨૯૮ મુજબ કલમો લગાડાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હેમેન ભટ્ટ વિરુદ્ધ સૌરાષ્ટ્રના વિવિધ શહેરોમાંથી પણ પોલીસ ફરિયાદો નોંધાવવાની તજવીજ ચાલી રહી છે. લેખક વિરુદ્ધ લોકોમાં રોષની લાગણીનો વ્યાપ વધી રહેલો જોવા મળી રહ્યો છે. શુક્રવાર તા. ૨૮–૮–૨૦૧૫ના રોજ રાજકોટમાં એના વિરોધમાં રેલી કાઢી તથા પોરબંદરમાં સ્થાનિક કલેકટરને આવેદન પત્ર પણ આપવામાં આવ્યું હતું, એવા સમાચાર મળ્યા છે.

## જૂનાગઢમાં ઉર્સે અમીરે અહલે સુન્નત

**જૂનાગઢ** : ખાનક઼ાહે રઝવિય્યહ્ નૂરિય્યહ્ તરફથી તા. ૧૦–૮–૨૦૧૫, સોમવારે સૌરાષ્ટ્રના મશ્હૂર બુઝુર્ગ અમીરે અહલે સુન્નત ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા પીર નૂર મુહમ્મદ બાપુ મારફાની رحمۃ اللہ علیہના ૧૭મા વાર્ષિક ઉર્સ શરીફનું શાનદાર આયોજન મસ્જિદે રઝા તથા આસ્તાના શરીફ ઉપર શાનો શૌકતથી કરવામાં આવેલ જેમાં મગરિબની નમાઝ બાદ મસ્જિદે રઝાથી એક શાનદાર જુલૂસ ગુલ ગુલઝારે રઝવિય્યત પીરે તરીક઼ત હઝરત અલ્લામા ગુલઝાર અહમદ નૂરીબાબા સાહબ તથા અન્ય ઉલમાએ કિરામ અને સાદાતે કિરામની રહબરીમાં નીકળી હઝરત પીર સાહબના આસ્તાના ઉપર સંદલ શરીફ તથા ચાદરપોશી, શજરા શરીફ, સલાતો સલામ બાદ હઝરત ગુલઝાર બાપુ નૂરીબાબાએ તેમના વજદ આફરીન અંદાજમાં દેશની અમનો શાંતિ તથા હાજર રહેલા મુરીદો તથા અક઼ીદતમંદો માટે દુઆ કરી હતી.

## સુન્ની દા'વતે ઈસ્લામીની ગતિવિધિઓ

## દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદથી

### દર જુમેરાતે વિવિધ સ્થળે કાફલાનું આયોજન

દર જુમેરાતે તલબા અસાતેઝા સાથે આમોદ શહેરમાં તેમજ વિવિધ ગામોમાં ''સુન્ની દા'વતે ઈસ્લામી''ના તર્બિયતી કાફલા લઈને જાય છે. મહિનાભરમાં પહાજ, પુરસા, પખાજણ, આમોદ ખાતે જુમ્આ મસ્જિદ, પુરસા નગરી, ચિશ્તિયા મસ્જિદ વગેરે એરીયામાં ગશ્ત કરી દાવત આપી મસ્જિદમાં ઈજતેમા યોજાયા હતા. તેમજ દર અઠવાડિયે અંજુમનમાં નઅત, બયાન તથા મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) થકી ''દર્સે તસવ્વુફ'' મહિનામાં એકવાર તલબામાં રાખી રૂહાની તર્બિયત કરવામાં આવે છે.

- ❑ **ભરૂચ** : હુસૈની મસ્જિદ-નેશનલ પાર્ક, પીર છત્તર મસ્જિદ, બહારની ઊંડાઈ, લાલ બજાર મસ્જિદે મોઈનુલ ઈસ્લામ, સીદીમિયાં મસ્જિદ વગેરે જગાએ હપ્તાવારી ઈજતેમા સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો થકી થયા તથા ફયઝાને રઝા ઈબાદતગાહ પર ડેઈલી અસર બાદ દર્સ થયો.
- ❑ **પાલેજ** : ખાતે ઈમરાનભાઈ, યૂસુફભાઈ, અઝહર પારખેતી તથા સાથી મુબલ્લિગો થકી પારખેત, હિંગલ્લા, અઝીમ નગર મસ્જિદ-રહાડપોર, પગુથણ, કીયા, સાયર, લુવારા...વગેરે ગામોએ અસર બાદ દર્સ પછી ગામમાં ગશ્ત અને મગરિબ બાદ ઈજતેમા વીકલી થયા જેમાં નમાઝ તથા કુર્બાનીના મસાઈલ ફઝાઈલ તથા અન્ય દીની તર્બિયત કરવામાં આવી.
- ❑ **દયાદરા** : ખાતે દર રવિવારે અસર બાદ હપ્તાવારી તર્બિયતી ઈજતેમા થયો જેમાં મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી સાહબે કુર્બાનીના ફઝાઈલ મસાઈલ, તથા ઝીલ હજ્જના દસ દિવસની ફઝીલત તથા સીરતે ઈબ્રાહીમી પર બોધદાયક હદીષો તથા અક્વાલ પેશ કરી અમલની દા'વત આપી હતી. રોજ અસર બાદ ''બરકાતે શરીઅત''માંથી દર્સ આપવામાં આવ્યો.
- ❑ **જંબુસર** : ખાતે મૌલાના ઈબ્રાહીમ સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) તથા સાથીઓ થકી તેમજ મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી થકી દર્સ, હપ્તાવારી ઈજતેમા વિવિધ મસ્જિદોમાં થયા તેમજ સુન્ની દા'વતે ઈસ્લામીના તર્બિયતી કાફલા ટંકારીબંદર, પાદરા, ઓરા, વડુ વગેરે સ્થળોએ પહોંચ્યા હતા.
- ❑ **કોસંબા** : ખાતે ગુલશને રબ્બાની ઈબાદતગાહ ખાતે સુન્ની દા'વતે ઈસ્લામીના દર શનિવારના હપ્તાવારી ઈજતેમામાં તા. ૨૯-૦૮-૨૦૧૫ના મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) સાહબે દીન માટે કુર્બાનીના પૂર્વજ બુઝુર્ગોનાં દ્રષ્ટાંતો આપી તર્બિયત કરી હતી. તા. ૧૨-૦૯-૨૦૧૫ના રોજ ઝોહર બાદ ઔરતોની ઈસ્લાહ માટે અસર સુધી સુન્ની ઈજતેમામાં પણ એમનું બયાન થયું. તેમજ દરરોજ મગરિબથી ઈશા સુધીમાં ચોક દર્સ મકબૂલભાઈ (મુબલ્લિગ સુન્ની દા'વતે ઈસ્લામી) તથા સાથીઓ થકી થયા હતા. નૂરી મસ્જિદ તથા મોહસિના મસ્જિદમાં ૨૯-૦૯-૨૦૧૫ના રોજ મગરિબ બાદ ઈજતેમા થયા હતા.

**સાધલી** : મુકામે તા. ૦૫-૧૦-૨૦૧૫ સોમવારે ઈશા બાદ ''જશ્ને સૈયદ નૂરાની''ના મોકા પર હઝરત સૈયદ મુહમ્મદતાહિરબાવા પેટલાદીની સદારતમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો અઝીમુશ્શાન ઈજતેમા થશે જેમાં ખતીબે ઝીશાન **હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી-માલેગાંવ) ઈમાન અફરોઝ બયાન ફર્માવશે.

**ઈન્તેકાલ પુરમલાલ** **બોલ્ટન** : ખાતેથી હજ્જ માટે ગયેલ જનાબ અખ્તરભાઈ રોકડ નબીપુરવાળા તા. ૭–૯–૨૦૧૫ના રોજ મદીના શરીફમાં ઈન્તેકાલ કરી ગયા. **લંડન** : ખાતે જનાબ ઈસ્માઈલ હવેલીવાલાના માસી ફાતિમાબેનનો ઈન્તેકાલ તા. ૧૦–૯–૨૦૧૫ના રોજ થયો છે.

**દયાદરા** : ખાતે મોહસિન ઉમરજી મશીનવાળાનો તા. ૦૫–૦૭–૨૦૧૫ના રોજ શનિવાર ૨૦ ઝીકઅદા હિ.સ. ૧૪૩૬ના ઈન્તેકાલ થયો છે. રોડ અકસ્માતમાં ઝખ્મી થવાથી મર્હૂમ કોમામાં જતા રહેલા પાંચ છ દિવસ બાદ યુવાનના ઈન્તેકાલથી દયાદરા પંથકમાં ગમગીન છવાઈ ગઈ હતી. રબ્બે કરીમ મર્હૂમની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, ઘરવાળાઓને સબ્રે જમીલ આપે.

**સૂરત** : ખાતે જનાબ મુફતી સરફરાઝ યાકૂબ ઘંટીવાળા અશરફી દયાદરવીનાં અહલિયા શબાના આપા તા. ૧૭–૦૮–૨૦૧૫, ૧–ઝીકઅદા હિ.સ. ૧૪૩૬ સોમવારના રોજ ઈન્તેકાલ કરી ગયાં. એના બે દિવસ અગાઉ પુત્ર જન્મ થયો હતો તેનો પણ ઈન્તેકાલ થયો હતો.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–(દયાદરા)*

**દયાદરા** : તા. ૦૬–૧૦–૨૦૧૫ મંગળવારે **ઝહોરથી અસર સુધીમાં** મદ્‌રસા મઝાહેરુલ ઉલૂમના હોલમાં **બહેનો માટે** તર્બિયતી ઈજતેમા થશે. શરૂમાં આલિમા બહેનો પછી પર્દા હેઠળથી હાફિઝ અ.રહીમ બરકાતી તર્બિયત ફર્માવશે. છેવટે **હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) ઈન્કિલાબી બયાન કરશે પછી **મર્દો માટે** મુખ્તારુલ મસાજિદ નૂરાની મસ્જિદમાં **અસરથી ઈશા** સુધી ઈજતેમા થશે. અને **ઈશા બાદ સંતોષી વસાહત સબજેલ પાસે, ભરૂચ** ખાતે સૈયદ સાહબનું શાનદાર બયાન થશે.


## કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**આયોજિત જમવા રહેવા સાથે ૩ X ૨ લકઝરી બસ દ્વારા**

## સ્પે. સિમલા, કુલુ મનાલી, મસૂરી પ્રવાસ

**પ્રવાસના સ્થળો** : ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, જયપુર, ફતેપુરસિક્રી, આગ્રા, સિમલા, કુલ્લુ, મનાલી, કલીયર શરીફ, હરિદ્વાર, મસૂરી, બરેલી, દેવાશરીફ, લખનૌ, દિલ્લી, અજમેર, મીરાંદાતાર પરત ધોળકા

**:: બસ ઉપડશે ::** તા ૧૧/૧૧/૨૦૧૫, બુધવારે રાત્રે : ૧૦.૦૦ વાગ્યે.

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૯,૫૦૧/– | રૂા. ૫,૦૦૧/– | ૧૬ |

**બસ ઉપડવાનું સ્થળ** : તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, **ધોળકા** (જિ. અમદાવાદ)

**આયોજક** : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૦૯૨૪૫૧૨૨

LTC પ્રવાસ | Bank A/c. No. 32996143540 SBI (Dholka Branch) | LTC પ્રવાસ

**નોંધ** : **૧.** રૂા. ૩૦૦૧/– ભરી મનગમતી સીટ બુક કરાવી શકાશે. **૨.** રૂા. ૧૫૦/– ગાઈડ ફી તથા યાત્રીવેરો વિગેરે યાત્રિકોએ અલગથી આપવાનો રહેશે. **૩.** મનાલીથી રોહતાંગ અને હરિદ્વારથી મસુરી સ્વખર્ચે જવાનું રહેશે. **૪.** રોહતાંગ અને મસુરી પ્રવાસ દરમ્યાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનું રહેશે. **૫.** તા. ૨૭–૧૧–૨૦૧૫ના રોજ સવારે ચા તેમજ જમવાનું સ્વખર્ચે રહેશે. **૬.** એલ.ટી.સી. મળશે. એલ.ટી.સી. મેળવનારે રૂા. ૭૫૦/– અલગથી ભરવાના રહેશે.